RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૩ કારતક સુદ - ૧૦ ગુરૂવાર, તા.૧૯-૧૧-૨૦૨૬ અંક : ૨૬૭ વર્ષ : ૨૧ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

UPI પેમેન્ટ પર MDR ચાર્જનો નિર્ણય ૨૦૨૭ સુધી ટળવાની શક્યતા

રૂ.૨,૦૦૦થી વધુના ટ્રાન્ઝેક્શન પર 0.4% MDRની દરખાસ્ત; પેટ્રોલ પંપથી લઈને રેલવે ટિકિટ અને બિલ પેમેન્ટ સુધી પાંચ કેટેગરીને માત્ર રૂ.પનો ફ્લેટ ચાર્જ, ગ્રાહકો પર નહીં પડે વધારાનો બોજ

નવીદિલ્હી, UPI પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ લાગુ કરવાનો નિર્ણય ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીઓ પછી સુધી ટળી શકે છે. આ દરખાસ્ત હેઠળ રૂ.૨,૦૦૦થી વધુના UPI ટ્રાન્ઝેક્શન પર 0.4% MDR ચાર્જ લગાવવાની યોજના છે. સામાન્ય યુઝર્સ દ્વારા એકબીજાને પૈસા મોકલવા (P2P) અથવા નાના ડિજિટલ પેમેન્ટ પર કોઈ વધારાનો ચાર્જ લાગશે નહી.

મહત્વનું છે કે કેન્દ્ર સરકારે ૨,૦૦૦ રૂપિયાથી વધુના UPI ટ્રાન્ઝેક્શન પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ) ચાર્જ લાગુ કરવાના નિર્ણયમાં છેલ્લી ઘડીએ ફેરફાર કર્યો હતો. ૧૫ ઓક્ટોબરથી આ ચાર્જ લાગુ થવાનો હતો, પરંતુ પસંદગીના UPI ટ્રાન્ઝેક્શન માટે તેનો અમલ દિવાળી પછી સુધી મુલતવી રાખવામાં આવ્યો હતો. પહેલા એવી ચર્ચા હતી કે દિવાળી બાદ UPI ટ્રાન્ઝેક્શન પર MDR ચાર્જ લાગુ થઈ જશે. પરંતુ મનીકંટ્રોલના રિપોર્ટમાં કરવામાં



આવેલા દાવા મુજબ હવે આવનાર નવા વર્ષ ૨૦૨૭ અમલવારી થશે.

નિર્ધારિત પાંચ કેટેગરીમાં રૂ.૨,૦૦૧ કે તેથી વધુ ગમે તેટલું મોટું પેમેન્ટ કરવામાં આવે તો પણ MDR પ્રતિ ટ્રાન્ઝેક્શન માત્ર રૂ.૫ જ રહેશે. ઓછા માર્જિનવાળા સેક્ટર્સને રાહત: આ નિર્ણય ખાસ કરીને એવા ક્ષેત્રો માટે અત્યંત ફાયદાકારક સાબિત થશે જ્યાં વ્યવહારોનું મૂલ્ય ઘણું ઊંચું હોય છે પરંતુ નફાનું માર્જિન ઓછું હોય છે.જેમકે સામાન્ય નિયમ મુજબ ૧૦,૦૦૦ના UPI પેમેન્ટ પર ૦.૪% લેખે વેપારીએ રૂ.૪૦નો MDR ચૂકવવો પડે, પરંતુ ફ્લેટ-રેટ મોડેલમાં સામેલ સેક્ટર્સને ૧૦,૦૦૦ના પેમેન્ટ સામે માત્ર રૂ.પનો જ MDR ચૂકવવો પડશે. પેટ્રોલ પંપ પર ૨,૦૦૦થી વધુના UPI પેમેન્ટ માટે ૦.૪% ના બદલે ફ્લેટ રૂ.૫ સ્લ્હઈ લાગુ થશે. પેટ્રોલ-ડીઝલના વેચાણ પર માર્જિન મર્યાદિત હોવાથી રિટેલ વિક્રેતાઓ માટે ડિજિટલ પેમેન્ટને પરવડે તેવું રાખવા આ રાહત આપવામાં આવી છે.ટ્રેન ટિકિટ ખરીદવા માટે કરવામાં આવતા રૂ.૨,૦૦૦થી વધુના વ્યવહારો પર પણ ફ્લેટ રૂ.5 MDR લેવાશે.

ડોનાલ્ડ ટ્રમ્પ, શી જિનપિંગ અને પુતિનની આજે બેઠક

શેનઝેન, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આજે પહેલીવાર એકસાથે બેઠક કરશે. આ ત્રિપક્ષીય બેઠક ચીનના શેનઝેનમાં યોજાઈ રહેલી એશિયા-પેસિફિક આર્થિક સહયોગ સમિટ દરમિયાન થશે. બેઠકમાં ઈરાન યુદ્ધ, યુક્રેન યુદ્ધ સહિતના ૫ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થશે. આ પહેલાં બુધવારે ત્રણેય નેતાઓ APEC સમિટના સ્વાગત સમારંભમાં પણ એકસાથે જોવા મળ્યા હતા. આ બેઠકની તુલના ૧૯૪૫ના યાલ્ટા સંમેલન સાથે કરવામાં આવી રહી છે. આશરે ૮૦ વર્ષ પહેલાં અમેરિકાના રાષ્ટ્રપતિ ફ્રેન્કલિન રૂઝવેલ્ટ, બ્રિટનના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલ અને સોવિયેત નેતા જોસેફ સ્ટાલિન ક્રિમિયાના યાલ્ટામાં મળ્યા હતા. ત્યારે દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ યુરોપની વ્યવસ્થા અને જર્મનીના ભવિષ્ય અંગે નિર્ણયો લેવાયા હતા. હવે પહેલીવાર આજના સમયની ત્રણ મહાસત્તાઓ અમેરિકા, ચીન અને રશિયાના વર્તમાન નેતાઓ એકસાથે બેઠક કરશે.રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે રશિયા એશિયા-પ્રશાંત ક્ષેત્રનો મહત્વપૂર્ણ ભાગ છે. તે આ વિસ્તારના દેશો સાથે મળીને કામ કરવા માંગે છે. ચીનના શેનઝેનમાં APEC શિખર સંમેલનમાં બોલતા પુતિને કહ્યું કે રશિયા આ ક્ષેત્રના વિકાસમાં પણ યોગદાન આપી રહ્યું છે.

પંજાબના સીએમ ભગવંત માને કરતારપુર સાહિબના દર્શન કરવા માટે પાકિસ્તાન જવાની માગી મંજૂરી

ગુરુ નાનક દેવના ૫૫૭મા પ્રકાશ પર્વે ૨૪ નવેમ્બરે દર્શન કરવાની ઈચ્છા; કરતારપુર કોરિડોર ખોલવા પીએમ મોદીને પણ કરી ચૂક્યા છે અપીલ

ચંદીગઢ, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ભારત સરકાર પાસે પાકિસ્તાન જવાની મંજૂરી માંગી છે. તેમણે પાકિસ્તાન સ્થિત ગુરુદ્વારા દરબાર સાહિબ શ્રી કરતારપુર સાહિબની મુલાકાત લેવા માંગે છે. મુખ્યમંત્રી ભગવંત માન ગુરુ નાનક દેવજીના ૫૫૭મા પ્રકાશ પર્વ નિમિત્તે ૨૪ નવેમ્બર ૨૦૨૬ ના રોજ કરતારપુર સાહિબની મુલાકાત લેવા ઈચ્છે છે. જો કે, વિદેશ મંત્રાલય દ્વારા પરવાનગી માટે તેમની વિનંતી પર શું નિર્ણય લેવામાં આવ્યો છે તેની માહિતી હજુ મળી નથી.

આ ઉપરાંત ભારત અને પાકિસ્તાન વચ્ચેનો કરતારપુર કોરિડોર ૭ મે ૨૦૨૫ થી બંધ છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી સીએમ ભગવંત માન પીએમ મોદીને પ્રકાશ પર્વના અવસર પર કોરિડોર ખોલવા માટે અપીલ કરી રહ્યા છે.

જેમાં જમ્મુ કાશ્મીરમાં પહલગામ આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર બાદ કરતારપુર કોરિડોર ૭ મે ૨૦૨૫ થી બંધ છે.

૨૦૬ કરોડ રૂપિયાના બોગસ ડોનેશન કૌભાંડમાં ગરીબ કલ્યાણ પાર્ટીના અધ્યક્ષની ધરપકડ, ૬ દિવસના રિમાન્ડ

સરકારી તિજોરીને રૂ.૬૨ કરોડનું નુકસાન પહોંચાડ્યાનો આરોપ; શેલ કંપનીઓ, બોગસ બિલો, ડિજિટલ પુરાવા અને કરોડોના વ્યવહારો અંગે પોલીસ કરશે ઊંડી તપાસ

ગાંધીનગર, ગરીબ કલ્યાણ પાર્ટીની આડમાં આચરવામાં આવેલા રૂ. ૨૦૬ કરોડના બોગસ ડોનેશન કૌભાંડમાં પકડાયેલા તેના રાષ્ટ્રીય અધ્યક્ષની નીરજ કુમાર ક્ષત્રિયને ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ એમ.બી. પરમારે ૬ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવા હુકમ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, ગરીબ કલ્યાણ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીરજકુમાર ક્ષત્રિય વિરુદ્ધ સરકારી તિજોરીને આશરે રૂ. ૬૨ કરોડનું આ થકી નુકસાન પહોંચાડવાનો આરોપ છે.

ગરીબ કલ્યાણ પાર્ટીની આડમાં આચરવામાં આવેલા રૂ. ૨૦૬ કરોડના કૌભાંડમાં રાષ્ટ્રીય અધ્યક્ષ નીરજકુમાર ક્ષત્રિયની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યો હતો. જ્યાં સરકારીપક્ષ તરફથી રિમાન્ડ અરજીમાં રજૂઆત કરતા જણાવાયું હતું કે, પક્ષની સ્થાપના ખરેખર રાજકીય પ્રવૃત્તિ માટે થઈ હતી કે માત્ર બોગસ ડોનેશન દ્વારા કમિશન મેળવવા માટે થઈ તેની પૂછપરછ કરવાની છે, દેશના અલગ-અલગ રાજ્યોમાંથી આટલી મોટી રકમ કયા કયા કરદાતાઓ પાસેથી અને કોના મારફતે મેળવવામાં આવી તેની યાદી અને વિગતો મેળવવાની છે, શેલ કંપનીઓ દ્વારા ઊભા કરવામાં આવેલા ખોટા બિલો, વાઉચરો અને ડિજિટલ પુરાવાઓ કબજે કરી ફોરેન્સિક તપાસ કરાવવાની છે.

આ કૌભાંડના અંતિમ લાભાર્થીઓ કોણ છે અને આ નાણાંમાંથી કોઈ સ્થાવર કે જંગમ મિલકતો ખરીદી છે કે કેમ તેની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવાની છે, ગરીબ કલ્યાણ પાર્ટીનું રજીસ્ટ્રેશન કરવા માટે આરોપીઓએ કયા સમયે, કોની સાથે અને કઈ રીતે આયોજન કર્યું હતું તથા આ સમગ્ર કૌભાંડની શરૂઆત ક્યારથી કરવામાં આવી હતી સહિતના મુદ્દે તપાસ કરવા રિમાન્ડની જરૂર છે.

ગુજરાતનો આદિવાસી સમાજ: ગૌરવશાળી વારસા સાથે વિકાસના પથ પર અગ્રેસર

"જનજાતીય ગૌરવ હજારો વર્ષોથી ભારતની ચેતનાનું અભિન્ન અંગ છે જ્યારે પણ રાષ્ટ્રના સન્માન, સ્વાભિમાન અને સ્વતંત્રતા પર પ્રશ્નો ઊભા થયા છે, ત્યારે જનજાતીય સમુદાય સૌથી આગળ આવીને ઊભો રહ્યો છે." : શ્રી નરેન્દ્ર મોદી, માનનીય વડાપ્રધાનશ્રી

ધરતી આબા ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી એટલે કે ૧૫ નવેમ્બરનો દિવસ ભારતના ઇતિહાસમાં એક વિશેષ સ્થાન ધરાવે છે. જનજાતીય સમુદાયના સ્વાભિમાનની રક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કરનાર સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડા ફક્ત એક નાયક જ નહીં, પરંતુ આદિજાતિ અસ્મિતાના પણ પ્રતીક છે. જનજાતીય સમાજના ઉત્થાન અને તે સમાજના નાયકોના યોગદાનને માન્યતા આપવાના ઉદ્દેશથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૧માં દર વર્ષે ભગવાન બિરસા મુંડાની જયંતી એટલે કે ૧૫ નવેમ્બરના દિવસને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય લીધો. આદિવાસી નાયકોના યોગદાનને શ્રદ્ધાંજલિ આપવા અને જનજાતીય અસ્મિતાની ઉજવણી કરવાના ઉદ્દેશ્યથી ગુજરાત સરકારે ૧૨ થી ૧૮ નવેમ્બર દરમિયાન રાજ્યભરમાં 'જનજાતીય ગૌરવ સપ્તાહ' ની ઉજવણી કરી.

ગુજરાત માટે આ અવસર વિશેષ મહત્વ ધરાવે છે. ગુજરાત પોતાની વિશિષ્ટ જનજાતીય સંસ્કૃતિ અને પરંપરાઓની સાથે-સાથે આદિવાસી સમુદાયને વિકાસના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે પણ જાણીતું છે. અંબાજીથી ઉમરગામ સુધીના પૂર્વ પટ્ટામાં રાજ્યનો મોટાભાગનો આદિજાતિ સમુદાય વસે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના પોતાના કાર્યકાળ દરમિયાન જનજાતીય સમુદાયના સર્વાંગી વિકાસ માટે 'વનબંધુ કલ્યાણ યોજના' શરૂ કેરી હતી. આ યોજનાએ ફક્ત રાજ્યના આદિવાસી સમુદાયની સામાજિક-આર્થિક સ્થિતિમાં પરિવર્તન લાવવાનું જ કામ નથી કર્યું, પરંતુ હાંસિયામાં ધકેલાઈ ગયેલા આદિવાસી સમુદાયના ઉત્થાન માટે એક મોડલ તરીકે દેશને નવો માર્ગ પણ ચીંધ્યો છે. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં જનજાતીય સમુદાયના કલ્યાણની આ યાત્રા નવી ઉંચાઈઓ સર કરી રહી છે.

વનબંધુ કલ્યાણ યોજના: આદિવાસીઓના જીવનમાં વિકાસનું અજવાળું

૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ ગુજરાતમાં આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે 'વનબંધુ કલ્યાણ યોજના' નો એક વિશિષ્ટ મિશન તરીકે પ્રારંભ કરવામાં આવ્યો. આ યોજનાના કેન્દ્રમાં રોજગાર, શિક્ષણની ગુણવત્તા, આર્થિક વિકાસ, આરોગ્ય, સહુ માટે આવાસ, પીવાનું પાણી, સિંચાઈ, બારમાસી રસ્તાઓ, વીજળી અને શહેરી વિકાસ જેવા દસ મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા. પહેલી વનબંધુ કલ્યાણ યોજના વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૨૦-૨૧ સુધી ચાલી હતી, જે હેઠળ કુલ રૂા.૧.૦૬ લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

પહેલી વનબંધુ કલ્યાણ યોજનાની સફળતા બાદ વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ના સમયગાળા માટે ?૧ લાખ કરોડની 'વનબંધુ કલ્યાણ યોજના-૨' શરૂ કરવામાં આવી. આ તબક્કામાં રોજગારલક્ષી કાર્યક્રમોનો લાભ મેળવતા પરિવારોનો લક્ષ્યાંક ૫ લાખથી વધારીને ૧૦ લાખ કરવામાં આવ્યો હતો. આ બાબત દર્શાવે છે કે, હવે વિકાસની પરિકલ્પના માત્ર પાયાની સુવિધાઓ પૂરી પાડવા પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ પરિવારોની આવકમાં વૃદ્ધિ અને રોજગારીની નવી તકોના સર્જન પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

શિક્ષણના માધ્યમથી લખાઈ રહી છે પરિવર્તનની નવી ગાથા

શિક્ષણ કોઈપણ સમાજના ઉત્થાન માટેનું સૌથી સશક્ત માધ્યમ છે, અને તેથી ગુજરાત સરકારે તેના પર જ સૌથી વધુ ભાર મૂક્યો છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન શિષ્યવૃત્તિ, ગણવેશ, ભોજન, શૈક્ષણિક સામગ્રી, સાયકલ અને આવાસી શિક્ષણ જેવી સુવિધાઓના વ્યાપક વિસ્તરણ દ્વારા શિક્ષણની પહોંચ વધુ સુદૃઢ બનાવવામાં આવી છે. રાજ્ય સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત દર વર્ષે આશરે ૧૩ લાખ આદિવાસી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં ડ્બ્ મારફતે સીધી શિષ્યવૃત્તિ જમા કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન આ યોજના હેઠળ રૂા.૪૩૮.૨૭ કરોડના ખર્ચે કુલ ૫૮.૩૮ લાખ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. તેવી જ રીતે, ભારત સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત આ જ સમયગાળા દરમિયાન રૂા.૧૮૪.૫૧ કરોડના ખર્ચે ૫.૩૭ લાખ વિદ્યાર્થીઓને, જ્યારે પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત રૂા.૨,૭૮૬.૩૪ કરોડના ખર્ચે ૧૧.૩૯ લાખ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત, આદિજાતિ વિદ્યાર્થિનીઓને રાજ્ય સરકારની વિશેષ પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવકમર્યાદાને ધ્યાનમાં લીધા વિના સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન આ યોજના હેઠળ રૂા.૪૨૦.૨૭ કરોડના ખર્ચે ૩૨,૨૨૬ વિદ્યાર્થિનીઓને આવરી લેવામાં આવી છે.

ગણવેશ સહાય યોજના અંતર્ગત રૂા.૪૮૨.૧૬ કરોડના ખર્ચે ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા આશરે ૫૮.૨૦ લાખ વિદ્યાર્થીઓને ગણવેશની ત્રણ જોડી માટે સહાય પૂરી પાડવામાં આવી છે. ફૂડબિલ સહાય યોજના હેઠળ કોલેજને સંલગ્ન છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ભોજન ખર્ચ માટે સહાય આપવામાં આવે છે, જે અંતર્ગત રૂા.૨૬૬.૩૫ કરોડના ખર્ચે કુલ ૧.૮૩ લાખ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. મેડિકલ, એન્જિનિયરિંગ અને ડિપ્લોમાના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનોની ખરીદી માટે સહાય આપવામાં આવે છે, જે હેઠળ રૂા.૪૫૪.૮૮ લાખના ખર્ચે કુલ ૮,૪૯૧ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. દીકરીઓના શિક્ષણની વિશેષ ચિંતા કરીને રાજ્ય સરકારે 'વિદ્યા સાધના યોજના' અંતર્ગત રૂા.૮૦.૩૪ કરોડના ખર્ચે ૧.૭૬ લાખ આદિવાસી દીકરીઓને શાળાએ આવવા-જવા માટે સાયકલ સહાય પૂરી પાડી છે, જ્યારે 'ટેલેન્ટ પૂલ વાઉચર યોજના' હેઠળ રૂા.૫,૫૨૧.૭૮ લાખના ખર્ચે કુલ ૯,૧૩૧ વિદ્યાર્થિનીઓને લાભ આપવામાં આવ્યો છે. આદિવાસી બાળકોના પોષણ અને આરોગ્યને ધ્યાનમાં રાખીને 'દૂધ સંજીવની યોજના' હેઠળ રૂા.૫૫૩ કરોડના ખર્ચે ૩૮.૫૪ લાખ બાળકોને ૨૦૦ મિલીલીટર ફ્લેવર્ડ દૂધ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

રાજ્યની આ જ વિચારધારાનો વિસ્તાર આવાસી શિક્ષણ સંસ્થાઓમાં પણ જોવા મળે છે. રાજ્યની ૬૬૩ આશ્રમશાળાઓમાં ધોરણ ૧ થી ૧૨ સુધીના આશરે ૧.૧૧ લાખ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક આવાસ, ભોજન અને શિક્ષણની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. ૭૬ આદર્શ નિવાસી શાળાઓ દ્વારા છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રૂા.૫૩૪.૦૬ કરોડના ખર્ચે કુલ ૪૯,૨૫૪ વિદ્યાર્થીઓને લાભાન્વિત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, ૧૭૬ સરકારી છાત્રાલયોમાં રૂા.૫૨૩.૩૦ કરોડના ખર્ચે ૮૪,૦૨૧ વિદ્યાર્થીઓને, જ્યારે ૮૯૫ સરકારી અનુદાનિત છાત્રાલયોમાં રૂા.૫૯૩.૩૦ કરોડના ખર્ચે આ સમયગાળા દરમિયાન આશરે ૨.૫૬ લાખ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. વધુમાં, રાજ્યમાં કાર્યરત ૫૬ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, ૪૩ ગર્લ્સ લિટરસી રેસિડેન્શિયલ સ્કૂલ અને ૧૨ મોડેલ સ્કૂલ સહિત કુલ ૧૧૧ શાળાઓમાં આશરે ૩૭,૩૩૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત શાળાઓમાં વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન રૂા.૧,૩૩૯.૬૭ કરોડના ખર્ચે કુલ ૧.૧૭ લાખ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણની સાથે નિઃશુલ્ક આવાસ અને ભોજનની સુવિધા પૂરી પાડવામાં આવી છે.

સૌથી મહત્વપૂર્ણ બદલાવ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે જોવા મળે છે. છેલ્લા પાંચ વર્ષોમાં આદર્શ નિવાસી શાળાઓ અને ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટીની શૈક્ષણિક સંસ્થાઓમાંથી અભ્યાસ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ પૈકી ૨૩૬ વિદ્યાર્થીઓએ સ્મ્જી, ૧૪૦એ ડેન્ટલ, ૧૭૧એ હોમિયોપેથી, ૭૯એ આયુર્વેદ, ૬૬એ ફિઝિયોથેરાપી, ૨૫૭એ ફાર્મસી, ૨,૧૨૦એ નર્સિંગ અને ૭૮૯ વિદ્યાર્થીઓએ એન્જિનિયરિંગના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવ્યો છે. આ આંકડાઓ માત્ર શૈક્ષણિક સિદ્ધિઓ જ નહીં, પરંતુ આદિવાસી યુવાનોમાં આવી રહેલા આત્મવિશ્વાસના પણ સૂચક છે, જેના થકી પરંપરાગત મર્યાદાઓને પાર કરીને આદિવાસી યુવા પેઢી હવે આધુનિક વ્યવસાયલક્ષી ક્ષેત્રોમાં પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી રહી છે.

ગુજરાત સરકારે આદિવાસી યુવાનોના ઉચ્ચ શિક્ષણના સપનાંઓને નવી પાંખો આપી છે. વિદેશ અભ્યાસ માટે લોન યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષોમાં રૂા.૨૧૬૯.૨૦ લાખના ખર્ચે કુલ ૧૬૨ આદિવાસી વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે ?૧૫ લાખની મર્યાદામાં ૪ ટકાના વ્યાજદરે લોન આપવામાં આવી છે. આ ઉપરાંત, પાયલટ તાલીમ યોજના અને વકીલ સહાય યોજના મારફતે આદિવાસી યુવાનો માટે ઉચ્ચ શિક્ષણનો માર્ગ સરળ બનાવવામાં આવ્યો છે.

કૃષિ અને આજીવિકા

ગુજરાત સરકાર આદિવાસી પરિવારોની આવકમાં વધારો થાય અને તેમના જીવનધોરણમાં સુધારો થાય તે માટે નક્કર પ્રયાસો કરી રહી છે. કૃષિ ક્ષેત્રે આદિવાસી ખેડૂતોને સશક્ત બનાવવા માટે મંડપ સહાયતા યોજના, ફળાઉ રોપા સહાય વિતરણ યોજના અને કૃષિ યાંત્રિકીકરણ યોજના સહિતની વિવિધ યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી છે. આદિવાસી યુવાનોને ગુણવત્તાયુક્ત અને રોજગારલક્ષી તાલીમ આપવા માટે છેલ્લાં પાંચ વર્ષમાં રૂા.૬૧.૯૫ કરોડના ખર્ચે કુલ ૨૦,૧૫૯ આદિવાસી યુવક-યુવતીઓને તાલીમ આપવામાં આવી છે, જેમાંથી ૧૫,૪૮૫ યુવાનોને રોજગારી પ્રાપ્ત થઈ છે. નાનો-મોટો વ્યવસાય શરૂ કરવા કે સ્વરોજગાર માટે અમલમાં મૂકાયેલી માનવ ગરિમા યોજના હેઠળ રૂા.૬૫૭૯.૩૫ લાખના ખર્ચે કુલ ૩૫,૦૪૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

આરોગ્ય, આવાસ અને સામાજિક સુરક્ષાનું મજબૂત કવચ

રાજ્ય સરકારે આરોગ્ય ક્ષેત્રે મહત્વપૂર્ણ પગલું ભરતાં મફત તબીબી સહાય યોજના અંતર્ગત ટીબી, કેન્સર, સિકલ સેલ અને થેલેસેમિયા જેવી ગંભીર બીમારીઓથી પીડાતા ૬૫,૮૮૯ લાભાર્થીઓને રૂા.૧૦૦.૨૭ કરોડની સહાય પૂરી પાડી છે.

તે જ રીતે, આદિવાસી કુટુંબોના ઘરનું ઘર બનાવવાના સપનાને સાકાર કરતી વ્યક્તિગત ધોરણે આવાસ યોજના તેમજ હળપતિ આવાસ યોજના અંતર્ગત છેલ્લાં પાંચ વર્ષમાં રૂા.૩૯૩.૬૫ કરોડના ખર્ચે ૩૧,૧૩૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત પાત્ર દીકરીઓના લગ્ન પ્રસંગે સહાય પૂરી પાડવા માટે ગુજરાત સરકાર દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં રૂા.૪૯.૦૨ કરોડના ખર્ચે ૪૦,૬૪૬ લાભાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવી છે. મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ ૧૧ સરહદી જિલ્લાઓમાં પાયાની સુવિધાઓના વિકાસ માટે રૂા.૪૩૨.૯૭ કરોડના ખર્ચે કુલ ૪,૬૫૪ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે.

ખાસ નબળા આદિજાતિ જૂથો સુધી વિકાસની પહોંચ

કેન્દ્ર સરકારની પહેલોના માધ્યમથી આદિવાસી સમુદાયોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળ્યું છે. 'પીએમ જનમન' અભિયાન અંતર્ગત ગુજરાતના પાંચ ખાસ નબળા આદિજાતિ જૂથો (PVTG) – કાથોડી, કોટવાલિયા, પઢાર, સિદ્દી અને કોલઘાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમુદાયો અને તેમના વિસ્તારોમાં પાયાની સુવિધાઓની અછત દૂર કરવાના હેતુથી વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં રૂા.૧૭૫.૩૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ જ રીતે 'ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન' હેઠળ રાજ્યના ૨૧ જિલ્લાના ૧૦૨ તાલુકાઓનાં કુલ ૪,૨૬૫ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેનો ઉદ્દેશ સામાજિક માળખાકીય સુવિધાઓ, આરોગ્ય, શિક્ષણ અને આજીવિકાનાં ક્ષેત્રોમાં તમામ પાત્ર લાભાર્થીઓને યોજનાકીય લાભો પૂરા પાડીને આદિવાસી ગામોનો સર્વાંગી અને ટકાઉ વિકાસ પ્રાપ્ત કરવાનો છે. આ માટે વર્ષ ૨૦૨૫-૨૬માં રૂા.૮૭.૮૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

જનજાતીય કલ્યાણ યોજના: આગામી પાંચ વર્ષ માટે રૂા.૨ લાખ કરોડની જોગવાઈ

વિકાસની આ અભૂતપૂર્વ યાત્રાને આગળ વધારતાં રાજ્ય સરકારે આદિવાસી સમુદાયના વિકાસ માટે વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧ માટે રૂા.૨ લાખ કરોડની જોગવાઈ સાથે 'જનજાતીય કલ્યાણ યોજના' શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. વર્ષ ૨૦૨૬-૨૭માં જ આદિજાતિ વિકાસ વિભાગ અને અન્ય વિભાગોના માધ્યમથી કુલ ?૩૫,૭૮૨.૦૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ભગવાન બિરસા મુંડાએ જે સન્માન, સમાનતા અને સ્વાભિમાનનું સ્વપ્ન જોયું હતું, તે આજે ગુજરાતની ધરતી પર સાકાર થઈ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતનો આદિવાસી સમુદાય શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને આત્મનિર્ભરતાના માર્ગે સતત પ્રગતિ કરી રહ્યો છે.

અમદાવાદમાં ડ્રગ્સના નેટવર્ક સામે પોલીસની મેગા ડ્રાઈવ : ૯૫૧ શંકાસ્પદોની પૂછપરછ કરી મિલકત જપ્ત કરવાની ચેતવણી આપી

રાજ્યમાં ડ્રગ્સના ગેરકાયદે કારોબાર સામે અસરકારક કાર્યવાહી કરવા અને વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન વધારવા અંગે ચર્ચા કરવામાં આવી



અમદાવાદ,

અમદાવાદ શહેરમાં ડ્રગ્સના ગેરકાયદે કારોબારને ડામવા માટે પોલીસે વિશેષ કાર્યવાહી હાથ ધરી છે. શહેરમાં NDPS (નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ) સંબંધિત ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓ અને શંકાસ્પદ વ્યક્તિઓને એક સ્થળે એકત્રિત કરવામાં આવ્યા હતા. પોલીસ હેડક્વાર્ટર સ્થિત જે.ડી. ડાંગરવાલા સ્ટેડિયમ ખાતે યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં ૫૦૦થી વધુ લોકોને બોલાવી પૂછપરછ કરવામાં આવી હતી. આ કાર્યવાહીનો હેતુ ડ્રગ્સના નેટવર્ક પર નિયંત્રણ લાવવાનો અને આવા ગુનાઓમાં સંડોવાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરવાનો છે.

અમદાવાદ શહેરની ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) સહિત તમામ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા NDPS ગુનાઓ સાથે સંકળાયેલા આરોપીઓને કાર્યક્રમમાં હાજર રહેવા બોલાવવામાં આવ્યા હતા. જે.ડી. ડાંગરવાલા સ્ટેડિયમ ખાતે ૫૦૦થી વધુ NDPS આરોપીઓ અને શંકાસ્પદ વ્યક્તિઓને એકત્રિત કરીને તેમની પૂછપરછ કરવામાં આવી હતી.

પોલીસ દ્વારા એકત્રિત કરવામાં આવેલા તમામ લોકોને ડ્રગ્સના ગેરકાયદે વેપાર અને નશીલા પદાર્થોના નેટવર્કથી દૂર રહેવા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. ભવિષ્યમાં આવા ગુનાઓમાં સંડોવાશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી હતી.

ડ્રગ્સના દૂષણને ડામવા માટે પોલીસ તંત્ર દ્વારા ઉચ્ચ સ્તરે પણ પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે. ગઈકાલે ગુજરાતના પોલીસ વડા DGP જી.એસ. મલિકે આ મુદ્દે વિશેષ બેઠક યોજી હતી. રાજ્યમાં ડ્રગ્સના ગેરકાયદે કારોબાર સામે અસરકારક કાર્યવાહી કરવા અને વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન વધારવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

પોલીસે રાઉન્ડઅપ કરાયેલા તમામ લોકોને ડ્રગ્સના ગેરકાયદેસર કારોબારથી દૂર રહેવા માટે અંતિમ ચેતવણી આપી છે. જો તેમ છતાં આવી પ્રવૃત્તિઓ ચાલુ રહેશે તો ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સાથે જોડાયેલી મિલકતો જપ્ત કરવા અને ગેરકાયદેસર દબાણો દૂર કરવા જેવી કાર્યવાહી કરવામાં આવશે.

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ વડનગરમાં વિશ્વ શાંતિ મહાયજ્ઞમાં ભાગ લીધો, શંકરાચાર્યના આશીર્વાદ મેળવ્યા

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે સૌજન્ય મુલાકાત કરી

મહેસાણા,

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા બુધવારે ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે સૌજન્ય મુલાકાત કર્યા બાદ તેઓ મહેસાણા જિલ્લાના વડનગર પહોંચ્યા હતા. અહીં તેમણે ઐતિહાસિક હાટકેશ્વર મહાદેવ મંદિરમાં યોજાઈ રહેલા ૧૦ દિવસીય વિશ્વ શાંતિ મહાયજ્ઞમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે યજ્ઞશાળાની પરિક્રમા કરી દેશ અને વિશ્વના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી

ગુજરાતની મુલાકાત દરમિયાન ઓમ બિરલાએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી સાથેની મુલાકાત બાદ લોકસભા અધ્યક્ષ વડનગર જવા રવાના થયા હતા.

વડનગરના ઐતિહાસિક હાટકેશ્વર મહાદેવ મંદિરમાં ૧૧ નવેમ્બરથી ૨૦ નવેમ્બર સુધી ૧૦ દિવસીય વિશ્વ શાંતિ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. કાંચી કામકોટી પીઠના જગદગુરુ શંકર વિજયેન્દ્ર સરસ્વતી સ્વામીગલના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહેલા આ મહાયજ્ઞનો ઉદ્દેશ્ય વૈશ્વિક શાંતિ અને સામાજિક સંવાદિતાને પ્રોત્સાહન આપવાનો છે. આ ધાર્મિક આયોજનમાં દેશભરના ૧૪૪ વૈદિક વિદ્વાનો ભાગ લઈ રહ્યા છે.

ઓમ બિરલાએ મહાયજ્ઞમાં ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે તેમણે કાંચી કામકોટી પીઠના શંકરાચાર્ય સ્વામી વિજયેન્દ્ર સરસ્વતીજી મહારાજ સાથે મુલાકાત કરી તેમના આશીર્વાદ મેળવ્યા હતા અને આધ્યાત્મિક સંવાદ કર્યો હતો.

વિશ્વ શાંતિ મહાયજ્ઞમાં ભાગ લીધા બાદ લોકસભા અધ્યક્ષે વડનગરના પ્રસિદ્ધ શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિરમાં દર્શન કર્યાં હતાં. તેમણે નિર્ધારિત વિધિ મુજબ ભગવાન મહાદેવની પૂજા-અર્ચના કરી હતી. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, સાંસદ હરિભાઈ પટેલ સહિત અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુંબઈ–અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોરના પ્રથમ સેક્શનમાં વીજળી પુરવઠો શરૂ થશે

સુરત,

મુંબઈ–અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત સુરત અને બીલીમોરા વચ્ચેના પ્રથમ સેક્શનમાં ૨૦ નવેમ્બર ૨૦૨૬થી ઓવરહેડ ઈક્વિપમેન્ટ (OHE) સિસ્ટમને વીજળીથી સક્રિય (Energise) કરવામાં આવશે. આ પ્રોજેક્ટની પ્રગતિમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સાબિત થશે.

મુંબઈ–અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોરમાં આધુનિક ૨ □ ૨૫ ાફ ઓવરહેડ ટ્રેક્શન સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

સુરત અને બીલીમોરા વચ્ચેના આશરે ૫૦ કિલોમીટર લાંબા આ સેક્શનમાં એલિવેટેડ ટ્રેક પર અપ અને ડાઉન એમ બંને લાઈનોનો સમાવેશ થાય છે. ૫૦૮ કિલોમીટર લાંબા આ કોરિડોરમાં વીજળી પુરવઠા માટે ૧૪ ટ્રેક્શન સબ-સ્ટેશન (TSS) બનાવવામાં આવી રહ્યાં છે. આ સબ-સ્ટેશન ગ્રીડમાંથી વીજળી મેળવશે અને તેને ઓવરહેડ ટ્રેક્શન સિસ્ટમ સુધી પહોંચાડશે.

સમગ્ર વીજ પુરવઠા પ્રણાલીનું મોનિટરિંગ એક કેન્દ્રીયકૃત નિયંત્રણ કેન્દ્ર (Centralised Control Centre) દ્વારા કરવામાં આવશે, જેથી સુરક્ષિત અને અવિરત કામગીરી સુનિશ્ચિત કરી શકાય. જાહેર સુરક્ષા અંગેની સલાહ ઓવરહેડ વીજળી પ્રણાલીને સક્રિય કર્યા બાદ સંબંધિત સેક્શનમાં લગાવવામાં આવેલા વીજળીના તાર હંમેશાં વીજપ્રવાહિત રહેશે. સામાન્ય જનતા, ખાસ કરીને કોરિડોરની આસપાસ રહેતા રહેવાસીઓ, મુસાફરો, બાંધકામ કાર્યમાં જોડાયેલા શ્રમિકો અને અન્ય તમામ લોકોને કડક સલાહ આપવામાં આવે છે કે તેઓ વીજળીના તાર અને સંબંધિત વિદ્યુત ઉપકરણોથી દૂર રહે, તેમને સ્પર્શ કરવાનો પ્રયાસ ન કરે અને તેમની આસપાસ કોઈપણ પ્રકારનું અનધિકૃત કાર્ય ન કરે.

મોંઘવારી સામે કોંગ્રેસની આગામી દિવસોમાં સમગ્ર ગુજરાતમાં જનઆંદોલન કરવાની ચિમકી

વધતા ખર્ચને કારણે સામાન્ય પરિવારો, મધ્યમ વર્ગ અને ગૃહિણીઓનું ઘરનું બજેટ ખોરવાઈ રહ્યું હોવાનો આક્ષેપ

અમદાવાદ,

ગુજરાતમાં ગેસ સિલિન્ડર, ખાદ્યતેલ, દૂધ, પેટ્રોલ-ડીઝલ સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં વધારાને લઈને મોંઘવારીનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. વધતા ખર્ચને કારણે સામાન્ય પરિવારો, મધ્યમ વર્ગ અને ગૃહિણીઓનું ઘરનું બજેટ ખોરવાઈ રહ્યું હોવાનો આક્ષેપ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખે કર્યો છે. તેમણે મોંઘવારી સામે આગામી દિવસોમાં સમગ્ર ગુજરાતમાં જનઆંદોલન કરવાની અને રસ્તા પર ઊતરી વિરોધ કરવાની ચીમકી આપી છે.

કોંગ્રેસ પ્રદેશ પ્રમુખે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪માં ભાજપે ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડવાનું વચન આપ્યું હતું. લોકોને મોંઘવારીમાંથી મુક્તિ અપાવવાની વાતો કરીને મત મેળવવામાં આવ્યા હતા, પરંતુ ૧૨ વર્ષ બાદ પણ મોંઘવારી ઘટવાને બદલે વધી રહી હોવાનો તેમનો આક્ષેપ છે.

તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે એક તરફ સરકાર વિવિધ કવાયતો દ્વારા જનતા પાસેથી નાણાં વસૂલે છે, તો બીજી તરફ ઉત્સવો, તાયફાઓ અને રાજકીય કાર્યક્રમો પાછળ ખર્ચ કરે છે. ગેસ સિલિન્ડર, ખાદ્યતેલ , દૂધ, છાશ, પેટ્રોલ-ડીઝલ,સીએનજી અને પીએનજી સહિતની વસ્તુઓ મોંઘી થતાં સામાન્ય લોકો માટે ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે.

કોંગ્રેસ પ્રમુખે ખાદ્યતેલના ભાવમાં થયેલા વધારાને લઈને પણ સવાલો ઉઠાવ્યા હતા. તેમના જણાવ્યા મુજબ, કોંગ્રેસની યુપીએ સરકારના સમયમાં ખાદ્યતેલના ભાવ આશરે રૂ.૧,૧૦૦થી રૂ.૧,૨૦૦ અને ગેસ સિલિન્ડરના ભાવ રૂ.૩૫૦થી રૂ.૪૦૦ હતા. તે સમયે ભાજપના નેતાઓ સિલિન્ડર સાથે મોંઘવારી સામે દેખાવો કરતા હતા.

તેમણે દાવો કર્યો હતો કે હાલમાં ગુજરાતમાં ખાદ્યતેલના ડબ્બાનો ભાવ રૂ.૩,૧૯૦ સુધી પહોંચી ગયો છે. તેલ મિલરો સાથેની મિલીભગત અને કરોડો રૂપિયાના ચૂંટણી ફંડના આક્ષેપો વચ્ચે ખાદ્યતેલના ભાવવધારા અંગે તેમણે સવાલો ઉઠાવ્યા હતા.

કોંગ્રેસ દ્વારા રજૂ કરાયેલા આંકડા મુજબ, પ્રાથમિક ચીજવસ્તુઓમાં મોંઘવારીનો દર સપ્ટેમ્બરમાં ૮.૬૭ ટકા હતો, જે ઓક્ટોબરમાં વધીને ૯.૨૪ ટકા થયો છે. ઈંધણ અને વીજળીનો દર ૨૫.૮૫ ટકાથી વધીને ૩૨.૮૪ ટકા થયો હોવાનું દર્શાવવામાં આવ્યું છે.

ટપાલ વિભાગની પેન્શન સંબંધિત સમસ્યાઓના નિરાકરણ માટે 'પેન્શન અદાલત'

અમદાવાદ,

ટપાલ વિભાગ દ્વારા પેન્શન સંબંધિત ફરિયાદોના નિરાકરણ માટે 'પેન્શન અદાલત'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પેન્શન અદાલત તારીખ ૦૪.૧૨.૨૦૨૬ (શુક્રવાર)ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યાથી, પોસ્ટમાસ્ટર જનરલની કચેરી, હેડ ક્વાર્ટર રીજન, સ્પીડ પોસ્ટ ભવન, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪ ખાતે યોજાશે.

પોસ્ટમાસ્ટર જનરલ દરેક પેન્શનરને વ્યક્તિગત રીતે સાંભળશે અને તેમની ફરિયાદોનું સ્થળ પર જ નિરાકરણ લાવશે. આ અદાલતનો મુખ્ય ઉદ્દેશ પેન્શનરોને વ્યક્તિગત સુનાવણી પૂરી પાડવાનો અને તેમની સમસ્યાઓનું સ્થળ પર જ નિરાકરણ કરવાનો છે.

ટપાલ વિભાગના પેન્શનને લગતી ફરિયાદો 'વરિષ્ઠ હિસાબ અધિકારી (જી. છષ્ઠર્ષ્ઠેહંર્જ કૈષ્ઠી), પેન્શન વિભાગ, પોસ્ટમાસ્ટર જનરલની કચેરી, હેડ ક્વાર્ટર રીજન, સ્પીડ પોસ્ટ ભવન, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪ના સરનામે મોકલવાની રહેશે. આ ફરિયાદો ૨૫-૧૧-૨૦૨૬ (બુધવાર) સુધીમાં પહોંચી જવી જોઈએ. નિયત તારીખ પછી મળેલી ફરિયાદો સ્વીકારવામાં આવશે નહીં. ફરિયાદો નક્કર અને સંક્ષિપ્ત હોવી જોઈએ. સામાન્ય સ્વરૂપની કે નીતિવિષયક બાબતોને લગતી ફરિયાદો સ્વીકારવામાં આવશે નહીં. વધુમાં, એક અરજીમાં એકથી વધુ મુદ્દા કે વિષય હોવા જોઈએ નહીં. ફરિયાદો ફરિયાદી દ્વારા વ્યક્તિગત રીતે અથવા પેન્શનરના પરિવારના સભ્ય દ્વારા રજૂ કરવામાં આવશે.

ડિસેમ્બરમાં ૧૦ હજારથી વધુ ગ્રામ પંચાયતોની ચૂંટણીની તૈયારી, રાજકીય પક્ષો માટે લિટમસ ટેસ્ટ!

આખરી મતદાર યાદી જાહેર થયા બાદ નવેમ્બરના અંતિમ દિવસોમાં ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થાય તેવી શક્યતા

ગાંધીનગર,

ગુજરાતમાં આગામી ડિસેમ્બર ૨૦૨૬માં ૧૦ હજારથી વધુ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રાજ્યભરમાં મોટી સંખ્યામાં ગ્રામ પંચાયતોની મુદત પૂર્ણ થતી હોવાથી ચૂંટણી માટે વહીવટી તંત્ર દ્વારા મતદાર યાદી સુધારણા સહિતની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સંભવિત કાર્યક્રમ મુજબ ૨૭ નવેમ્બરે આખરી મતદાર યાદી જાહેર થયા બાદ નવેમ્બરના અંતિમ દિવસોમાં ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થઈ શકે છે. ડિસેમ્બર મહિનામાં મતદાન યોજાય તેવી શક્યતા છે.ગ્રામ પંચાયતોની ચૂંટણી ભલે બિનપક્ષીય ધોરણે યોજાતી હોય, પરંતુ ગુજરાતના રાજકારણમાં તેનું વિશેષ મહત્ત્વ છે. ખાસ કરીને ૨૦૨૭માં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલાં ગ્રામ પંચાયતોની ચૂંટણી ભાજપ અને કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો માટે લિટમસ ટેસ્ટ સાબિત થઈ શકે છે. ગામડાંમાં કયા પક્ષના સમર્થિત આગેવાનોનો દબદબો છે, સ્થાનિક સંગઠન કેટલું મજબૂત છે અને મતદારોનો ઝુકાવ કઈ તરફ છે તેનો અંદાજ આ ચૂંટણીનાં પરિણામો પરથી મળી શકશે.ગ્રામ પંચાયતની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રાજ્યના વિવિધ જિલ્લાઓમાં મતદાર યાદી તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સંભવિત સમયપત્રક મુજબ મતદાર યાદી અંગે વાંધા અને સૂચનો રજૂ કરવાની અંતિમ તારીખ ૨૩ નવેમ્બર રાખવામાં આવી છે. ત્યારબાદ ૨૭ નવેમ્બરે આખરી મતદાર યાદી પ્રસિદ્ધ થવાની શક્યતા છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ચૂંટણી કાર્યક્રમ જાહેર થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.ગાંધીનગર જિલ્લાની ૧૭૯ ગ્રામ પંચાયતો સહિત આણંદ અને રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાવાની શક્યતા છે.

સુરત નજીક ફરી વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો, સચિન સ્ટેશન પાસે કોચની બારીનો કાચ તૂટ્યો

સુરત,

સુરત અને તેની આસપાસના રેલવે ટ્રેક પર ટ્રેનો પર પથ્થરમારાની ઘટનાઓ સતત સામે આવી રહી છે. ત્યારે વધુ એક વખત સેમી હાઈસ્પીડ વંદે ભારત ટ્રેનને નિશાન બનાવવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. ૧૭મી નવેમ્બરની સાંજના સમયે સુરતથી નવસારી તરફ જઈ રહેલી વંદે ભારત ટ્રેન પર સચિન રેલવે સ્ટેશન નજીક કોઈ અજાણ્યા વ્યક્તિએ પથ્થરમારો કર્યો હતો. પથ્થર ટ્રેનના કોચની બારીના કાચ પર વાગતાં કાચને નુકસાન થયું હતું.વંદે ભારત ટ્રેન સુરતથી નવસારી તરફ જઈ રહી હતી તે દરમિયાન સચિન સ્ટેશન નજીક આ ઘટના બની હતી. અચાનક ટ્રેનના કાચ પર પથ્થર વાગતાં મુસાફરોમાં ચિંતા અને ફફડાટનો માહોલ સર્જાયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ મુસાફરને ઈજા થઈ હોવાની માહિતી સામે આવી નથી.ઘટનાની જાણ થતાં રેલવે વિભાગ અને આરપીએફ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. ટ્રેન પર પથ્થર કોણે અને કયા કારણોસર ફેંક્યો તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આસપાસના વિસ્તારમાં તપાસ કરવાની સાથે આરોપીની ઓળખ મેળવવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે.

સુરત નજીક ટ્રેનો પર પથ્થરમારાની ઘટનાઓ વારંવાર સામે આવતાં રેલવેની સુરક્ષા વ્યવસ્થા સામે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. ખાસ કરીને વંદે ભારત જેવી આધુનિક અને પ્રીમિયમ ટ્રેનને જ વારંવાર નિશાન બનાવવામાં આવતી હોવાની ચર્ચા છે.

વડનગરના આંગણે આગામી ૧૯ અને ૨૦ નવેમ્બરે તાના-રીરી મહોત્સવનું આયોજન

વિશ્વવિખ્યાત કલાકારો વડનગરની ધરા પર સંગીતની સરવાણી વહાવશે: તાના-રીરી એવોર્ડનું પણ થશે વિતરણ

વડનગર,

ઐતિહાસિક નગરી વડનગર ખાતે ગુજરાતની અલૌકિક સંગીત બેલડી તાના અને રીરીની સ્મૃતિમાં આગામી ૧૯ અને ૨૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ 'તાના-રીરી મહોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી-ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર-મહેસાણાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ મહોત્સવ વડનગરના ઘાસકોર દરવાજા પાસે આવેલા તાના-રીરી સમાધિ સ્થળ ખાતે યોજાશે. બંને દિવસ દરમિયાન સાંજે ૬:૩૦ કલાકે સંગીત સમારોહનો પ્રારંભ થશે, જેમાં દેશભરના નામાંકિત કલાકારો પોતાની કલાની પ્રસ્તુતિ કરશે. મહોત્સવના પ્રથમ દિવસે એટલે કે ૧૯ નવેમ્બર, ૨૦૨૬ ગુરૂવારના રોજ શાસ્ત્રીય સંગીત અને લોકકલાનો અદભૂત સંગમ જોવા મળશે. કાર્યક્રમના પ્રારંભમાં કુમારી સૂર્યા ગાયત્રી દ્વારા શાસ્ત્રીય ગાયન રજૂ કરવામાં આવશે. ત્યારબાદ પદ્મશ્રી પંડિત તેજેન્દ્ર નારાયણ અને વિદ્વાન કુમારેશ રાજગોપાલન દ્વારા શાસ્ત્રીય જુગલબંધીની પ્રસ્તુતિ કરવામાં આવશે જે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરશે. પ્રથમ દિવસના અંતિમ ચરણમાં શ્રી હાર્દિક દવે લોકકલા ક્ષેત્રની વિવિધ કૃતિઓ રજૂ કરીને સાંસ્કૃતિક વારસાની ઝલક આપશે. મહોત્સવના બીજા દિવસે ૨૦ નવેમ્બર, ૨૦૨૬ શુક્રવારના રોજ પંડિત જયતીર્થ મેવુન્ડી પોતાના શાસ્ત્રીય ગાયનથી કાર્યક્રમની શરૂઆત કરશે. ત્યારબાદ પંડિત પૂર્વાયન ચેટર્જી અને તેમના વૃંદ દ્વારા શાસ્ત્રીય વાદન રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત શ્રી ભૌમિક શાહ લોકકલા ક્ષેત્રે પોતાની વિશિષ્ટ પ્રસ્તુતિ આપશે.

અમદાવાદમાં ચંડોળા ડેવલપમેન્ટમાં ૬ મહિનાનો વિલંબ, દોઢ વર્ષથી ઘર વિહોણા અસરગ્રસ્તોનો રોષ, કમિશનર નિરીક્ષણ માટે દોડ્યા

ચંડોળા તળાવના ૨૦૦થી વધુ અસરગ્રસ્તોએ સાબરમતી રિવરફ્રન્ટ હાઉસ ખાતે ઘેરાવ કર્યો હતો





અમદાવાદ,

ચંડોળા ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં ૬ મહિના જેટલો વિલંબ ચાલી રહ્યો છે, જ્યારે દોઢ વર્ષ પહેલાં દબાણો દૂર કરાયાં હોવા છતાં અસરગ્રસ્ત પરિવારોને હજુ સુધી મકાન મળ્યાં નથી. આ સ્થિતિ વચ્ચે મ્યુનિસિપલ કમિશનરે ચંડોળા ડેવલપમેન્ટ સાઈટની મુલાકાત લઈને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને અધિકારીઓને ઝડપથી કામ પૂર્ણ થાય તેના માટેની જરૂરી સૂચનાઓ આપી હતી. હાલ ફેઝ-૧નું ૭૦ ટકા કામ પૂર્ણ થયું છે અને માર્ચ ૨૦૨૭ સુધીમાં કામગીરી પૂરી કરવાનું આયોજન છે.

મહત્વનું છે કે ગત ૩ સપ્ટેમ્બરના રોજ ચંડોળા તળાવના ૨૦૦થી વધુ અસરગ્રસ્તોએ સાબરમતી રિવરફ્રન્ટ હાઉસ ખાતે ઘેરાવ કર્યો હતો. તેમણે દર મહિને ૧૦,૦૦૦ રૂપિયા ભાડું અને તાત્કાલિક મકાન આપવાની માંગ કરી. કમિશનર ન મળતા લોકોએ રોષ વ્યક્ત કર્યો. જે બાદ વિરોધની વાત કાને વાત પડતાં કમિશનરે સ્થળ તપાસ કરી હાજર અધિકારીઓ પાસેથી ચાલી રહેલા કામની વિગતો મેળવી હતી અને કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત, ડેવલપમેન્ટ સાઈટની આસપાસના વિસ્તારોમાં દબાણો અને ત્યાં વસવાટ કરતા પરિવારો સાથે સંવાદ કર્યો હતો.

અસરગ્રસ્ત પરિવારોને કોર્પોરેશનના યુસીડી વિભાગ દ્વારા શેલ્ટર હોમમાં રહેવાની વ્યવસ્થા અંગે સમજાવવામાં આવશે. પરિવારોનાં બાળકોનું શિક્ષણ ન બગડે તે માટે મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ સંચાલિત શાળાઓમાં પ્રવેશ અપાવવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. તંત્ર તરફથી વાલીઓને બાળકોને નિયમિત શાળાએ મોકલવા અપીલ કરવામાં આવી.

ચંડોળા તળાવમાંથી દોઢ વર્ષ પહેલાં દબાણો દૂર કરાયાં હોવા છતાં અસરગ્રસ્ત પરિવારોને હજી સુધી મકાન મળ્યાં નથી તે મુદ્દે પૂર્વ વિપક્ષ નેતા અને દાણીલીમડાના કોર્પોરેટર શહેઝાદ ખાન પઠાણે સવાલ ઉઠાવ્યા છે.

અમદાવાદમાં 'નો ડ્રગ્સ' અભિયાન હેઠળ ઝોન-૭ પોલીસ દ્વારાએક જ રાતમાં ૪ એનડીપીએસ કેસ

પોલીસે પ્રતિબંધિત કફ સિરપ અને ગાંજાનો જથ્થો મળી લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો



અમદાવાદ,

અમદાવાદ શહેરમાં યુવાનોને નશાની લતથી બચાવવા અને નશીલા પદાર્થોના ગેરકાયદે વેચાણ પર લગામ લગાવવા પોલીસ દ્વારા 'નો ડ્રગ્સ ઈન અમદાવાદ' અભિયાન હેઠળ કાર્યવાહી તેજ કરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત ઝોન-૭ પોલીસ દ્વારા એક જ રાતમાં અલગ-અલગ વિસ્તારોમાં દરોડા અને પેટ્રોલિંગ દરમિયાન એનડીપીએસ એક્ટ હેઠળ કુલ ૪ કેસ નોંધવામાં આવ્યા છે. પોલીસે પ્રતિબંધિત કફ સિરપ અને ગાંજાનો જથ્થો મળી લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

અમદાવાદ પોલીસ કમિશનર અને સંયુક્ત પોલીસ કમિશનર (સેક્ટર-૧)ની સૂચના મુજબ શહેરમાં નશીલા પદાર્થોના ખરીદ-વેચાણ સામે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવવામાં આવી છે. ખાસ કરીને સ્ઢ ડ્રગ્સના સપ્લાયર્સ અને પેડલર્સ સુધી પહોંચવા માટે હ્યુમન ઈન્ટેલિજન્સ અને બાતમીદારોનું નેટવર્ક સક્રિય કરવામાં આવ્યું છે.

આ સૂચનાના આધારે નાયબ પોલીસ કમિશનર (ઝોન-૭) શિવમ વર્માના માર્ગદર્શન હેઠળ ખાસ એનડીપીએસ ડ્રાઈવ યોજાઈ હતી. જેમાં ઝોન-૭ના એલસીબી,એમ ડિવિઝન,એન ડિવિઝન અને વિવિધ પોલીસ સ્ટેશનની ટીમોએ સંયુક્ત રીતે પેટ્રોલિંગ અને કોમ્બિંગ હાથ ધર્યું હતું.આ કાર્યવાહી દરમિયાન આનંદનગર અને વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રતિબંધિત કફ સિરપના બે કેસ મળી આવ્યા હતા. આનંદનગર પોલીસ સ્ટેશનના કેસમાં પાવન ભરતભાઈ સોની અને મહેબૂબ ઈબ્રાહીમભાઈ ખલીફાની ધરપકડ કરવામાં આવી હતી. તેમની પાસેથી પ્રતિબંધિત કફ સિરપની ૪૮૦ બોટલ મળી આવી હતી. પોલીસે આ કેસમાં ચાર મોબાઈલ ફોન, રોકડ રૂપિયા ૧૭,૬૦૦ અને એક સેન્ટ્રો કાર સહિત કુલ રૂ. ૭,૦૦,૩૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.બીજી તરફ વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઈમરાન નજીર અહેમદ મન્સૂરીને પ્રતિબંધિત કફ સિરપની ૬૯ બોટલ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. આ કેસમાં મોબાઈલ ફોન, ઓટો રિક્ષા, રોકડ અને કાર સહિત કુલ રૂ. ૧,૬૨,૩૩૮.૫૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

રાજ્યપાલે રાજુલા તાલુકાના કોટડી મુકામે અનુસૂચિત જાતિ પરિવારનું આતિથ્ય માણ્યું

જોગદીયા પરિવાર સાથે આત્મીયતાથી સંવાદ કરી સવારનો સાત્વિક અલ્પાહાર ગ્રહણ કર્યો



અમરેલી:

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે રાજુલા તાલુકાના કોટડી મુકામે અનુસૂચિત જાતિ પરિવારની મુલાકાત લીધી હતી.રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમ પૂર્વે કોટડી ગામના અનુસૂચિત જાતિ પરિવારના પ્રેમજીભાઈ જોગદીયાના ઘરે પધારી સવારના સાત્વિક અલ્પાહાર સાથે ભાવપૂર્વક આતિથ્ય માણ્યું હતું.રાજ્યપાલશ્રીએ જોગદીયા પરિવારના સભ્યો સાથે આત્મીયતાથી સંવાદ કર્યો હતો અને પરિવારજનોના ખબર-અંતર પૂછ્યા હતા.

રાજ્યપાલશ્રીના આ સહજ, સરળ અને આત્મીય વ્યવહારથી જોગદીયા પરિવાર આનંદિત અને ભાવવિભોર બન્યો હતો. રાજ્યપાલશ્રીએ અનુસૂચિત જાતિ પરિવાર સાથે અલ્પાહાર કરીને સામાજિક સમરસતા, સમાનતા અને ભારતીય સંસ્કૃતિની 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનાનું સુંદર દ્રષ્ટાંત પૂરું પાડ્યું હતું. જોગદીયા પરિવારે રાજ્યપાલશ્રી પોતાના આંગણે પધાર્યા અને પરિવાર સાથે સવારના અલ્પાહાર સાથે આતિથ્ય માણ્યું તે બદલ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે અમરેલી જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, સાવરકુંડલા - લીલીયાના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, રાજુલા ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકી, જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રાજેશ કુમાર મૌર્ય, સુપર ન્યૂમરરી આસિસ્ટન્ટ કલેકટર શ્રી હર્ષિતા ગોયલ, એ.એસ.પી. શ્રી જયવીર ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલી જિલ્લાના રાજુલાના સમુહખેતી (ધુડીયા આગરીયા) મુકામે રાજ્યપાલે વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સાથે કર્યા યોગ અને પ્રાણાયામ

નિયમિત યોગાભ્યાસથી શરીર તંદુરસ્ત રહે છે, મન એકાગ્ર બને છે અને જીવનમાં સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છેઃ રાજ્યપાલ



અમરેલી:

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાના રાજુલાના સમુહખેતી (ધુડીયા આગરીયા) ગામ ખાતે રાત્રિવિશ્રામ કર્યા બાદ ઊઘડતી ઉષાએ શાળાના વિદ્યાર્થીઓ, ગ્રામજનો તેમજ યુવાઓ સાથે યોગાભ્યાસ કર્યો હતો.જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તથા સાવરકુંડલા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા પણ આ યોગાભ્યાસ સત્રમાં જોડાયા હતા.સમુહખેતી મુકામે પરોઢિયે યોજાયેલા યોગ સત્ર દરમિયાન રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત ગ્રામજનો, વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સાથે વિવિધ યોગાસનો કર્યા હતા અને યોગના આરોગ્યલક્ષી ફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, નિયમિત યોગાભ્યાસથી શરીર તંદુરસ્ત રહે છે, મન એકાગ્ર બને છે અને જીવનમાં સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, યોગ એ ભારતની પ્રાચીન વિરાસત છે જેને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વવ્યાપી બનાવી છે. વ્યસ્ત જીવનશૈલીમાં યોગ અને પ્રાણાયામ સ્વસ્થ જીવન માટે અત્યંત જરૂરી છે. યોગ દ્વારા શરીર, મન અને આત્મા વચ્ચે સંતુલન સ્થાપિત થાય છે, જેના કારણે માનસિક તણાવ દૂર થાય છે અને અભ્યાસમાં પણ વધુ એકાગ્રતા પ્રાપ્ત થાય છે.

યોગ અભ્યાસ બાદ રાજ્યપાલશ્રીએ પ્રાણાયામનો અભ્યાસ પણ કર્યો હતો અને સૌને નિયમિત પ્રાણાયામ કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે કપાલભાતિ, અનુલોમ-વિલોમ, ભસ્ત્રિકાના નિયમિત અભ્યાસથી શ્વસનતંત્ર મજબૂત બનતું હોવાની માહિતી આપી હતી. ઉપરાંત ઓમકારનું મહત્વ સમજાવ્યું હતું.અંતે ઓમકારના ઉચ્ચારણ સાથે સમગ્ર યોગાભ્યાસને શાંતિપૂર્ણ રીતે વિરામ આપવામાં આવ્યો હતો. રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવેલી યોગ પ્રસ્તુતિને બિરદાવી હતી.રાજ્યપાલશ્રીએ યોગ અભ્યાસમાં સહભાગી થનારા સૌ ઉપસ્થિતોને નિરામય સ્વાસ્થ્ય માટે આશીર્વચન પાઠવ્યા હતા.

રાજ્યપાલે રાજુલા તાલુકાના ઝાંપોદર મુકામે પ્રાકૃતિક કૃષિ કરતા પ્રગતિશીલ ખેડૂત દાનાભાઈ લાડુમોરના ખેતરની મુલાકાત લીધી

અમરેલી:

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાના રાજુલાના તાલુકાના ઝાંપોદર (જુની માંદરડી રોડ સ્થિત) મુકામે પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂત દાનાભાઈ લાડુમોરના ખેતરની મુલાકાત લીધી હતી. રાજ્યપાલશ્રીએ અહીં આંબા, વિવિધ ફળ અને શાકભાજી સહિતના પાકનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો.



આ મુલાકાત વેળાએ રાજ્યપાલશ્રીએ ખેડૂતોને યુરિયા સહિત રાસાયણિક ખાતરયુક્ત અને જંતુનાશક દવાઓયુક્ત ખેતી છોડીને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે આહ્વાન કર્યું હતું. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો અપનાવી લોક કલ્યાણકારી ખેતી અપનાવવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.રાજ્યપાલશ્રીએ આ મુલાકાત દરમિયાન ખેડૂતો સાથે આત્મીયતાભર્યો સંવાદ કર્યો હતો

રાજ્યપાલશ્રીની મુલાકાત વેળાએ જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, સાવરકુંડલા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, રાજુલા ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાકૃતિક કૃષિકાર દાનાભાઈ લાડુમોરના ફાર્મ ખાતે કૃષિ વૈજ્ઞાનિક દ્વારા ઉપસ્થિત સર્વે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ, તેનું મહત્વ અને જીવામૃત, ધનજીવામૃત તૈયાર કરવાની પદ્ધતિનું વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.ઝાંપોદર મુકામે રાજ્યપાલશ્રીની પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત વેળાએ રાજુલાના પૂર્વ ધારાસભ્ય શ્રી અંબરીષભાઈ ડેર, સ્થાનિક આગેવાનો અને અગ્રણીશ્રીઓ, જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી મોર્ય, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી હર્ષિતા ગોયલ, એ.એસ.પી શ્રી જયવીર ગઢવી, રાજુલા પ્રાંત અધિકારી શ્રી અક્ષર વ્યાસ સહિતના અધિકારીશ્રીઓ, બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

વીબી – જી રામ જી અંતર્ગત વિકસિત ગ્રામ પંચાયત પ્લાન બનાવવા એક દિવસીય વર્કશોપ સફળતાપૂર્વક સંપન્ન

અમદાવાદ:

ભારત સરકારના ગ્રામીણ વિકાસ વિભાગની સૂચના અન્વયે વિકસિત ભારત – ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) એટલે કે વીબી - જી રામ જી અધિનિયમ, ૨૦૨૫ અંતર્ગત રાજ્યની તમામ ગ્રામ પંચાયતો દ્વારા તૈયાર કરવાના થતા વિકસિત ગ્રામ પંચાયત પ્લાન (VGPP) પર એક દિવસીય વર્કશોપ તા. ૧૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા (સ્પીપા), અમદાવાદ ખાતે સફળતાપૂર્વક યોજાયો હતો.આ વર્કશોપ ગુજરાત રાજયના ગ્રામ વિકાસ વિભાગના કમિશનર અને અગ્ર સચિવ માનનીય શ્રી ધનંજય દ્વિવેદીની સૂચના અને માર્ગદર્શન હેઠળ તથા રાજય ગ્રામ વિકાસ સંસ્થાના વિશેષ નિયામક માનનીય શ્રી સી. સી. કોટક સરની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. વર્કશોપમાં વીબી - જી રામ જીના રાજય સ્તરના અધિકારીઓ, અમરેલી જિલ્લાના ગ્રામ વિકાસ એજન્સીન નિયામકશ્રી કે.જે. જાડેજા સહિત રાજયના ૩૪ જિલ્લાઓના જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રીઓ તથા જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીઓ મળી કુલ ૧૭૦ સહભાગીઓએ ભાગ લીધો હતો.

વર્કશોપમાં VGPP નો પરિચય અને માળખું, અધિનિયમની જોગવાઈઓ, સહભાગીદારી આધારિત આયોજન, કામોની કેટેગરી, કન્વર્જન્સ તથા ગ્રામ પંચાયત વિકાસ પ્લાનની તૈયારી અને અમલીકરણ જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા અને ઓરિએન્ટેશન આપવામાં આવ્યું હતું. પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ-ટેસ્ટ દ્વારા સહભાગીઓની સમજણનું મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય આ ક્ષેત્રમાં દેશમાં અગ્રેસર રહીને વિકસિત ભારત @૨૦૪૭ ના વિઝનને સાકાર કરવાની દિશામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

તા. ૧૯ નવેમ્બર ૨૦૨૬થી વિકસિત ભારત ગ્રામીણ રોજગાર ગેરંટી અને આજીવિકા મિશન (ગ્રામીણ) અંતર્ગત તમામ ૩૪ જિલ્લાના જિલ્લા અને તાલુકા કક્ષાના આશરે ૪૧૯ અધિકારીઓ માટે બેચ વાઈઝ ત્રણ-ત્રણ દિવસની કુલ ૧૦ તાલીમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમો દ્વારા VGPP ની તૈયારી અને અમલીકરણ અંગે વધુ ગહન તાલીમ આપવામાં આવશે. આ પહેલ ગુજરાતને દેશમાં અગ્રેસર સ્થાન અપાવે છે અને ગ્રામીણ વિકાસમાં ગુણવત્તાયુક્ત આયોજન તથા અસરકારક અમલીકરણની દિશામાં મજબૂત પાયો પૂરો પાડે છે.

રાજ્યપાલે સમૂહખેતી ગામે વહેલી સવારે મનસુખભાઈ કુંભાણીના ઘરે ગૌ સેવા કરી

રાજ્યપાલે સમૂહખેતી મુકામે પ્રાથમિક શાળાના સામાન્ય ઓરડામાં રાત્રિ રોકાણ બાદ ખેડૂત પરિવારની સાથે મુલાકાત કરી



અમરેલી:

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના પ્રવાસ દરમિયાન સમુહખેતી (ધુડીયા આગરીયા) ગામે સરકારી પ્રાથમિક શાળાના એક સામાન્ય ઓરડામાં રાત્રિ રોકાણ કર્યું હતું. રાજ્યપાલશ્રી ગ્રામીણ સંસ્કૃતિ સાથે તાદાત્મ્ય સાધીને વહેલી સવારે સમુહખેતી ગામના ખેડૂત શ્રી મનસુખભાઈ કુંભાણીના ઘરે પહોંચ્યા હતાં અને ગાયોના પાલન પોષણની વિગતો મેળવી હતી.

કોડીનાર સોમનાથ એકેડેમી સ્કૂલ નું ગૌરવ

કૈલેશ ભટ્ટ ઉના:



ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર સ્થિત સોમનાથ એકેડમી સ્કૂલના સાત વિદ્યાર્થીઓએ ગુજરાત જુડો એસોસિએશન દ્વારા આયોજિત સબ જુનિયર સ્ટેટ જુડો ચેમ્પિયનશિપમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું આયોજન તા. ૧૪ અને ૧૫ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન અમદાવાદ ખાતે વિજય ભારત સ્પોર્ટ્સ એકેડમીમાં કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં સોમનાથ એકેડમી સ્કૂલના સાત ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું.આ સ્પર્ધામાં શાળાના ખેલાડીઓએ પોતાની પ્રતિભા, મહેનત અને રમતગમત પ્રત્યેની લગનનું સુંદર પ્રદર્શન કર્યું હતું. જેમાં ૧. બામણીયા જય – ૨૫ કિગ્રા વજન વર્ગ બ્રોન્ઝ મેડલ

૨. મકવાણા કેવલ – ૪૦ કિગ્રા વજન વર્ગ બ્રોન્ઝ મેડલ૩. સોલંકી હર્ષિતા – ૫૨ કિગ્રા વજન વર્ગ બ્રોન્ઝ મેડલ૪. મજગુલ અલજીના – ૫૭ કિગ્રા વજન વર્ગ બ્રોન્ઝ મેડલ૫. મોકરીયા હેતલ +૫૭ કિગ્રા વજન વર્ગ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી શાળા તથા ગીર સોમનાથ જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું.

રાજુલા તાલુકાના સમૂહખેતી ગામ ખાતે રાજ્યપાલના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક ખેતી પરિસંવાદ યોજાયો

પ્રાકૃતિક ખેતી અપનાવવાથી જમીનમાં ઓર્ગેનિક કાર્બન વધશે, ઉત્પાદન ઘટશે નહીં અને આવનારી પેઢીઓ ઝેરી આહારથી બચશેઃરાજ્યપાલ

સમૂહ ખેતી ગામે સામૂહિક ખેતીના પ્રણેતા ભગવાનાબાપા કસવાલાની પ્રતિમાનું મહાનુભાવોના હસ્તે અનાવરણ

અમરેલી:

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ઐતિહાસિક એવા સમૂહખેતી ગામ ખાતે આજે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને અને રાજ્યના કૃષિમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં 'પ્રાકૃતિક ખેતી પરિસંવાદ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ સમૂહખેતીનો વિચાર સાકાર કરનાર સ્વ. ભગવાનબાપા અને સ્વ. ગોવિંદભાઈ સહિત ૧૬ પ્રણેતાઓને સ્મરણાંજલિ આપી હતી અને ગોવિંદભાઈના નામે નિર્માણ પામનાર સરોવરનો ઉલ્લેખ કરી ગામની એકતાની સરાહના કરી હતી.





કાર્યક્રમની શરૂઆતમાં કૃષિમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ અને રાજ્ય સરકારની કૃષિલક્ષી નીતિઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કૃષિમંત્રીશ્રીની કામગીરીની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, ખેડૂતોના કલ્યાણ અને પ્રાકૃતિક ખેતીના પ્રચાર-પ્રસાર માટે મંત્રીશ્રીની પ્રતિબદ્ધતા અદ્ભુત છે.

પરિસંવાદમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતોને સંબોધતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ રાસાયણિક ખેતીના દુષ્પરિણામ વિશે લાલબત્તી ધરી હતી. તેમણે જણાવ્યું હતું કે, હરિયાળી ક્રાંતિ સમયે આપણી જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ૨ થી ૨.૫ ટકા હતું, જે રાસાયણિક ખાતરોના આડેધડ ઉપયોગથી આજે ઘટીને ૦.૫ ટકાથી પણ નીચે પહોંચી ગયું છે. એક સમયે અઢી એકરમાં માત્ર ૧૩ કિલો યુરિયા પૂરતું હતું, જેની સામે આજે એક એકરમાં ૧૩ બોરીઓ નાખવી પડે છે. આ ઝેરી રસાયણોએ હવા, ભૂગર્ભજળ અને આપણા ખોરાકને ઝેરી બનાવી દીધા છે. કેન્સર, હાર્ટ એટેક, ડાયાબિટીસ અને નાનાં બાળકોમાં જોવા મળતી ગંભીર બીમારીઓ આ ઝેરી ખોરાકનું જ પરિણામ છે. તાજેતરના એક વૈજ્ઞાનિક અહેવાલનો હવાલો આપતા તેમણે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી કે હવે માતાના દૂધમાં પણ જંતુનાશકો અને યુરિયાના અંશો જોવા મળ્યા છે, જે માનવજાત માટે મોટો ખતરો છે.

પ્રાકૃતિક ખેતીનો વૈજ્ઞાનિક અભિગમ સરળ ભાષામાં સમજાવતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રકૃતિએ ધરતીમાતાના રૂપમાં છોડ માટે જરૂરી ફોસ્ફરસ, ઝિંક, પોટાશ જેવા તમામ પોષક તત્ત્વોનો ખજાનો આપેલો છે. અળસિયાં અને સૂક્ષ્મ જીવાણુઓ જમીનને છિદ્રાળુ બનાવે છે અને આ ખનિજોને છોડના ખોરાકમાં પરિવર્તિત કરે છે. પરંતુ રાસાયણિક ખાતરોએ ખેડૂતના આ સાચા મિત્રો (અળસિયાં)નો નાશ કર્યો છે. દેશી ગાયના છાણ અને ગૌમૂત્રમાંથી બનતા 'જીવામૃત'નો ઉપયોગ કરવાથી આ સૂક્ષ્મ જીવાણુઓ પુનર્જીવિત થાય છે. જંગલનું ઉદાહરણ આપતા તેમણે સ્પષ્ટ કર્યું કે, જંગલમાં કોઈ ખાતર નાખવા જતું નથી છતાં વૃક્ષો લીલાછમ રહે છે. પ્રાકૃતિક ખેતી અપનાવવાથી જળસંચય વધે છે, જમીનની ફળદ્રુપતા જળવાય છે અને ઉત્પાદનમાં જરા પણ ઘટાડો થતો નથી. તેમણે પોતાના કુરુક્ષેત્ર ગુરુકુળના ૨૦૦ એકર ફાર્મનું ઉદાહરણ આપતા કહ્યું કે, ત્યાં રસાયણ વિના પણ દર વર્ષે ઉત્પાદન વધી રહ્યું છે.

પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ ખેડૂતોને રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવવા આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે રાસાયણિક ખાતરોના અંધાધૂંધ ઉપયોગથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ઘટી ગયું છે અને સમાજમાં ગંભીર બીમારીઓ વધી છે. તેના વિકલ્પે પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતા સુધરે છે અને ખેડૂતોને બજારમાં શુદ્ધ ઉત્પાદનોનો દોઢથી પોણા બે ગણો વધુ ભાવ મળે છે.

રાજ્યપાલશ્રીના જનજાગૃતિ અભિયાનની પ્રશંસા કરતા મંત્રીશ્રીએ માહિતી આપી હતી કે, હાલ ગુજરાતમાં ૯ લાખ જેટલા ખેડૂતો ૮.૭૯ લાખ એકર વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. અમરેલી જિલ્લામાં પણ ૧૭,૦૦૦ ખેડૂતોએ ૧૯,૦૦૦ એકરમાં પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી છે. રાજ્ય સરકારે પ્રાકૃતિક કૃષિના વ્યાપ માટે ૩ ગ્રામ પંચાયત દીઠ એક એવા ૪૮૯૦ ક્લસ્ટર બનાવ્યા છે. ૭૫૯૧ જેટલી કૃષિ સખીઓ અને ઝઈં મારફતે અત્યાર સુધીમાં લાખો ખેડૂતોને તાલીમ આપવામાં આવી છે. વધુમાં, હાલોલમાં દેશની પ્રથમ નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના કરાઈ છે અને ખેડૂતોના ઉત્પાદનોના સીધા વેચાણ માટે રાજ્યમાં ૧૪૦૦થી વધુ વેચાણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. અંતમાં, મંત્રીશ્રીએ આવનારી પેઢીને રોગમુક્ત જીવન અને શુદ્ધ જમીન આપવા માટે નાગરિકોને રસોડામાં અને ખેડૂતોને ખેતરમાં પ્રાકૃતિક ઉત્પાદનો અપનાવવાનો સામૂહિક સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો.

સમૂહ ખેતી ગામે સામૂહિક ખેતીના પ્રણેતા શ્રી ભગવાનાબાપા કસવાલાની પ્રતિમાનું મહાનુભાવોના હસ્તે અનાવરણ કરવામા આવ્યું હતું. તેમજ ગામના વિકાસમાં યોગદાન આપનારા મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું.સમૂહ ખેતી ગામે પધારેલા કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ રાજ્યપાલશ્રી સાથે સમૂહ ખેતી ગામે પ્રાથમિક શાળાના ઓરડામાં રાત્રિ રોકાણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, અગાઉ આ પ્રકારની તક નહોતી મળી પરંતુ પ્રથમવખત હું પણ રાજ્યપાલશ્રી સાથે આ પરંપરામાં સહભાગી થયો છું.

કાર્યક્રમના પ્રારંભે સમૂહ ખેતીના પ્રણેતા શ્રી ભગવાનબાપા કસવાલાના પૌત્ર અને સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ તેમજ રાજુલા-ખાંભા-જાફરાબાદ મતવિસ્તારના ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકીએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું.આ પ્રસંગે પ્રાકૃતિક કૃષિ કરતાં પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. રાજ્યપાલશ્રીએ કૃષિ સખી, સી.આર.પી., એ ફ . એ મ . ટી . , જી.એમ.ટી.એમ.ટી તેમજ પ્રગતિશીલ ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા સંવાદ કર્યો હતો.

આ કાર્યક્રમમાં ઊર્જા રાજ્ય મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા પંચાયતનાં અધ્યક્ષશ્રી દક્ષાબેન, સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા, ધારાસભ્યશ્રીઓ સર્વશ્રી હીરાભાઈ સોલંકી, જનકભાઈ તળાવિયા, મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડિયા, તાલુકા પંચાયત પ્રમુખશ્રી મદીબહેન, નિયંત્રિત બજાર સંઘના પ્રમુખ શ્રી જીગ્નેશ ભાઈ પટેલ અમરેલીના કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ કુમાર મોર્ય, પોલીસ અધિક્ષકશ્રી જયવીર ગઢવી, સુપર ન્યૂમરરી આસિસ્ટન્ટ કલેક્ટરશ્રી હર્ષિતા ગોયલ, આત્મા પ્રોજેક્ટ અને કૃષિ વિભાગના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત રાજ્ય
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ના.કા.ઇ.નાની સિંચાઇ પં.પે.વિ.લીલીયા
જાહેર નિવિદા નં.૦૪ સને૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીનો કચેરી, નાની સિંચાઇ પંચાયત પેટા વિભાગ, લીલીયા, ફોન નં. ૦૨૭૯૩-૨૩૭૫૨ ધ્વારા ગુજરાત રાજ્ય, નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તેમજ માર્ગ અને મકાન વિભાગના કોન્ટ્રાકટરની માન્ય યાદીની શ્રેણીમાં નોંધાયેલા કોંટ્રાકટરો પાસેથી કુલ ૧ કામ માટે ફકત રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ/કુરિયરથી સિલબંધ કવરમાં એસ.બી.ડી. ફોર્મમાં ટેન્ડર માંગવામાં આવે છે. જેની વિગતવાર માહિતી ઉપરોક્ત પેટા વિભાગીય કચેરી ખાતેથી મેળવવાની રહેશે.

૧) કોરા ટેન્ડર ઉપાડવાની આખરી તારીખ	૩૦/૧૧/૨૦૨૬
૨) ભાવો ભરેલ ટેન્ડર પહોચતા કરવાની આખરી તારીખ	૦૫/૧૨/૨૦૨૬
૩) ટેન્ડર ખોલવાની તારીખ	૦૭/૧૨/૨૦૨૬

સ્થળ :: નાયબ કાર્યપાલક ઇજનેરની કચેરી, નાની સિંચાઇ પંચાયત પેટા વિભાગ, ડો.ઘનાણી સાહેબના દવાખાના ઉપર, લાઠી રોડ, લીલીયા-(૦૨૭૯૩) ૨૩૭૫૨

ચલાલા નગરપાલિકા - ચલાલા
જીલ્લો : અમરેલી
ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ

આથી ચલાલા નગરપાલિકા, ચલાલા, જી.અમરેલીને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ વિવિધ યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરે છે. કામનં.૧:- સને ૨૦૨૪-૨૫ (બચત રકમ) અને સને ૨૦૨૫-૨૬ વર્ષની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી-૮૮) અંતર્ગત ટ્રી-મીકસ સાથે સી.સી. રોડ, બોકસ કલવર્ટ, આર.સી.સી. પાઇપ ડ્રેનેજ, પ્રોટેકશન વોલ, ગેટ અને LED સ્ટ્રીટ લાઇટની કામગીરી અને કામનં.૨:- સને ૨૦૨૬-૨૭ વર્ષની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (અર્બન ફોરેસ્ટ) અંતર્ગત શહેર ચલાલા STP પાછળ ખાંભા રોડ પર ઓકિસજન પાર્કની કામગીરીની કામગીરી કરાવવા માટે તા.૨૬/૧૧/૨૦૨૬' થી ઓનલાઇન ઈ-ટેન્ડરીંગ ભાવપત્રક, વિગતવાર ટેન્ડર નોટિસ, બીડ દસ્તાવેજો, પ્રાઇસ બીડ વગેરે વેબસાઈટ https://tender.nprocure.com ઉપર ઉપલબ્ધ થશે અને ડાઉનલોડ થશે અને હવે પછીની તમામ આનુષાંગિક માહિતી, સૂચના અને સુધારા ઉપર જણાવેલ વેબસાઇટ પર મુકવામાં આવશે. ચલાલા નગરપાલિકા કોઈપણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઈપણ અથવા બધી ઓફરોને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

ચીફ ઓફીસર ' ચલાલા નગરપાલિકા
પ્રમુખ ચલાલા નગરપાલિકા

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

દુનિયા જોઈ રહી છે અમેરિકાની આગામી ચાલ

અમેરિકામાં બદલાતો મિજાજ અને ટ્રમ્પની ઘટતી લોકપ્રિયતા એ આજે માત્ર અમેરિકાનો અંદરનો સવાલ નથી રહ્યો, તે આખી દુનિયાની રાજનીતિને અસર કરતો સવાલ બની ગયો છે. એક સમયે જે નેતાને અમેરિકાની જનતાએ બદલાવના પ્રતીક તરીકે વધાવ્યો હતો, આજે એ જ જનતાનો મોટો વર્ગ તેમનાથી નારાજ દેખાઈ રહ્યો છે. તાજેતરના સર્વેક્ષણો આ વાતની સાક્ષી પૂરે છે. નવેમ્બર મહિનામાં આવેલા રોઇટર્સ ઇપ્સોસના સર્વેમાં ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતા માત્ર બત્રીસ ટકા જેટલી રહી છે, જે તેમની કારકિર્દીનો સૌથી નીચો સ્તર ગણાય છે. ઇકોનોમિસ્ટ યુગોવના સર્વેમાં પણ આ જ આંકડો જોવા મળ્યો છે. લગભગ ત્રણમાંથી બે અમેરિકનો આજે તેમના કામકાજથી નારાજ છે. આ નારાજગીનું સૌથી મોટું કારણ અર્થતંત્ર છે. ઈરાન સાથેના યુદ્ધની અસરને કારણે પેટ્રોલના ભાવ વધ્યા છે, રોજિંદી વસ્તુઓ મોંઘી થઈ છે અને સામાન્ય પરિવારનું બજેટ ખોરવાઈ ગયું છે. લોકોને એવું લાગી રહ્યું છે કે મોટી મોટી વાતો થાય છે પણ તેમના ઘરનું રસોડું સસ્તું થતું નથી. નોકરી, મોંઘવારી, આરોગ્ય અને શિક્ષણ જેવા મુદ્દાઓ પર સરકાર નિષ્ફળ રહી છે એવી લાગણી ઘર ઘરમાં ફેલાઈ રહી છે. આ જ કારણે મધ્યસત્ર ચૂંટણીમાં રિપબ્લિકન પક્ષને ભારે નુકસાન થયું અને તેની સીધી અસર ટ્રમ્પની છબી પર પડી છે. આજે અમેરિકામાં લોકો પૂછી રહ્યા છે કે દેશ કઈ દિશામાં જઈ રહ્યો છે અને આ સવાલનો જવાબ સત્તાધારી પક્ષ પાસે નથી દેખાતો.

આ જ ઘટતી લોકપ્રિયતાનો પડઘો મનિલામાં પણ સંભળાયો. જ્યારે ટ્રમ્પ આસિયાન શિખર સંમેલન માટે મનિલા પહોંચ્યા ત્યારે તેમનું સ્વાગત ફૂલોથી નહીં પણ વિરોધના નારાઓથી થયું. પંદરમી નવેમ્બરે સેંકડો દેખાવકારો મનિલાના રસ્તા પર ઉતરી આવ્યા હતા અને પોલીસ સાથે તેમની અથડામણ પણ થઈ હતી. દેખાવકારોના હાથમાં ટ્રમ્પ આઉટ નાઉ અને રિજેક્ટ પેક્સ સિલિકા જેવા બેનરો હતા. તેમના હાથમાં ટ્રમ્પના પૂતળાં પણ હતા. સત્તરમી નવેમ્બરે તો લગભગ દસ હજાર લોકો રેલીમાં જોડાય તેવી અપેક્ષા રખાઈ હતી. બે હજારથી વધુ દેખાવકારો પોલીસના કડક બંદોબસ્ત વચ્ચે પણ પોતાનો વિરોધ નોંધાવી રહ્યા હતા. ફિલિપાઇન્સના લોકોનો આ વિરોધ માત્ર એક વ્યક્તિ સામેનો વિરોધ નહોતો, તે અમેરિકાના વધતા પ્રભાવ, તેની વિદેશ નીતિ અને પેક્સ સિલિકા જેવી યોજના સામેનો વિરોધ હતો. આ દૃશ્યએ આખી દુનિયાને બતાવી દીધું કે આજે અમેરિકાના રાષ્ટ્રપતિને પોતાના દેશમાં જ નહીં, વિદેશમાં પણ વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. એક સમયે જે અમેરિકા દુનિયાનું નેતૃત્વ કરતું હતું, આજે તેના જ નેતાને દુનિયાના એક ખૂણામાં નોટ વેલકમ કહેવામાં આવી રહ્યું છે. આ ઘટના અમેરિકાની વિદેશ નીતિ માટે પણ એક ચેતવણી છે.

સોનિયા ગાંધીની કલમે કહેલી હૃદયની વાત

પ્રાંસગિક
સુરેશ ભટ્ટ

દિલ્હીની એક સાંજે જ્યારે રાજધાનીના એક પ્રતિષ્ઠિત સભાગૃહમાં દીવાઓના અજવાળા વચ્ચે સોનિયા ગાંધી પોતાના જીવનની કથા લઈને ઉપસ્થિત થયાં ત્યારે ત્યાં એકત્ર થયેલા સૌ કોઈના મનમાં એક જ ભાવ હતો કે આ કોઈ સામાન્ય પુસ્તક પ્રકાશન નથી. આ એક એવી સ્ત્રીના હૃદયના ઉદગાર છે જેણે સાત સમંદર પારથી આવીને આ દેશને પોતાનું ઘર બનાવ્યું, આ માટીને પોતાની માટી માની અને આ લોકોને પોતાના સ્વજન ગણ્યા. બિલોંગિંગ: અ જર્ની ઓફ લવ નામનું આ પુસ્તક શબ્દોનો સંગ્રહ માત્ર નથી, તે એક લાંબી અંતરયાત્રાનો આયનો છે જેમાં પ્રેમ, વેદના, ધૈર્ય, ત્યાગ અને સ્વીકારની છબીઓ સ્પષ્ટ દેખાય છે. સોનિયાજીએ મંચ પરથી અત્યંત નમ્રતાથી કહ્યું કે તેમના વિશે અત્યાર સુધી ઘણું કહેવાયું છે, ઘણું લખાયું છે, પરંતુ તે મોટાભાગે તેમના સાચા અનુભવથી દૂર રહ્યું છે. લોકોએ તેમની આસપાસ કલ્પનાઓની જાળ ગૂંથી છે, અસત્ય વાતોને સત્ય માની લેવામાં આવી છે અને ઘણી વખત તેમના હૃદયને ઠેસ પહોંચે તેવી ટિપ્પણીઓ પણ થઈ છે. એટલા માટે તેમણે પોતે જ કલમ ઉપાડી અને પોતાની લાગણીઓને પોતાની જ ભાષામાં લોકો સુધી પહોંચાડવાનું પસંદ કર્યું. આ નિર્ણયમાં કોઈની સામે ફરિયાદ નથી, કોઈની સામે વેર નથી, માત્ર પોતાના સત્યને પ્રેમથી કહેવાની એક સૌમ્ય ઇચ્છા છે. આ જ ઇચ્છા આ ગ્રંથને રાજકીય પુસ્તકમાંથી માનવીય પુસ્તક બનાવે છે.

હાર્પરકોલિન્સ ઇન્ડિયા દ્વારા પ્રગટ થયેલું આ સંસ્મરણ ૧૦ નવેમ્બરે વાચકોના હાથમાં આવ્યું અને જોતજોતામાં તે વાચકોનું પ્રિય બની ગયું. ટૂંકા ગાળામાં તેની લાખો નકલોનું વેચાણ એ વાતની સાબિતી છે કે આજે પણ લોકોને સાચી અને હૃદયસ્પર્શી કથાઓ વાંચવી ગમે છે. આ ગ્રંથમાં સોનિયાજીએ ઇટાલીના ઓર્બાસાનો નામના નાના ગામમાં વિતાવેલા બાળપણથી માંડીને કેમ્બ્રિજમાં રાજીવ ગાંધી સાથે થયેલી પહેલી મુલાકાત, તે મુલાકાતમાંથી જન્મેલા પ્રેમ, લગ્ન માટેની સંમતિ, ભારતમાં આવ્યા પછીની શરૂઆતની મૂંઝવણ, નવી ભાષા, નવી વાનગીઓ, નવા રીતરિવાજો અને નવા પરિવાર સાથે તાલમેલ બેસાડવાની મથામણ સુધીની વાતોને અત્યંત સહજતાથી વણી લીધી છે. તેમણે પોતાના સાસુ ઇન્દિરા ગાંધી વિશે લખ્યું છે કે શરૂઆતમાં તેમના વ્યક્તિત્વથી તેઓ પ્રભાવિત પણ હતાં અને થોડાં ડરેલાં પણ હતાં, પરંતુ સમય જતાં તે અંતર ઓગળી ગયું અને સાસુ વહુનો સંબંધ માતા દીકરીના સંબંધ જેવો મીઠો બની ગયો. ઇન્દિરાજીની કરુણ હત્યા અને ત્યારબાદ રાજીવજીની હત્યાએ તેમના જીવનને હચમચાવી નાખ્યું. એક પત્ની તરીકે, એક માતા તરીકે અને એક પુત્રવધૂ તરીકે તેમણે જે દુ:ખ સહન કર્યું તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. છતાં તેઓ તૂટ્યાં નહીં, તેમણે પોતાના બંને સંતાનોને પિતાની છત્રછાયા વિના પણ સંસ્કાર, શિક્ષણ અને પ્રેમથી ઉછેર્યાં. આ પુસ્તકનું શીર્ષક બિલોંગિંગ એટલે કે પોતીકાપણું એ જ તેમના જીવનનો સાર છે. જે વ્યક્તિ પોતાને શરૂઆતમાં પરાઈ લાગતી હતી તેણે ધીમે ધીમે આ દેશને પોતાનો કરી લીધો અને આ દેશે પણ તેને પોતાની કરી લીધી. આ સ્વીકાર કોઈ પદથી નથી મળ્યો, આ સ્વીકાર હૃદયથી મળ્યો છે.

આ પુસ્તકના ઔપચારિક લોકાર્પણ પ્રસંગે દિલ્હીના આઇટીસી મૌર્ય ખાતે દેશના અનેક રાજકીય પક્ષોના આગેવાનો એક જ મંચની નીચે જોવા મળ્યા. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા ઉપરાંત તમિલનાડુના મુખ્યમંત્રી વિજય, ઝારખંડના હેમંત સોરેન, જમ્મુ કાશ્મીરના ઓમર અબ્દુલ્લા, કર્ણાટકના ડી. કે. શિવકુમાર, હિમાચલ પ્રદેશના સુખવિંદર સિંહ સુખુ, સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવ, તૃણમૂલ કોંગ્રેસના અભિષેક બેનર્જી, રાષ્ટ્રવાદી કોંગ્રેસના સુપ્રિયા સુલે અને ફારુક અબ્દુલ્લા સહિત અનેક નેતાઓએ હાજરી આપી. આ હાજરી એ વાતનું પ્રતીક હતી કે આ પ્રસંગ કોઈ એક પક્ષના સીમાડામાં બંધાયેલો નહોતો. તે ભારતીય લોકશાહીમાં રહેલા સૌજન્ય, સંવાદ અને સહઅસ્તિત્વનો ઉત્સવ હતો. પરંતુ તે સાંજની સૌથી યાદગાર ક્ષણ ત્યારે સર્જાઈ જ્યારે રાહુલ ગાંધીએ પ્રથમ હરોળમાં બેઠેલા પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અને હાલ ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા કેપ્ટન અમરિન્દર સિંહ તરફ જોઈને પોતાના બાળપણનું એક સંસ્મરણ કહ્યું. રાહુલ ગાંધીએ કહ્યું કે અમે અમારા માતા પિતાને નાની મોટી તકરાર કરતા જોયાં છે, પરંતુ ખરેખર ઉગ્ર મતભેદ થતો હોય તેવું માત્ર એક જ વાર જોયું છે અને અચાનક જોગાનુજોગ એવો બન્યો કે તે વખતે પિતાજી ટેલિફોન પર અમરિન્દર સિંહજી સાથે વાત કરી રહ્યા હતા. આ સાંભળીને આખો સભાખંડ હસી પડ્યો. રાહુલ ગાંધીએ હળવી શૈલીમાં તેમને પૂછ્યું કે તમને સાંભરે છે ને, ત્યારે અમરિન્દર સિંહના ચહેરા પર એક મીઠું સ્મિત આવી ગયું. આ એક રમૂજી પ્રસંગ લાગે, પરંતુ તેની પાછળ એક આખા પરિવારનો પ્રેમ છુપાયેલો હતો.

રાહુલ ગાંધીએ આગળ કહ્યું કે તેમના ઘરમાં ભોજનના સમયે પિતાના ખોળામાં માતા બેસી જતાં હતાં અને તેમને એમ જ લાગતું હતું કે દુનિયાના દરેક ઘરમાં આવું જ થતું હશે. જ્યારે તેઓ મિત્રોના ઘરે ગયા ત્યારે તેમને ખબર પડી કે બધે આવું નથી હોતું. આ વાત સાંભળીને ત્યાં બેઠેલા સૌ કોઈ ભાવુક થઈ ગયા. એક દીકરો પોતાના માતા પિતાના દાંપત્યજીવનને આટલા ગૌરવ અને નિર્દોષતાથી યાદ કરે તે દૃશ્ય કોઈપણ ભાષણ કરતાં વધુ અસરકારક હતું. અમરિન્દર સિંહે પાછળથી કહ્યું કે રાજીવ ગાંધી સાથે તો તેમની એટલી બધી વાતચીત થઈ છે કે કયા પ્રસંગની વાત થાય છે તે બરાબર યાદ નથી આવતું, પરંતુ તે સંબંધની મીઠાશ આજે પણ એટલી જ તાજી છે.



રાજીવ ગાંધી અને અમરિન્દર સિંહ શાળાજીવનના મિત્રો હતા, રાજીવજીએ જ તેમને જાહેર જીવનમાં આગળ લાવવામાં મદદ કરી હતી. વર્ષો સુધી આ મિત્રતા અડીખમ રહી. વચ્ચે રાજકારણના ચઢાવ ઉતાર આવ્યા, મતભેદો થયા, પક્ષો બદલાયા, પરંતુ મિત્રતાનો દોર ક્યારેય તૂટ્યો નહીં. આ પ્રસંગે તે દોર ફરી એકવાર સૌની નજર સામે આવ્યો.

આ ઘટનામાંથી આપણને આજના રાજકારણ માટે સૌથી મોટો બોધપાઠ મળે છે. આજે રાજકારણને ઘણી વખત માત્ર વિરોધ અને ટીકાનું મેદાન માની લેવામાં આવે છે. નેતાઓ એકબીજા વિશે કડવી વાતો કરે છે, કાર્યકરો એકબીજાને દુશ્મન માનવા લાગે છે અને સમાજમાં પણ તેની અસર જોવા મળે છે. ત્યારે આ પ્રસંગે બતાવ્યું કે વિચારધારા જુદી હોવા છતાં વ્યક્તિગત સંબંધો જાળવી શકાય છે. અમરિન્દર સિંહ આજે ભાજપમાં છે, તેઓ સોનિયા ગાંધીના પક્ષના વિરોધ પક્ષમાં છે, છતાં તેઓ આમંત્રણ મળતાં જ આવ્યા અને ગાંધી પરિવારે પણ તેમને પોતાના પરિવારના સભ્યની જેમ આવકાર્યા. અમરિન્દર સિંહે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે આ તો એક સામાજિક મિલન છે, તેમાં રાજકારણ શોધવાની જરૂર નથી. તેમણે યાદ કરાવ્યું કે જ્યારે તેમણે પોતાના પુસ્તકોનું લોકાર્પણ કર્યું ત્યારે સોનિયાજી ત્રણ વખત ઉપસ્થિત રહ્યાં હતાં. આ પરસ્પર આદરની ભાવના જ ભારતીય સંસ્કૃતિનું સાચું ઘરેણું છે. આપણી પરંપરામાં કહેવાયું છે કે મતભેદ હોઈ શકે, મનભેદ ન હોવો જોઈએ. આ પ્રસંગે તે સૂત્ર જીવંત થતું જોવા મળ્યું. કોંગ્રેસના વરિષ્ઠ નેતા સલમાન ખુર્શીદે કહ્યું કે અમરિન્દર સિંહ અમારી સાથે હોય તો આનંદ થાય, તો બીજા નેતા અંબિકા સોનીએ કહ્યું કે આ પ્રસંગને કોઈ રાજકીય રંગ આપવાની જરૂર નથી, તે માત્ર જૂના સંબંધોની ઉજવણી છે. આ બંને વાતો એક જ સત્ય તરફ ઈશારો કરે છે કે રાજકારણમાં આવવું જવું ચાલતું રહે છે, પરંતુ માણસાઈ કાયમ રહે છે.અમરિન્દર સિંહના આગમનથી પંજાબના રાજકારણમાં પણ એક નવી ચર્ચા શરૂ થઈ છે. ૨૦૨૧માં જ્યારે તેમણે કોંગ્રેસ છોડી ત્યારે વાતાવરણ ઘણું તંગ હતું. તેમણે પોતાની લાગણી વ્યક્ત કરી હતી અને પોતાનો અલગ માર્ગ પસંદ કર્યો હતો. ત્યારબાદ તેમણે પોતાનો પક્ષ બનાવ્યો અને પાછળથી ભાજપમાં જોડાયા. પરંતુ આ પ્રસંગે તે કડવાશ ક્યાંય જોવા મળી નહીં. તેમણે કહ્યું કે એકવાર નિર્ણય લઈ લીધા પછી તે અંગે ફરિયાદ કરવી તેમના સ્વભાવમાં નથી. આ વાક્યમાં એક સૈનિકની શિસ્ત, એક વડીલની ગંભીરતા અને એક રાજનેતાની પરિપક્વતા ત્રણેયનો સમન્વય જોવા મળે છે. તેઓ આજે ૮૪ વર્ષના છે, સ્વાસ્થ્યની તકલીફો છતાં તેઓ પોતાના જૂના મિત્રના પરિવારના આનંદમાં ભાગ લેવા આવ્યા. આ દૃશ્ય પંજાબની નવી પેઢીને પણ સંદેશ આપે છે કે રાજકારણમાં સ્પર્ધા હોઈ શકે, પરંતુ વેર ન હોવું જોઈએ. જો આ ભાવના દેશભરમાં ફેલાય તો ચૂંટણી પછી પણ નેતાઓ એકબીજાના સુખ દુ:ખમાં સાથે ઊભા રહી શકશે અને લોકશાહી વધુ મજબૂત બનશે.સોનિયા ગાંધીનું આ પુસ્તક યુવા પેઢી માટે પણ એક માર્ગદર્શક છે. તે બતાવે છે કે જીવનમાં સફળતા માત્ર પદ કે સત્તાથી નથી મળતી, સફળતા મળે છે પ્રેમ, ધૈર્ય અને મૂલ્યોને સાચવવાથી. જે સ્ત્રીને શરૂઆતમાં આ દેશની ભાષા પણ નહોતી આવડતી તેણે આ દેશના લોકોના દિલ જીતી લીધાં. આ કોઈ ચમત્કાર નથી, આ તેમના સરળ સ્વભાવ, સેવાભાવ અને સમર્પણનું પરિણામ છે. રાહુલ ગાંધીએ પોતાના માતા પિતાના પ્રેમની વાત કરી ત્યારે તે દરેક ભારતીય ઘરની વાત બની ગઈ. દરેક ઘરમાં નાની મોટી તકરાર થાય છે, પરંતુ જો વચ્ચે પ્રેમનો દોર મજબૂત હોય તો તે તકરાર પણ યાદગાર બની જાય છે. આ પુસ્તક અને આ પ્રસંગ આપણને એ શીખવે છે કે કુટુંબ એ જીવનની સૌથી મોટી સંપત્તિ છે અને સંબંધો એ જીવનની સૌથી મોટી મૂડી છે. પુસ્તકો આવતાં રહેશે, ચૂંટણીઓ આવતી રહેશે, પક્ષો બદલાતા રહેશે, પરંતુ જો પ્રેમ, આદર અને પોતીકાપણું ટકી રહેશે તો સમાજ હંમેશા સમૃદ્ધ રહેશે. સોનિયા ગાંધીએ પોતાની કલમે આ સંદેશ આપ્યો અને અમરિન્દર સિંહની ઉપસ્થિતિએ તે સંદેશને મંચ પર સાકાર કરી બતાવ્યો. આ જ આ પ્રસંગની સૌથી મોટી સુંદરતા છે અને આ જ તેની સૌથી મોટી સફળતા છે.

૪૯ વર્ષથી ચાલતી વોયેજર અવકાશયાનની અવિરત યાત્રા

અવકાશ યાત્રામાં વોયેજર વનનું સ્થાન સૌથી આગળ છે. કારણ કે તે એટલે દૂર ગયું છે જ્યાં આજ સુધી કોઈ ગયું નથી. ઓગણીસો સિત્તોતેરની પાંચમી સપ્ટેમ્બરે જ્યારે આ યાનને અવકાશમાં તરતું મૂકવામાં આવ્યું ત્યારે કોઈને ખબર નહોતી કે તે આટલી લાંબી યાત્રા કરશે. ત્યારે તેનો હેતુ માત્ર સૂર્યમંડળના સૌથી મોટા ગ્રહ ગુરુ અને પાઘડી પહેરેલા સુંદર ગ્રહ શનિનો અભ્યાસ કરવાનો હતો. વૈજ્ઞાનિકોને એમ હતું કે થોડા વર્ષોમાં તેનું કામ પૂરું થઈ જશે. પણ વોયેજર વને સૌની ધારણાને ખોટી પાડી દીધી. તે ગુરુને મળ્યું, શનિને મળ્યું, તેના ચંદ્રોને જોયા, ત્યાંની તસવીરો મોકલી અને પછી આગળ વધતું જ રહ્યું. તે અટક્યું નહીં, થાક્યું નહીં, પાછું વળ્યું નહીં.

માનવીનું મન હંમેશા આકાશ તરફ જોતું આવ્યું છે. રાત્રે તારાઓને જોઈને બાળકથી માંડીને વડીલ સુધી સૌના મનમાં એક જ સવાલ ઉઠતો રહ્યો છે કે આ આકાશની પેલે પાર શું હશે. આપણા વડવાઓએ આકાશને દેવોનું ઘર માન્યું, કવિઓએ તેને સપનાનો દેશ કહ્યો, વૈજ્ઞાનિકોએ તેને પ્રશ્નોનો સાગર કહ્યો. એ જ પ્રશ્નોના જવાબ શોધવા માટે માનવીએ એક પછી એક પગલાં ભર્યાં. પહેલા દૂરબીન બનાવ્યું, પછી રોકેટ બનાવ્યું, પછી ચંદ્ર પર પગ મૂક્યો અને પછી રોજની જિંદગીમાં ગામથી શહેર સુધીના અંતરમાં વિચારીએ છીએ. પણ અહીં વાત અબજો કિલોમીટરની છે. અહીં સંખ્યા મોટી થઈ જાય છે અને કલ્પના નાની પડી જાય છે. એટલા માટે જ વૈજ્ઞાનિકો કહે છે કે વોયેજર વન હવે માત્ર દૂર નથી ગયું, તે માનવીની કલ્પનાથી પણ દૂર ગયું છે. તે જ્યાં છે ત્યાંથી પૃથ્વી પરથી મોકલેલો સંદેશો પહોંચતા આખા ચોવીસ કલાક લાગે છે. એટલે કે આજે આપણે કંઈ મોકલીએ તો તે આવતી કાલે ત્યાં પહોંચે. અને ત્યાંથી કંઈ આવે તો તે પણ એ વાત જ અદભુત છે. આજે આપણી આસપાસ બધું બદલાઈ ગયું છે. કોમ્પ્યુટર બદલાઈ ગયા, મોબાઇલ બદલાઈ ગયા, સંદેશા વ્યવહારની રીત બદલાઈ ગઈ. આપણા હાથમાં રહેલો એક નાનકડો મોબાઈલ તે સમયના મોટા કોમ્પ્યુટર કરતા અનેક ગણો શક્તિશાળી છે. છતાં વોયેજર વનનું જૂનું યંત્ર આજે પણ કામ કરે છે. તેને ઠંડી લાગતી નથી, તેને અંધારું નડતું નથી, તેને એકલતા ડરાવતી નથી. તે સૂર્યથી એટલે દૂર છે કે ત્યાં સૂર્યનો પ્રકાશ પણ ઝાંખો પડી ગયો છે. ત્યાં તે સૌર ઊર્જાથી ચાલતું નથી, તે પોતાની અંદર રહેલી શક્તિથી ચાલે છે. ધીમે ધીમે તેની શક્તિ ઘટી રહી છે એ વાત સાચી છે, પણ હજી તે હાર્યું નથી. તે હજી માહિતી મોકલે છે, હજી સાંભળે છે, હજી જવાબ આપે છે. આ ધીરજ અને ટકાઉપણું જ તેને માઇલસ્ટોન બનાવે છે.આ સફળતાની ઉજવણી માટે નાસાએ એક સુંદર કાર્યક્રમનું આયોજન કર્યું છે. આ કાર્યક્રમનું નામ છે શાઇન બ્રાઇટ ફોર વોયેજર્સ લાઇટ ડે. સત્તરમી નવેમ્બરે સૂર્યાસ્ત પછી આખા અમેરિકાની જનતાને અને દુનિયાના લોકોને આમંત્રણ આપવામાં આવ્યું છે કે તેઓ આકાશ તરફ પ્રકાશ ફેંકે. મોબાઇલની ટોર્ચ હોય, ફ્લેશલાઇટ હોય, કે કોઈ પણ પ્રકાશ હોય, તેને આકાશ તરફ ધરીને મોર્સ કોડમાં વીજીઆર એટલે કે વોયેજરનું ટૂંકું નામ લખવાનું છે. આ પ્રકાશ વોયેજર વન સુધી ક્યારેય પહોંચશે નહીં એ વાત વૈજ્ઞાનિકો પણ જાણે છે. પણ આ ઉજવણીનો હેતુ પ્રકાશ પહોંચાડવાનો નથી, લાગણી પહોંચાડવાનો છે. પૃથ્વી પર રહેલા કરોડો લોકો એક સાથે આકાશ તરફ જોઈને એક જ યંત્રને યાદ કરે, તેને સલામ કરે, તેનો આભાર માને એ જ આ ઉજવણીની સુંદરતા છે. આ એક પ્રતીકાત્મક સોનાના પ્રકાશની લહેર છે. જેમ કોઈ વહાલા માણસને વિદાય આપતી વખતે આપણે હાથ હલાવીએ છીએ, એમ આખી પૃથ્વી વોયેજરને હાથ હલાવીને કહે છે કે તું આગળ વધ, અમે તારી સાથે છીએ.ભારત માટે પણ આ ઘટના ખાસ છે. કારણ કે ભારતના વૈજ્ઞાનિકો પણ આ યાત્રાને ધ્યાનથી જોઈ રહ્યા છે. મુંબઈની ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચના વરિષ્ઠ ખગોળશાસ્ત્રી અને હાલ મોહાલીની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચના વરિષ્ઠ વિજ્ઞાની ડો. કે. પી. સિંહે કહ્યું છે કે વોયેજર વને અંતરિક્ષ સંશોધનના ઇતિહાસમાં અદભુત અને યાદગાર કામગીરી કરી છે. તેમના મતે આટલી જૂની ટેકનોલોજી ઓગણપચાસ વર્ષ સુધી ટકી રહે એ જ સૌથી મોટું આશ્ચર્ય છે. ભારતનું પોતાનું અંતરિક્ષ સંશોધન પણ આજે ઝડપથી આગળ વધી રહ્યું છે. ચંદ્રયાન અને મંગળયાનની સફળતા પછી ભારતના યુવાનોમાં અંતરિક્ષ પ્રત્યે રસ વધ્યો છે. વોયેજરની વાત તેમને એ શીખવે છે કે મોટું સપનું જોવું અને તેને વળગી રહેવું એ જ સાચી સફળતા છે. એક નાનકડું યાન જો અબજો કિલોમીટર દૂર જઈ શકે તો આપણા સપનાઓ પણ કેમ ન જઈ શકે.વોયેજર વન માત્ર એક યંત્ર નથી, તે માનવીનો સંદેશવાહક પણ છે. તેની સાથે એક સોનાની રેકોર્ડ પણ મોકલવામાં આવી છે જેમાં પૃથ્વીના અવાજો, સંગીત, ભાષાઓ અને તસવીરો છે. એટલે કે જો ક્યારેક કોઈ બીજી દુનિયાનું જીવન તેને મળે તો તેને ખબર પડે કે પૃથ્વી પર કેવા લોકો રહેતા હતા, તેઓ કેવું ગાતા હતા, કેવું બોલતા હતા, કેવું હસતા હતા. આ વિચાર જ કેટલો સુંદર છે કે માનવીએ પોતાની ઓળખને એક નાનકડી ડિસ્કમાં મૂકીને અનંતમાં મોકલી દીધી. આજે તે ડિસ્ક પણ વોયેજર સાથે જ મુસાફરી કરી રહી છે. માનવીની જિજ્ઞાસા ક્યારેય પૂરી થતી નથી. એક પ્રશ્નનો જવાબ મળે એટલે બીજો પ્રશ્ન ઊભો થાય છે. વોયેજર વને ઘણા પ્રશ્નોના જવાબ આપ્યા છે અને ઘણા નવા પ્રશ્નો પણ ઊભા કર્યા છે.અઢારમી નવેમ્બર બુધવારે ભારતીય સમય મુજબ બપોરે ત્રણ વાગીને છેતાલીસ મિનિટે વોયેજર વન એક પ્રકાશ દિવસના અંતરે પહોંચ્યું ત્યારે દુનિયાભરના વૈજ્ઞાનિકોની નજર તેના પર હતી. અમેરિકામાં સવારના પાંચ વાગીને સોળ મિનિટ અને સાત સેકન્ડનો સમય હતો. આ સમય માનવજાતના કેલેન્ડરમાં નોંધાઈ ગયો છે. જેમ પહેલા માનવીએ ચંદ્ર પર પગ મૂક્યો ત્યારે દુનિયા થંભી ગઈ હતી, એમ આ ક્ષણે પણ દુનિયા થોડી વાર માટે થંભીને આકાશ તરફ જોઈ રહી. આપણી પૃથ્વી આ વિશાળ બ્રહ્માંડમાં એક નાનકડું બિંદુ છે, પણ એ બિંદુ પર રહેતા માણસે એવું યંત્ર બનાવ્યું છે જે બ્રહ્માંડમાં અબજો કિલોમીટર દૂર ચાલી રહ્યું છે. આ વિરોધાભાસ જ માનવીની મહાનતા છે.આજે વોયેજર વન ધીમે ધીમે નબળું પડી રહ્યું છે. તેની શક્તિ ઘટી રહી છે. એક દિવસ એવો આવશે જ્યારે તેનો સંપર્ક તૂટી જશે. વૈજ્ઞાનિકો કહે છે કે આવનારા થોડા વર્ષોમાં તેના ઉપકરણો એક પછી એક બંધ થઈ જશે. પણ તે બંધ થઈ જશે તો પણ તેની યાત્રા અટકશે નહીં. તે અનંતમાં તરતું રહેશે, તારાઓ વચ્ચેથી પસાર થતું રહેશે. કદાચ હજારો વર્ષો પછી તે કોઈ બીજા તારાની નજીકથી પસાર થશે. ત્યારે પણ તે માનવીની વાત કહેતું રહેશે. માનવી મરી જશે, સંસ્કૃતિઓ બદલાઈ જશે, પણ વોયેજર ચાલતું રહેશે. એટલા માટે જ આજનો દિવસ માત્ર એક વૈજ્ઞાનિક સીમાચિહ્ન નથી, તે માનવીની અમરતાની વાત છે.

આપણે આ પ્રસંગમાંથી શું શીખવું જોઈએ. પહેલું એ કે સપનું મોટું જોવું જોઈએ. બીજું એ કે ધીરજ રાખવી જોઈએ. ઓગણપચાસ વર્ષ એટલે લગભગ અડધી સદી. આટલા લાંબા સમય સુધી એક જ કામને વળગી રહેવું એ સહેલું નથી. ત્રીજું એ કે ટીમવર્કનું મહત્વ સમજવું જોઈએ. વોયેજરને બનાવનારા ઘણા વૈજ્ઞાનિકો આજે આ દુનિયામાં નથી, પણ તેમનું કામ આજે પણ જીવે છે. નવી પેઢીના વૈજ્ઞાનિકો તેને સંભાળી રહ્યા છે. આમ એક પેઢીમાંથી બીજી પેઢીમાં જ્ઞાન અને જવાબદારી સોંપાતી રહે છે. ચોથું એ કે નિષ્ફળતાથી ડરવું નહીં. વોયેજરની યાત્રામાં ઘણી વખત મુશ્કેલી આવી, સંપર્ક તૂટ્યો, ઉપકરણોમાં ખામી આવી, પણ દર વખતે વૈજ્ઞાનિકોએ નવો રસ્તો શોધી કાઢ્યો. અને છેલ્લું એ કે આપણે બધા એક જ પૃથ્વીના વતની છીએ. વોયેજરને જોઈને દેશ, ધર્મ, ભાષા અને સરહદના ભેદ ભૂલાઈ જાય છે.



આસપાસ યોપાસ
સુરેશ ભટ્ટ

અંતમાં એટલું જ કહેવાનું કે અઢારમી નવેમ્બર બે હજાર છવ્વીસનો દિવસ આપણને યાદ અપાવે છે કે માનવી નાનો નથી. તેની કલ્પના અનંત છે, તેની ધીરજ અપાર છે અને તેની યાત્રા હજી પૂરી થઈ નથી. વોયેજર વન આજે એક પ્રકાશ દિવસ દૂર છે, કાલે બે પ્રકાશ દિવસ દૂર હશે, પરમ દિવસે વધુ દૂર હશે. તે જેમ જેમ દૂર જશે એમ એમ આપણે આપણી જાતને વધુ નજીકથી ઓળખતા જઈશું. વોયેજર વનની આ યાત્રા આપણા સૌની યાત્રા છે. તેના પ્રકાશમાં આપણો પ્રકાશ પણ ભળેલો છે. તેના સપનામાં આપણું સપનું પણ ભળેલું છે. એટલા માટે જ્યારે આપણે આકાશ તરફ જોઈને વીજીઆર લખીએ છીએ ત્યારે આપણે માત્ર એક યંત્રને સલામ નથી કરતા, આપણે આપણી અંદર રહેલી જિજ્ઞાસાને સલામ કરીએ છીએ. અને એ જિજ્ઞાસા જ્યાં સુધી જીવંત છે ત્યાં સુધી માનવજાતની યાત્રા અટકશે નહીં.

પાકિસ્તાનને હરાવીને ભારતે સતત ત્રીજી વખત એસએએફએફ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો

નવીદિલ્હી,

ભારતે રોમાંચક ફાઇનલમાં પાકિસ્તાનને હરાવીને સતત ત્રીજી વખત એસએએફએફ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો. આ સાથે, ભારતીય ટીમે રેકોર્ડ ૧૦મી વખત ટ્રોફી જીતી. નોંધનીય છે કે, યુવા ખેલાડીઓથી ભરેલી ટીમને મેદાનમાં ઉતારવા છતાં ભારતે ટાઇટલ જાળવી રાખ્યું. ભારતીય ટીમે મેદાન પર ઉત્તમ પ્રદર્શન કર્યું, જેના કારણે પાકિસ્તાની ખેલાડીઓ ભારતીય ટીમને તાળીઓ પાડતા જોવા મળ્યા.

હકીકતમાં, ટાઇટલ મેચમાં ભારત સામે ૧-૨થી હાર્યા બાદ, પાકિસ્તાની ખેલાડીઓએ ભારતીય ટીમને મેદાન પર ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું, જેનો એક વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં મેચ પછીના પ્રેઝન્ટેશન દરમિયાન પાકિસ્તાની ખેલાડીઓ ભારતીય ખેલાડીઓને તાળીઓ પાડતા જોવા મળે છે. ફૂટબોલ ચાહકો આ વીડિયો પર ઉત્સાહપૂર્વક પ્રતિક્રિયા આપી રહ્યા છે.



પાકિસ્તાને મેચની શરૂઆતમાં વધુ સારું રમ્યું હતું અને પહેલા હાફ દરમિયાન ભારતીય ટીમ પર દબાણ જાળવી રાખ્યું હતું. ભારતને ૩૫મી મિનિટની આસપાસ ગોલ કરવાની કેટલીક તકો મળી હતી, પરંતુ તેનો લાભ લેવામાં નિષ્ફળ રહ્યા હતા. આલમગીર ગાઝીએ પહેલા હાફના ઈન્જરી ટાઈમમાં શાનદાર ગોલ કરીને પાકિસ્તાનને ૧-૦ની લીડ અપાવી હતી.

બીજા હાફમાં મેચનો રંગ બદલાઈ ગયો. ૫૯મી મિનિટમાં, ફછઈ પછી, જુનૈદ શાહને બ્રિસન ફર્નાન્ડિસ પર ખતરનાક ટેકલ માટે સીધો લાલ કાર્ડ બતાવવામાં આવ્યો. પરિણામે, પાકિસ્તાનને ૧૦ ખેલાડીઓ સાથે રમવાની ફરજ પડી હતી. ભારતે આ તક ઝડપી લીધી, અને બીજી જ મિનિટે, ૬૦મી મિનિટે, સુહેલ અહેમદ ભટ્ટે સ્કોર ૧-૧ થી બરાબરી કરી. લુંગડીમ ખૈમિન્થાંગની ફ્રી-કિક પર મેકાર્ટન નિક્સનના હળવો સ્પર્શ પછી, ભટ્ટે તકને શાનદાર રીતે રૂપાંતરિત કરી અને બોલને ગોલપોસ્ટમાં નાખ્યો.ભારતનો બીજો અને વિજયી ગોલ અંતિમ મિનિટોમાં આવ્યો. ૮૮મી મિનિટે, સંદીપ મંડીએ શાનદાર હેડર દ્વારા ગોલ કરીને ભારતને ૨-૧ ની લીડ અપાવી. આ ગોલ સાથે, ભારતે ફાઇનલ જીતી લીધી અને ટાઇટલ સુરક્ષિત કર્યું. પાકિસ્તાનનું પ્રથમ વખત ટાઇટલ જીતવાનું સ્વપ્ન ચકનાચૂર થઈ ગયું.

વેલિંગ્ટનના બેસિન રિઝર્વ સ્ટેડિયમમાં ૫૮ વર્ષ બાદ ટેસ્ટ મેચ જીતવાની ભારતને તક

વેલિંગ્ટન,

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણીનો પ્રથમ મેચ ૧૯ નવેમ્બરે વેલિંગ્ટનના બેસિન રિઝર્વ સ્ટેડિયમ ખાતે રમાશે. ટીમ ઈન્ડિયાએ આ પ્રવાસમાં અત્યાર સુધી શાનદાર પ્રદર્શન કર્યું છે, ટી ૨૦ શ્રેણી ૩-૨ અને વનડે શ્રેણી ૩-૧થી જીતી છે. ભારતીય ટીમ હવે બે મેચની ટેસ્ટ શ્રેણીમાં આ ગતિ જાળવી રાખવાનો પ્રયાસ કરશે. આ શ્રેણી કેપ્ટન શુભમન ગિલ માટે પણ મહત્વપૂર્ણ રહેશે, કારણ કે ન્યૂઝીલેન્ડમાં ટીમ ઈન્ડિયાનો ટેસ્ટ રેકોર્ડ ખરાબ રહ્યો છે. વેલિંગ્ટનના બેસિન રિઝર્વ સ્ટેડિયમ ખાતે ભારતીય ટીમના રેકોર્ડ પર નજર કરીએ તો, તેઓએ ત્યાં અત્યાર સુધીમાં આઠ ટેસ્ટ મેચ



રમી છે, જેમાંથી ફક્ત એક જ જીતી છે.જો આપણે વેલિંગ્ટનના બેસિન રિઝર્વ સ્ટેડિયમ ખાતે ભારતીય ક્રિકેટ ટીમના ટેસ્ટ રેકોર્ડ વિશે વાત કરીએ, તો તેઓએ કુલ આઠ ટેસ્ટ મેચ રમી છે, જેમાંથી ફક્ત એક જ જીતી છે અને પાંચ હાર્યા છે. વધુમાં, બે ટેસ્ટ મેચ ડ્રો રહી છે. ટીમ ઈન્ડિયાએ છેલ્લે ૫૮ વર્ષ પહેલાં આ સ્ટેડિયમ ખાતે ટેસ્ટ મેચ જીતી હતી, જ્યારે તેઓએ ૧૯૬૮માં અહીં પોતાનો પહેલો ટેસ્ટ મેચ રમ્યો હતો, જેમાં ૮ વિકેટથી જીત મેળવી હતી. ટીમ ઈન્ડિયાએ ૨૦૨૦માં વેલિંગ્ટનના બેસિન રિઝર્વ સ્ટેડિયમ ખાતે પોતાનો છેલ્લો ટેસ્ટ મેચ રમ્યો હતો.

ભારત સામેની મેચમાં પેલેસ્ટિનિયન ખેલાડીઓ પર જાતિવાદનો આરોપ, મેચ દરમિયાન રેફરી કોઈ કાર્યવાહી કરતા નથી

ક્વાલામલુમ્પુર,

ભારતીય યુ-૧૭ ફૂટબોલ ટીમ ૧૭ નવેમ્બરના રોજ કુઆલાલમ્પુરમાં રમાયેલી એફસી યુ-૧૭ એશિયન કપ ૨૦૨૭ ક્વોલિફાયરમાં પેલેસ્ટિનિયન ખેલાડી સામે રમી હતી, જેમાં તેમણે ૪-૧ ના મોટા માર્જિનથી જીત મેળવી હતી. આ મેચ દરમિયાન, એક એવી ઘટના બની જેણે ચોક્કસપણે રમતની ગરિમાને કલંકિત કરી. મેચ દરમિયાન, ભારતીય કેપ્ટન ડલ્લામુઓન ગાંગટેને પેલેસ્ટિનિયન ખેલાડી તરફથી જાતિવાદી વર્તનનો સામનો કરવો પડ્યો. આઘાતજનક રીતે, આખી ઘટના કેમેરામાં રેકોર્ડ થઈ ગઈ હતી, છતાં રેફરીએ પેલેસ્ટિનિયન ખેલાડી સામે કોઈ



કાર્યવાહી કરી ન હતી.ભારત અને પેલેસ્ટાઇનની અંડર-૧૭ ટીમ વચ્ચેની મેચ ક્વોલિફાઈંગ ગ્રુપમાં ટોચના સ્થાન માટે લડાઈ હતી, અને બંને ટીમો એકબીજા પર પ્રભુત્વ મેળવવાનો પ્રયાસ કરી રહી હતી. આ મેચ દરમિયાન, પેલેસ્ટિનિયન ખેલાડીઓ વારંવાર શારીરિક રીતે પડકારજનક રહ્યા અને ભારતીય ખેલાડીઓને હેરાન કર્યા. પેલેસ્ટાઇનના નંબર ૧૯ ખેલાડી ભારતીય કેપ્ટન ડાલામુઓન ગાંગટેના નાક પર પંખા મારતો જોવા મળ્યો ત્યારે વિવાદ વધુ વધ્યો. આ ક્રિયાને જાતિવાદી માનવામાં આવી. લાઇવ પ્રસારણમાં કેદ થયા હોવા છતાં, મેચ અધિકારીઓએ કોઈ કાર્યવાહી કર્યા વિના રમત ચાલુ રાખવાની મંજૂરી આપી.

જાતિવાદી ઘટનાઓ વચ્ચે, પેલેસ્ટિનિયન ખેલાડીઓએ આ મેચમાં વારંવાર ભારતીય ખેલાડીઓને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો. પેલેસ્ટિનિયન ખેલાડી મોહમ્મદ જમહૂરે ૯મી મિનિટની આસપાસ પાછળથી બે વાર ભારતીય ખેલાડીને લાત મારી અને પછી ફૂટબોલર જમીન પર પડી ગયા પછી તેના હાથ પર થપ્પડ મારી. આ ઘટના બાદ, રેફરીએ પેલેસ્ટિનિયન ખેલાડીને લાલ કાર્ડ જારી કર્યું.પેલેસ્ટિનિયન ખેલાડીઓના આક્રમકતા છતાં, ભારતીય ટીમના ખેલાડીઓએ પોતાની હિંમત જાળવી રાખી.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ સેન્ડપેપરગેટ વિવાદના ઉકેલ માટે ગુપ્ત ફોરમ બનાવ્યું

કેપટાઉન,

૨૦૧૮ માં, જ્યારે ઓસ્ટ્રેલિયન ટીમ ટેસ્ટ શ્રેણી માટે દક્ષિણ આફ્રિકાના પ્રવાસે હતી, ત્યારે કેપટાઉનમાં એક મેચ દરમિયાન લાઇવ પ્રસારણ દરમિયાન સેન્ડપેપરથી બોલને નુકસાન પહોંચાડવાની ઘટના સામે આવી હતી. આ ઘટનાએ સમગ્ર ક્રિકેટ જગતને ચોંકાવી દીધું હતું, જેના કારણે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી, જેણે ત્યારબાદ તત્કાલીન કેપ્ટન સ્ટીવ સ્મિથ, ડેવિડ વોર્નર અને કેમેરોન બેનક્રોફ્ટ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ ઘટનાના આઠ વર્ષ પછી, ભૂતપૂર્વ ખેલાડી ઉસ્માન ખ્વાજા, જે તે ટેસ્ટ શ્રેણીમાં ટીમનો ભાગ હતા, તેમણે ઘણા નવા ખુલાસા કર્યા છે, જેમાં તેમની આત્મકથા "સબર" માં આ ઘટનાનો ઉલ્લેખ છે, જેણે ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં નવો વિવાદ ઉભો કર્યો છે. આના કારણે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના વચગાળાના ચેરમેન ડેવિડ બૂન અને ચીફ એક્ઝિક્યુટિવ ટોડ ગ્રીનબર્ગે ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ વચ્ચેની ત્રીજી વનડે શરૂ થાય તે પહેલાં બેલેરાઇવ ઓવલ ખાતે એક પ્રેસ કોન્ફરન્સ બોલાવી હતી. તેમણે જાહેરાત કરી હતી કે બોર્ડ એક એવું પ્લેટફોર્મ બનાવવા માટે સંમત થયું છે જ્યાં ૨૦૧૮ ની "સેન્ડપેપર" ઘટનામાં સામેલ ખેલાડીઓ અને સ્ટાફ તેમના અનુભવો શેર કરી શકે.

આ પ્લેટફોર્મ સખત રીતે ગુપ્ત રહેશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના ચીફ એક્ઝિક્યુટિવ ટોડ ગ્રીનબર્ગે જણાવ્યું હતું કે ૨૦૧૮ થી થયેલી પ્રારંભિક તપાસ ગુપ્તતાના કારણોસર ફરીથી ખોલવામાં આવશે નહીં અથવા જાહેર કરવામાં આવશે નહીં. આ પ્લેટફોર્મ સખત રીતે ગુપ્ત રહેશે. કોઈપણ ભાગ લઈ શકે છે, પરંતુ કોઈને ભાગ લેવા માટે દબાણ કરવામાં આવશે નહીં. આગામી દિવસોમાં એક સ્વતંત્ર વ્યક્તિની નિમણૂક કરવામાં આવશે, અને સંદર્ભની શરતોને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.સીએ પછીથી નક્કી કરશે કે આ પ્લેટફોર્મ દ્વારા કઈ માહિતી જાહેર કરવામાં આવશે. વચગાળાના અધ્યક્ષ બૂને જણાવ્યું હતું કે, "ક્રિકેટ ઓસ્ટ્રેલિયા બોર્ડ ગઈકાલે રાત્રે મળ્યું હતું અને એક નિર્ણય લીધો હતો જે અમારા મતે રમતના હિતમાં છે. ઘણી ચર્ચા પછી, અમે એક એવું પ્લેટફોર્મ બનાવવા માટે સંમત થયા છીએ જ્યાં ૨૦૧૮ માં દક્ષિણ આફ્રિકામાં યોજાયેલી ઘટનાઓમાં સામેલ ખેલાડીઓ અને સ્ટાફ તેમના અનુભવો અને દ્રષ્ટિકોણ શેર કરી શકે. લગભગ એક દાયકાથી, આ ઘટનાઓની અસર ઓસ્ટ્રેલિયન ક્રિકેટની આસપાસની વાતચીતનો ભાગ રહી છે. આ ઘણા લોકો માટે મુશ્કેલ સમય રહ્યો છે. અમને લાગે છે કે આને રોકવાનો સમય આવી ગયો છે.

સુપરસ્ટાર રજનીકાંત પોતાના પરિવાર સાથે વેકેશન માણવા ગ્રીસ પહોંચ્યા : પુત્રી સૌંદર્યાએ ફોટા શેર કર્યા

મુંબઈ,

"જેલર ૨" ની જબરદસ્ત સફળતા વચ્ચે, સુપરસ્ટાર રજનીકાંત પોતાના પરિવાર સાથે વેકેશન માણી રહ્યા છે. તેમની નાની પુત્રી અને નિર્માતા સૌંદર્યા રજનીકાંતે ગ્રીસમાં પોતાના પરિવાર સાથે સમય વિતાવતા તેમના કેટલાક ફોટા શેર કર્યા. તેણીએ લખ્યું, "એથેન્સમાં આપણે કેટલી અદ્ભુત યાદો બનાવી છે." પોતાના ઇન્સ્ટાગ્રામ પેજ પર સુપરસ્ટાર રજનીકાંતને ગ્રીસના એથેન્સમાં ફરતા જોઈ શકાય છે. નિર્માતાએ લખ્યું, "એથેન્સમાં આપણે કેટલી અદ્ભુત યાદો બનાવી છે. આ સુંદર કૌટુંબિક સફરની દરેક ક્ષણનો આનંદ માણી રહ્યા છીએ."



રજનીકાંત અને તેમનો આખો પરિવાર તેમના સંબંધી અને પ્રખ્યાત ભારતીય સંગીત નિર્દેશક અનિરુદ્ધ રવિચંદરના લગ્નમાં હાજરી આપવા માટે ગ્રીસમાં છે. અનિરુદ્ધ રવિચંદરે કાવ્યા મારન સાથે લગ્ન કર્યા છે. કાવ્યા મારન સન ગ્રુપના ચેરમેન કલાનિધિ મારનની પુત્રી અને આઇપીએલ ફ્રેન્ચાઇઝ સનરાઇઝર્સ હૈદરાબાદના માલિક છે. આ લગ્ન આ વર્ષે ૧૧ નવેમ્બરના રોજ એક ભવ્ય સમારોહમાં થયા હતા. તાજેતરમાં, અનિરુદ્ધ અને કાવ્યાના લગ્નમાંથી રજનીકાંતનો એક ડાન્સ વીડિયો સામે આવ્યો હતો, જે સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો હતો.ગ્રીસમાં બે દિવસીય લગ્નમાં અસંખ્ય સેલિબ્રિટીઓએ હાજરી આપી હતી, જેના કારણે તે ધ્યાનનું કેન્દ્ર બન્યું હતું.

કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ અને ઓલિમ્પિક્સ-૨૦૩૬ની તૈયારી, મોટેરામાં જળક્રીડા સંકુલ માટે ટેન્ડર પ્રક્રિયા આગળ વધી

અમદાવાદ,

અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું જળક્રીડા સંકુલ બનાવવાની મહત્ત્વાકાંક્ષી યોજનાએ હવે આગળની દિશા પકડી છે. વર્ષ ૨૦૩૦ ની કોમનવેલ્થ ગેમ્સ અને વર્ષ ૨૦૩૬ ની ઓલિમ્પિક્સની યજમાની માટેની તૈયારીઓના ભાગરૂપે શહેરના આ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટની કામગીરી આગળ વધી રહી છે. ગુજરાત સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કંપની લિમિટેડ (જીએસઆઈડીસી)એ મોટેરામાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એક્વેટિક્સ કોમ્પ્લેક્સ ખાતે જળક્રીડા સંકુલની ડિઝાઈન અને બાંધકામ માટે કોન્ટ્રાક્ટરની નિમણૂક કરવા તાજેતરમાં ટેન્ડર મગાવ્યાં છે.

આ પ્રોજેક્ટ અગાઉ વહીવટી અને કાનૂની અડચણોમાં ફસાયો



હતો. રાજ્ય સરકારે શરૂઆતમાં નવેમ્બર ૨૦૨૫ સુધીમાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરીને કોન્ટ્રાક્ટરને અંતિમ સ્વરૂપ આપવાનું અને ડિસેમ્બર ૨૦૨૮ સુધીમાં પ્રોજેક્ટ પૂર્ણ કરવાનું આયોજન કર્યું હતું. જોકે, જમીન સંપાદન સંબંધિત વિવાદો અને કાનૂની કાર્યવાહીથી કામગીરીમાં વિલંબ થયો હતો.

નરેન્દ્ર મોદી સ્ટેડિયમની આસપાસના કેટલાક મહત્ત્વના પ્લોટને લઈને પણ જમીન સંપાદનની સમસ્યાઓ ઊભી થઈ હતી. ખાસ કરીને ભારતીય સેવા સમાજ, સદાશિવ પ્રાગજી મંડળ અને આસારામ આશ્રમ સાથે સંકળાયેલી જમીનોનો તેમાં સમાવેશ થતો હતો. ત્યાર બાદ સત્તાવાળાઓએ અનામત પ્લોટ મેળવવા માટે નગર આયોજન યોજનાઓમાં ફેરફાર કર્યા હતા અને સુધારેલી લેઆઉટ યોજનાઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટાઉન ડેવલપમેન્ટ વિભાગને કાયદાકીય મંજૂરી માટે મોકલી હતી. હવે લેઆઉટની મંજૂરીઓ મળી જતાં પ્રોજેક્ટ અમલીકરણ તરફ આગળ વધી રહ્યો છે.આ સમગ્ર સ્પોર્ટ્સ એક્વેટિક્સ સંકુલ રૂ. ૫૦૫૦ કરોડના ખર્ચે વિકસાવવાનું આયોજન છે. ૬૫૦ એકરમાં ફેલાયેલા આ સંકુલમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની રમતગમત સુવિધાઓ ઊભી કરવામાં આવશે. આ પ્રોજેક્ટ અમદાવાદને કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક્સ જેવી વૈશ્વિક રમતોત્સવોના યજમાન શહેર તરીકે સ્થાપિત કરવાના પ્રયાસનો મુખ્ય આધારસ્તંભ બનશે.

આ સ્પોર્ટ્સ એક્વેટિક્સ સંકુલનો પ્રથમ તબક્કો-૧માં જળક્રીડા સંકુલનો સમાવેશ થાય છે, જેનો અંદાજિત ખર્ચ રૂ. ૨૨૫૦ કરોડ છે. આ ઉપરાંત ટેનિસ સેન્ટર, એથ્લેટિક્સ વિલેજ અને સ્પોર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ સહિતની સુવિધાઓ પણ વિકસાવવામાં આવશે.જળક્રીડા સંકુલની ખાસિયત તેની દ્વિ-તબક્કાની બેઠક વ્યવસ્થા હશે. મોટા આંતરરાષ્ટ્રીય રમતોત્સવો દરમિયાન તેમાં ૧૨૦૦૦ દર્શકો બેસી શકશે. જ્યારે સામાન્ય સમયગાળામાં આ વ્યવસ્થાને ૪૦૦૦ બેઠકની ક્ષમતાવાળા સ્પોર્ટ્સ સેન્ટરમાં રૂપાંતરિત કરી શકાશે.

શબ્દ શોધો

ગ	મો	મ	ણ	ણિ	મો	ભો	ર	ર	લ	બં	પ્ર
પ્ર	આ	ર	આ	કા	ણ	ળ	સ	જ્ઞા	ણ	અ	ર
ર	ક	ર	વિ	ધ	ક્કો	મા	ર	ર	સા	કા	ર
ભા	શિ	ત	ચા	ક્કો	બા	સા	શિ	લ	વા	ળ	ર
ર	ક્ષ	ખ	ર	ર	સ	મા	સ	બિ	ણ	ળો	લ
ર	ક	કા	ણા	હા	ર	બં	ધ	લા	જ	ક	વિ
કા	તી	ડી	ઔ	કા	રી	જી	ન	આ	ન	જ્ઞા	કા
ર	વિ	બિ	મો	જી	એ	બિ	ણિ	બં	ન	બ	બ
સા	ડી	હિ	મો	ઐ	ધ	પ્રા	સા	વિ	શિ	રા	કા
દ	બા	ર	સા	ખ	ઇ	શિ	ચી	ઊ	દ	ક્ષ	ન
કા	ઔ	તુ	આ	ઐ	રા	હિ	ભ	તુ	આ	ગ	ણ
ક્ષ	ર	કા	લ	સા	એ	કા	બા	ઐ	અઃ	ક	ભો

શબ્દ શોધો

મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

આરાધ્યાએ પોતાનો ૧૫મો જન્મદિવસ ઉજવ્યો દાદા અમિતાભ બચ્ચને ખાસ રીતે પ્રેમ વરસાવ્યો

મુંબઈ,

બોલીવુડ મેગાસ્ટાર અમિતાભ બચ્ચન તેમના પરિવારની ખૂબ નજીક છે. તેમની પૌત્રી આરાધ્યા બચ્ચન સાથેના તેમના સંબંધો ઘણીવાર હેડલાઈન્સમાં રહે છે. ૧૬ નવેમ્બરના રોજ આરાધ્યાએ પોતાનો ૧૫મો જન્મદિવસ ઉજવ્યો. તેના માતાપિતા, ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચનના ફોટા હજુ સુધી કોઈ ખાસ જન્મદિવસ ઉજવણી માટે બહાર પાડવામાં આવ્યા નથી. જોકે, દાદા અમિતાભ બચ્ચને તેમની પૌત્રીને પોતાની અનોખી રીતે જન્મદિવસની શુભેચ્છા પાઠવી. તેમણે તેમના અંગત બ્લોગ પર આરાધ્યા માટે એક મીઠો સંદેશ લખ્યો અને આ પ્રસંગે તેણીને શુભેચ્છા પાઠવનારા દરેકનો આભાર માન્યો.

અમિતાભ બચ્ચને તેમના બ્લોગ પર આરાધ્યાના જન્મદિવસ પર એક ભાવનાત્મક સંદેશ શેર કર્યો. તેમણે તેણીને ખુશીઓ અને સારા નસીબથી ભરપૂર જીવનની શુભેચ્છા પાઠવી. તેમણે જન્મદિવસની શુભેચ્છાઓ અને આશીર્વાદ મોકલનારા દરેકનો પણ આભાર માન્યો. બિગ બીએ લખ્યું, "અમારી પૌત્રીનો જન્મદિવસ સુવર્ણ અને ભાગ્યશાળી રહે, આ મારી ભગવાનને પ્રાર્થના છે... અને રવિવારે અમને મળેલો પ્રેમ ખરેખર યાદગાર



હતો. તમારી બધી પ્રાર્થનાઓ બદલ આભાર." આ સંદેશ અમિતાભના પૌત્રી પ્રત્યેના પ્રેમને સ્પષ્ટપણે પ્રતિબિંબિત કરે છે. અભિનેતાએ તેમના પરિવાર માટે આ ખાસ દિવસને યાદગાર બનાવવા બદલ તેમના ચાહકો અને શુભેચ્છકોના પ્રેમનો પણ સ્વીકાર કર્યો. ચાહકો સોશિયલ મીડિયા પર તેમના સંદેશ પર પ્રતિક્રિયા આપી રહ્યા છે.આરાધ્યાના જન્મદિવસ દરમિયાન, બચ્ચન પરિવાર સાથે જોડાયેલો વધુ એક વીડિયો ચર્ચાનો વિષય બન્યો છે. તાજેતરમાં જયા બચ્ચનનો એક વીડિયો સામે આવ્યો હતો જેમાં તે એક કાર્યક્રમમાં હાજરી આપતી વખતે રસ્તા પર પડેલી પ્લાસ્ટિકની બોટલ ઉપાડતી જોવા મળી હતી.

"કોલ મી બે" ની બીજી સીઝનની રાહ પૂરી થઈ, અનન્યા પાંડેએ રિલીઝ તારીખ જાહેર કરી, શ્રુતિ હાસન પણ દેખાશે

મુંબઈ,

કરણ જોહર-સમર્થિત શ્રેણી "કોલ મી બે" માં બેલા "બે" ચૌધરીની ભૂમિકાથી અનન્યા પાંડેએ દર્શકોના દિલ જીતી લીધા. દર્શકોને અનન્યાના કોમિક ટાઇમિંગ અને એક શ્રીમંત પરિવારની છોકરીની ભૂમિકા ખૂબ ગમતી હતી, જે મુંબઈમાં એકલા પોતાનું જીવન પસાર કરતી જોવા મળે છે. હવે, પ્રથમ સીઝનના બે વર્ષ પછી, "બે" પરત ફરવા માટે તૈયાર છે. પ્રાઇમ વિડિયોએ આખરે આગામી સીઝનની રિલીઝ તારીખ જાહેર કરી છે. નવી સીઝન તેના જટિલ પ્રેમ જીવન અને પત્રકારત્વમાં પડકારજનક કારકિર્દીથી આગળની વાર્તાને અનુસરે તેવી અપેક્ષા છે.

પ્રાઇમ વિડિયોએ એક વિડિયો



શેર કર્યો જેમાં "બે" નું પાત્ર ભજવતી અનન્યા સ્ટાઇલિશ પોશાક પહેરીને ઓટો-રિક્ષાની છત પર સૂતી જોવા મળે છે. ક્લિપમાં, તે કહે છે, "હું બે છું, હું અહીં છાંટા પાડવા આવી છું. ખાઓ, પ્રેમ કરો, પ્રાર્થના કરો અને દિવસનો સંપૂર્ણ આનંદ માણો." કેપ્શનમાં જણાવાયું છે કે નવી સીઝન ૧૭ ડિસેમ્બરે રિલીઝ થશે."આગામી સીઝનમાં બેની લવ લાઈફ વધુ જટિલ બનવાની છે, જે તેના હૃદય અને તેના "બહેન કોડ" બંનેની કસોટી કરશે. કોલિન ડી'કુન્હા દ્વારા દિગ્દર્શિત, "કોલ મી બે" સીઝન ૨ નું નિર્માણ કરણ જોહર, આદર પૂનાવાલા અને અપૂર્વ મહેતા દ્વારા ધર્માટિક એન્ટરટેઈનમેન્ટના બેનર હેઠળ કરવામાં આવ્યું છે. સોમેન મિશ્રા અને કોલિન ડી'કુન્હા એક્ઝિક્યુટિવ નિર્માતા છે. ઈશિતા મોઈત્રા દ્વારા બનાવવામાં આવેલી, આ શ્રેણી ઈશિતા મોઈત્રા, સમીના મોટલેકર, રોહિત નાયર અને નીતલ ચંદેરણા દ્વારા લખવામાં આવી છે. નવી સીઝનમાં જૂની કાસ્ટનું પુનરાગમન જોવા મળશે, જેમાં અનન્યા પાંડે મુખ્ય ભૂમિકામાં હશે.

શુક્રવારે રાજકોટમાં ફુલછાબ આયોજીત પૂ.મોરારીબાપુની રામકથા કાર્યાલયનું ઉદ્ઘાટન

આગામી તા.૯ થી ૧૭ જાન્યુ. રેસકોર્સ મેદાનમાં પૂ.મોરારીબાપુના શ્રીમુખે કથાનું રસપાન

રાજકોટ,

સૌરાષ્ટ્રના ૧૦૬ વર્ષ જૂનું દૈનિક અખબાર 'ફુલછાબ' અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટ દ્વારા રાજકોટમાં વિશ્વ પ્રસિધ્ધ કથાકાર પૂ.મોરારીબાપુની રામકથાનું આગામી તા.૯મી જાન્યુઆરીથી ૧૭ જાન્યુઆરી સુધી આયોજન કરવામાં આવેલ છે. કથા દરમ્યાન સૌરાષ્ટ્ર ટ્રસ્ટના વિવિધ સામાજીક પ્રકલ્પો પૈકી 'વિદ્યાવૃક્ષ' પ્રકલ્પનો શુભારંભ કરાશે. રામકથાના કાર્યાલયનું આગામી તા.૨૦મીના શુક્રવારના ઉદઘાટન થનાર છે. આ અંગેની વિગતો આપવા 'ફુલછાબ'ના આંગણે તંત્રી જવલંત છાયા, મેનેજર નરેન્દ્ર ઝીબા તથા વિપુલ રાઠોડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટના આંગણે ૨૦૨૩માં પૂ.મોરારીબાપુની કથા યોજાઈ ગઈ છે. બે વર્ષ બાદ પૂ.મોરારીબાપુએ રાજકોટમાં કથા માટે અનુમતિ આપેલ છે. સૌરાષ્ટ્રનું લોકપ્રિય, લોકલક્ષી ૧૦૬ વર્ષ જુનું વર્તમાન પત્ર 'ફુલછાબ' દ્વારા આયોજીત પૂ.મોરારીબાપુની આ રામકથા સૌરાષ્ટ્ર ટ્રસ્ટ જન્મભૂમિ અખબાર જૂથની રામકથા છે. દેશની સ્વતંત્રતાના સમયથી સમાજને સમર્પિત વર્તમાનપત્ર જૂથ સમાંતરે જનજાગૃતિનું કામ કરતું આવ્યું છે. રામકૃષ્ણ મિશન રાજકોટને સો વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે તે નિમિતે આ સંસ્થા પણ કથામાં જોડાઈ છે.

શુક્રવારે કથાના કાર્યાલયનું ઉદઘાટન

આગામી તા.૨૦મી નવે.ના રાજકોટના મેયર ડો.નેહલ શુકલના હસ્તે રામકથાના કાર્યાલયનું ઉદઘાટન થશે. આ અવસરે સાંસદ પુરૂષોતમ રૂપાલા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ઉદય કાનગડ, જાણિતા શિક્ષણવિદ ડો.નિદત્ત બારોટ, ડો. હેમાંગ વસાવડા, શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, ભાજપના સૌરાષ્ટ્ર કચ્છના પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

પત્રકારોને વિગતો આપતા ફુલછાબના તંત્રી જવલંત છાયા તથા





તસવીર : દિલિપ ગોહેલ

મેનેજર નરેન્દ્ર ઝીબાએ જણાવ્યું કે ૨૦૨૫ની બીજી ઓકટોબરે 'ફુલછાબ' એવોર્ડ સમારોહમાં સૌરાષ્ટ્ર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીએ પોતાના વકતવ્યમાં મોરારીબાપુને એક રામકથા ફુલછાબને આપવા અનુરોધ કર્યો હતો. બાપુએ ત્યારે જ સ્વીકાર કર્યો હતો. જૂના ૨૦૨૬માં મોરારીબાપુએ રાજકોટમાં ફૂલછાબની રામકથાની તારીખ પણ આપી દીધી હતી.

૯થી ૧૧ જાન્યુ. સુધી રેસકોર્સ મેદાનમાં રામકથા

ફુલછાબ દ્વારા આયોજીત પૂ.મોરારીબાપુની રામકથા આગામી તા.૯થી ૧૭ જાન્યુ. સુધી રેસકોર્સના મેદાનમાં યોજાશે.

કથા બાદ દરરોજ ભોજન પ્રસાદ યોજાશે. સાંજે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

વિદ્યાવૃક્ષ

સૌરાષ્ટ્રમાં શિક્ષણ ક્ષેત્રષ પરંપરા અને પ્રગતિના સેતુ સમાન એક વિશેષ પ્રકલ્પ સૌરાષ્ટ્ર ટ્રસ્ટ હાથ ધરી રહ્યું છે. જેનું નામ 'વિદ્યાવૃક્ષ' છે. આ પ્રોજેકટ અંતર્ગત

ગામડાઓમાં શિક્ષણનો વ્યાપ, તેને લગતી આધુનિક સુવિધા-સવલતોની શરૂઆત સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

દરરોજ વકતવ્ય

કથા પૂર્વે દરરોજ એક વકતાનું વકતવ્ય પંદર મિનીટ માટે રાખવાનું આયોજન છે. ગુજરાતના નામાંકિત વકતાઓ, શિક્ષણ, કેળવણીના આધુનિક પ્રવાહ, ભારતીય પરંપરા સહિતના વિષયો પર વકતવ્ય આપશે.

યુવાનો સુધી પહોંચવાનો હેતુ

પૂ.મોરારીબાપુ હંમેશા કહે છે કે વડીલો મને આશિર્વાદ આપે છે. મારો સંવાદ તો યુવાનો સાથે હોય છે. સૌરાષ્ટ્ર ટ્રસ્ટનો હેતુ યુવાનો સુધી પહોંચવાનો છે. વિદ્યાવૃક્ષ યોજના પણ યુવાન વિદ્યાર્થીઓ માટે છે.

વિદેશોની શિક્ષણ પધ્ધતિની માહિતી અપાશે

રામકથાના દિવસોમાં વિદેશોના શિક્ષણવેતાઓના વકતવ્ય રાખવાના પ્રયાસો ચાલી રહ્યા છે. હાલ દસ દેશોની એમ્બેસી સાથે વાતચીત ચાલી રહી છે. જે વિદેશોના ક્ષિણ વેત્તાઓ ત્યાંના શિક્ષણ પધ્ધતિની માહિતી આપશે.

૧૦૦૦ સ્વયંસેવકો

રામકથાના વિરાટ આયોજનની વ્યવસ્થા માટે બોલબાલા ટ્રસ્ટ, સદ્ભાવના, દેવાંગ માંકડની દેખરેખ હેઠળ ૧૦૦૦ સ્વયંસેવકો સેવા આપશે.

રામકથામાં દરરોજ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમો

પૂ.મોરારીબાપુની રામકથામાં દરરોજ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનો કરાયા છે. સાંજે ૬થી રાત્રીના નવ સુધી લોક ડાયરો તથા હાસ્યરસના કાર્યક્રમો યોજાશે જેમાં તા.૧૧ના ઓસમાણ મીર, તા.૧૨ના સાંઈરામ, તા.૧૩ના માયાભાઈ આહિર, તા.૧૪ના સેરૂભા ગઢવી, તા.૧૬ના જીતુદાન ગઢવીનો લોકડાયરો યોજાશે.

કથાના દિવસોમાં સેવાકીય પ્રવૃતિ

રામકથાના દિવસો દરમ્યાન મેડીકલ કેમ્પ, અંગદાન, ચક્ષુદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, આધ્યાત્મિક તથા સાહિત્યના પુસ્તકોના સ્ટોલ તેમજ આયુર્વેદિક દવાઓના સ્ટોલ નંખાશે. આ માટે અલગથી ડોમ ઉભો કરાશે.

બપોરના સમયે વિવિધ વકતાઓના પ્રવચનો યોજાશે.

શનિવારે રાજકોટમાં સામૂહિક તુલસી વિવાહ મહોત્સવ : ઠાકોરજીની વાજતે ગાજતે જાન નીકળશે

આંબેવપીર ધામ પાળ ખાતે મંગલ અવસર: છાબ, મામેરા, આહિર રાસ સહિતના કાર્યક્રમો

રાજકોટ,

ધાર્મિક આસ્થા, સામાજિક એકતા અને આહિર સમાજની દ્વારા ભવ્ય સામૂહિક તુલસી વિવાહ મહોત્સવનું રાજકોટમાં આયોજન થયું છે. શ્રી નકલંક મંદિર (ઠાકર દ્વારો), સતશ્રી આંબેવપીર ધામ (પાણ) તથા આહીર સમાજ રાજકોટના સંયુક્ત આયોજન હેઠળ યોજાનારા આ મહોત્સવમાં પરંપરાગત લગ્નપ્રસંગને ભવ્ય અને ઐતિહાસિક સ્વરૂપ આપવાની તૈયારીઓ કરવામાં આવી છે. આ આયોજનમાં ધાર્મિક વિધિઓની સાથે શાહી વરઘોડો, લોકસંસ્કતિ, સંગીત અને પરંપરાગત રાસની ઝલક જોવા મળશે.

આહિર સેના દ્વારા તૈયાર કરવામાં આવેલી રૂપરેખા મુજબ આશરે ૧૧ કિલોમીટર લાંબી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યુંર છે. તેમાં ૧૧૧૧ કારથી લઈને ઘોડેસવારો, બગી, વિન્ટેજ કાર, બળદગાડાં અને બુલેટ સહિતની સવારી જોડાશે.

આ સામૂહિક તુલસી વિવાહમાં ૧૧ લાખના છાબ મામેરાનું આયોજન પણ વિશેષ આકર્ષણ રહેશે. આમંત્રણ પત્રિકા મુજબ ૨૦ અને ૨૧ નવેમ્બરના રોજ વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં ગણેશ સ્થાપના, મંડપ મુહૂર્ત, મહામંગળ પ્રસંગ, ભવ્ય લોકડાયરો, મહાપ્રસાદ, જાન પ્રસ્થાવન અને આહીર રાસ સહિતના કાર્યક્રમોનો સમાવેશ થાય છે.આ ઉપરાંત લોકડાયરામાં જાણીતા કલાકારો પોતાની લોકસંગીતની પ્રસ્તુતિ આપશે. આહીર સમાજની પરંપરાગત સંસ્કતિને ઉજાગર કરતા રાસ અને અન્ય કાર્યક્રમો પણ યોજાશે. સમગ્ર આયોજનમાં ધાર્મિક વિધિથી લઈને સાંસ્કતિક કાર્યક્રમો સુધીની વિવિધ પ્રવત્તિઓને સ્થાન આપવામાં આવ્યું છે.

પાળના ઠાકર અને સંતશ્રી આંબેવપીર ધામ (પાળ) ના સાનિધ્યથી ભાનુઆઈમાં ના માર્ગદર્શન હેઠળ બંધવાળા મેલડીમાના સાનિધ્ય ખોખળદળ ખાતે જાડેરી જાન જોડી પહોંચશે અને શક્તિ સાંનિધ્યમાં તુલસી વિવાહ સંપન્ન થશે.

આ ભવ્ય તુલસીવિવાહના આયોજનમાં ૧૧૧૧ કાર, ૧૧૧ ઘોડી, ૩૧ બગી, ૧૧ વિન્ટેજ કાર, એક હાથી, ૧૧ બળદગાડાં, ગુજરાતનું વિખ્યાત કોહિનૂર બેન્ડ, ૫૧ ઢોલ-શરણાઈ, ભવ્ય, તલવાર રાસ, ૧૧ કિલોમીટર લાંબી શોભાયાત્રા, શુભ ચોકડી રાસ અને ૧૧૧ બુલેટ સહિત ઠાકરની જાનમાં લાખો જાનૈયાઓ જોડાશે. તેમ આહીર સેના રાજકોટની યાદીમાં જણાયું છે.

રાજકોટ જિલ્લામાં પાંચ વર્ષમાં એક લાખથી વધુ લાભાર્થીઓને રૂ. ૬૯ કરોડની સહાય ચૂકવાઈ

જિલ્લામાં પ્રિ-પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ અને કુંવરબાઈનું મામેરું જેવી વિવિધ યોજનાઓનું સફળ અમલીકરણ

રાજકોટ,

દેશમાં આદિવાસીઓના ઉત્થાન માટે ભગવાન બિરસા મુંડા સહિતના આદિવાસી મહાનાયકોએ અમૂલ્ય યોગદાન આપ્યું છે. આ આદિવાસી મહાવીરોને સાચી શ્રદ્ધાંજલિ આપવાના હેતુથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૧થી ૧૫મી નવેમ્બરને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાની શરૂઆત કરાવી હતી.

ગુજરાત સરકારે પણ આદિવાસી બંધુઓના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ બનાવી છે અને પગલાં લીધા છે. જેના કારણે આદિવાસી બંધુઓ આજે સમાજની મુખ્યધારામાં સામેલ થઈને વિકાસમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા તા. ૧૧થી ૧૮ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન 'જનજાતીય ગૌરવ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. રાજકોટ જિલ્લાની વાત કરીએ તો, છેલ્લા પાંચ વર્ષમાં આદિવાસી સમાજનાં એકાદ લાખથી વધુ લાભાર્થીઓને આશરે રૂ. ૬૯ કરોડથી વધુના યોજનાકીય લાભો અને સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે. મદદનીશ કમિશ્નર (તકેદારી) કચેરી, રાજકોટ તરફથી મળતી માહિતી મુજબ, વર્ષ ૨૦૨૧થી ૨૦૨૬ દરમિયાન રાજકોટ જિલ્લામાં 'સરકારી છાત્રાલય યોજના' હેઠળ રૂ. ૨૫૦.૭૮ લાખના માતબર ખર્ચે અંદાજિત ૩૧૦ લાભાર્થીઓને રહેવા અને જમવાની સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.

ઉપરાંત, વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પાયો મજબૂત બને, તે હેતુથી પૂર્વ એસ.એસ.સી. વિદ્યાર્થીઓ માટેની 'રાજ્ય શિષ્યવૃત્તિ યોજના' અંતર્ગત રૂ. ૩૧૪.૨૫ લાખના ખર્ચે ૪૨,૩૧૯ વિદ્યાર્થીઓને લાભાન્વિત કરવામાં આવ્યા છે. સાથેસાથે 'ગણવેશ સહાય યોજના' હેઠળ રૂ. ૩૫૧.૪૪ લાખના ખર્ચે ૪૨,૨૨૬ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય પૂરી પાડવામાં આવી છે અને ભારત સરકારની 'પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ (ધો. ૦૯ અને ૧૦) યોજના' હેઠળ રૂ. ૬૫.૧૭ લાખના ખર્ચે ૨૧૭૬ લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે.

સરકાર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉચ્ચ શિક્ષણ અને ભવિષ્યના ઘડતર માટે પણ પ્રયત્નશીલ છે. કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા કન્યાઓ માટે 'પોસ્ટ એસ.એસ.સી. રાજ્ય શિષ્યવૃત્તિ યોજના' હેઠળ રૂ. ૬૦૮.૦૪ લાખના ખર્ચે ૬૧૭ વિદ્યાર્થીનીઓને લાભ અપાયો છે. ભારત સરકારની 'પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના' હેઠળ રૂ. ૪૫૩૨.૯૭ લાખના ખર્ચે ૧૧,૮૩૨ વિદ્યાર્થીઓને સહાય મળી છે, જ્યારે 'પોસ્ટ મેટ્રિક અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓને ભોજનબીલ સહાય યોજના' હેઠળ રૂ. ૭૭૫.૭૦ લાખના ખર્ચે ૫૫૨૧ વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે. આ ઉપરાંત, તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા 'ધો. ૧૦ અને ધો. ૧૨માં પ્રથમ આવનારા વિદ્યાર્થીઓ માટેની ઈનામ યોજના' અંતર્ગત રૂ. ૫.૦૫ લાખના ખર્ચે ૪૫ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા છે. શિક્ષણની સાથે લગ્ન પ્રસંગોમાં આર્થિક ભારણ ઘટે, તે માટે 'કુંવરબાઈનું મામેરું' અને 'સાતફેરા સમૂહ લગ્ન યોજના' હેઠળ રાજકોટ જિલ્લામાં રૂ. ૪૭.૬૮ લાખના ખર્ચે અંદાજિત ૩૮૦ લાભાર્થીઓને સહાય પૂરી પાડવામાં આવી છે, જેનાથી અનેક પરિવારોને આર્થિક રાહત મળી છે. આમ, છેલ્લા ૦૫ વર્ષમાં રાજકોટ જિલ્લાના અંદાજિત ૦૧ લાખથી વધુ લાભાર્થીઓને લગભગ રૂ. ૬૯ કરોડથી વધુની રકમના લાભો અને સહાય આપવામાં આવી છે, જે અનુસૂચિત સમાજને પ્રગતિના શિખરો સર કરવાની પ્રેરણા પૂરી પાડે છે. -આલેખન : માર્ગી મહેતા

ગોંડલ માર્કેટ યાર્ડ ના પૂર્વ ચેરમેન પી.એલ. વઘાસિયા ના જન્મદિવસે ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી ચેતન રામાણીએ પાઠવી શુભકામનાઓ

રાજકોટ



ગોંડલ તાલુકાના દેવળા ગામના વતની, રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ તથા ગોંડલ માર્કેટિંગ યાર્ડના પૂર્વ ચેરમેન અને સેવાભાવી વ્યક્તિત્વ ધરાવતા પી.એલ. વઘાસિયા (પરસોત્તમભાઈ)ના ૭૧મા જન્મદિન નિમિત્તે ગુજરાત પ્રદેશ ભાજપના અગ્રણી ચેતન રામાણીએ રૂબરૂ મુલાકાત લઈ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. પરસોત્તમભાઈનું જીવન પરોપકાર, સેવાભાવના અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ છે. પોતાના વતન દેવળા ગામના વિકાસ અને સમાજના ઉત્થાન માટે કરોડો રૂપિયાનું દાન આપી તેમણે અનોખું યોગદાન આપ્યું છે. સમગ્ર ગોંડલ તાલુકાના જરૂરિયાતમંદ પરિવારોને આર્થિક અને સામાજિક રીતે મદદરૂપ થવાની તેમની ભાવના ખરેખર પ્રેરણાદાયી છે. આ અવસરે ચેતનભાઈ રામાણીએ ગઢડા ગોપીનાથજી મહારાજને અર્પણ કરવામાં આવેલ પ્રસાદીનો પવિત્ર ફૂલહાર પહેરાવી સન્માન કર્યું હતું.

રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ નિમિત્તે નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન

નિબંધની શબ્દમર્યાદા ૮૦૦ થી ૧૫૦૦ શબ્દોની : નિબંધ મોકલવાની છેલ્લી તા.૧૫ ડિસેમ્બર

રાજકોટ,



રાષ્ટ્રીય સંસ્થા 'ગ્રંથાલય ભારતી' દ્વારા લોકોમાં વાંચન અને લેખન અભિરુચિનું સંરક્ષણ તથા સંવર્ધન થાય અને વધુમાં વધુ લોકો ગ્રંથાલય તરફ અભિમુખ બને તેવા હેતુથી તા.૧૪ થી ૨૦ નવેમ્બર દરમિયાન ઉજવાતા રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ નિમિત્તે નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.સ્પર્ધકોએ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં હસ્તલિખિત મૌલિક નિબંધ લખવાનો રહેશે. વિભાગ મુજબ નિબંધની શબ્દમર્યાદા ૮૦૦ થી ૧૫૦૦ શબ્દોની રાખવામાં આવી છે.

દરેક વિષયમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા સ્પર્ધકોને સ્મૃતિચિહ્ન અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે, જ્યારે તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાશે. નિબંધ મોકલવાની છેલ્લી તા.૧૫ ડિસેમ્બર છે. વધુ માહિતી માટે ધવલભાઈ જોશી (મો.નં.૯૭૨૫૦ ૫૪૧૧૧) પર સંપર્ક કરવાનો રહેશે.

રંગીલા રાજકોટ શહેરમાં આપઘાતના બનાવો રોકવા પોલીસની નવી પહેલ 'જીવન આસ્થા કેન્દ્ર'

હેલ્પલાઈનમાં કોલ કરનારનું લોકેશન ટ્રેક કરીને તાત્કાલિક નજીકની પોલીસ પી.સી.આર.વાન પહોંચશે



રાજકોટ,

રંગીલા રાજકોટ શહેરમાં આત્મહત્યાના બનાવોમાં ચિંતાજનક વધારો નોધાયો છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના આંકડા અનુસાર, સમગ્ર ગુજરાતમાં આત્મહત્યાનો સરેરાશ દર પ્રતિ ૧ લાખની વસ્તીએ ૧૨.૪ છે, જ્યારે રંગીલા રાજકોટ શહેરમાં આ ચિંતાજનક દર વધીને ૩૯.૩ પર પહોંચ્યો છે. દેશના ૫૩ મોટા શહેરોમાં રાજકોટ આત્મહત્યાના પ્રમાણમાં બીજા ક્રમે છે ત્યારે રાજકોટમાં માનસિક સ્વાસ્થ્ય સુરક્ષા માટે એક દીવાદાંડી સમાન પહેલ શહેર પોલીસ દ્વારા શરુ કરવામાં આવી છે અને આ ગંભીર સામાજિક તથા માનસિક સમસ્યાને ડામવા અને હતાશ નાગરિકોને હૂંફ આપવા રાજકોટ શહેર પોલીસ દ્વારા પોલીસ કમિશનર કચેરી ખાતે 'જીવન આસ્થા કેન્દ્ર' (આત્મહત્યા નિવારણ હેલ્પલાઈન) શરૂ કરવામાં આવી છે. જયાં રાજકોટમાં માનસિક સ્વાસ્થ્ય સુરક્ષા માટે જીવન આસ્થા કેન્દ્ર' ૨૪-૭ હેલ્પલાઈન મળશે.

જીવન આસ્થા કેન્દ્ર હેલ્પલાઈનનો શુભારંભ થતા આ કેન્દ્ર દ્વારા "નિરાશામાંથી આશા તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ" ના ઉદ્દેશ્ય સાથે ૨૪ કલાક અવિરત સેવા પૂરી પાડવામાં આવશે. આ હેલ્પલાઈનની મુખ્ય વિશેષતાઓમાં ૨૪સ૭ કાર્યરતતા, અનુભવી કાઉન્સિલર્સ અને પ્રશિક્ષિત પોલીસકર્મીઓની ટીમ દ્વારા માર્ગદર્શન, તથા ફોન કરનાર વ્યક્તિની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવાની ગોપનીયતાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, કોઈપણ અત્યંત કટોકટીની સ્થિતિમાં કોલ કરનારનું લોકેશન ટ્રેક કરીને તાત્કાલિક નજીકની પી.સી.આર. વાન મોકલીને નાગરિકોનો અમૂલ્ય જીવ બચાવવાની સઘન વ્યવસ્થા કરવામાં આવી છે.

આર્થિક સંકડામણ, અભ્યાસનું ભારણ, કૌટુંબિક વિખવાદ કે અન્ય કોઈ માનસિક તણાવથી ઘેરાયેલા યુવાનો અને નાગરિકો કોઈપણ આતમઘાતી પગલું ભરતા પહેલા હેલ્પલાઈન નંબર ૯૭૧૨૩૪૭૭૪૪ અથવા પોલીસ કંટ્રોલ રૂમ નંબર ૧૧૨ પર નિઃસંકોચ સંપર્ક કરી શકે છે. "તમારું જીવન અમૂલ્ય છે, દરેક સમસ્યાનો ઉકેલ વાતચીત દ્વારા સંભવ છે" તેવો સંદેશ પાઠવતા રાજકોટ શહેર પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે મુશ્કેલ સમયમાં જીવન આસ્થા કેન્દ્રને અવશ્ય એક તક આપો. જીવન આસ્થા કેન્દ્રના શુભારંભ પ્રસંગે કલેકટર ઓમ પ્રકાશ ઉપરાંત પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલિક,જીલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર, ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ ,ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા તેમજ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સોમનાથમાં માતૃશ્રી ફુલે પ્રતિભા સન્માન સમારોહ યોજાયો

વેરાવળ,

શ્વાસ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-સોમનાથ દ્વારા આયોજિત પાંચમો માતૃશ્રી સાવિત્રીબાઈ ફૂલે પ્રતિભા સન્માન સમારોહ-૨૦૨૬ ભવ્ય અને ઉત્સાહભેર સંપન્ન થયો હતો. ૯૩ છાત્રોનું સન્માન કરાયું હતું. પ્રોફેસર ડો.દિનેશભાઈ રાઠોડ વર્તમાન સમયમાં ઉચ્ચ શિક્ષણનું મહત્વ, શિક્ષણ ક્ષેત્રે ઉપલબ્ધ તકો અને યુવાનોની જવાબદારી અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પૂર્વ અનુસૂચિત જાતિ આયોગના સભ્ય રાજુભાઈ પરમાર,પૂર્વ સંસદીય સચિવ જેઠાભાઈ સોલંકી,પૂર્વ ધારાસભ્ય મોહનભાઈ વાળા,આઈ.પી.એસ. આકાશ ચાવડા, મનસુખભાઈ ગોહિલ,પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ રામસિંહભાઈ પરમાર, ભગવતીબેન પ્રવીણભાઈ સાંખટ, ચેરમેન કાળાભાઈ પાતળ, બન્ને તાબાના પટેલશ્રીઓ પરસોતમભાઈ સોલંકી, જેસીંગભાઈ વાણવી,ટી.સી.પરમાર, દિનેશભાઈ આહમેડા, પ્રવીણભાઈ આહમેડા, મનસુખભાઈ મકવાણા, રમેશ મકવાણા, અશોકભાઈ રાઠોડ, પ્રફુલભાઈ ચાવડા, માલાભાઈ વાજા, બીજલભાઈ મકવાણા,કમલેશભાઈ વાણવી, રાહુલભાઈ વાણવી, રામભાઈ વાળા, રાજેશભાઈ ભજગોતર, નાવદ્રા સમૂહલગ્ન સમિતિના ધરમસિંહ સોદરવા, ભીમભાઈ સોલંકી, મહેશભાઈ રાઠોડ, પ્રોફેસર,પી.પી. રાઠોડ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ નગર રચના યોજના નં.૩૦-૩૧ (કોઠારીયા)ની કામગીરી માટે નગર રચના અધિકારીની નિમણૂક

રાજકોટ,

રાજકોટની મુસદ્દારૂપ નગર રચના યોજના નંબર ૩૦ (કોઠારીયા) અને નગર રચના યોજના નંબર ૩૧ (કોઠારીયા)ને આખરી કરવા માટે રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા નગર નિયોજક-૨ તરીકે નગર રચના અધિકારી શ્રી કે. આર. સવાણી (નગર નિયોજક-૧, નગર રચના યોજના)ને ફરજો સોંપવામાં આવી છે. નિયુક્ત અધિકારીએ પોતાની ફરજો સંભાળી લીધી છે. ઉપરોક્ત યોજનાઓને આખરી કરવાની કામગીરી હવે પછી નગર રચના અધિકારી નગર નિયોજક-૧ની કચેરીમાં કરવાની થશે. આથી આ યોજનામાં સમાવિષ્ટ જમીનોના જમીન માલિકો, હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓએ તેમના માલિકીના નામ, સરનામામાં કોઈ ફેરફાર હોય તો નગર રચના અધિકારી, નગર નિયોજક-૧, રાજકોટ નગર રચના યોજના, આર.એમ.સી. મલ્ટી એક્ટીવીટી સેન્ટર, પ્રથમ માળ, નાના મવા સર્કલ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ અથવા ઝીં રૂડા બિલ્ડીંગ, છઠ્ઠો માળ, ચિમનભાઈ પટેલ વિકાસ ભવન, જામનગર રોડ, રાજકોટના સરનામે લેખિતમાં જાણ કરવી તેમ નગર રચના અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

ફિલિપાઈન્સની મુલાકાત દરમિયાન પીએમ મોદીએ ટ્રમ્પને ગોલ્ડન પિચવાઈ પેઈન્ટિંગ ભેટમાં આપ્યું

રાજસ્થાનના નાથદ્વારામાં ઉદ્ભવેલી, ગોલ્ડન પિચવાઈ પેઈન્ટિંગ પરંપરાગત ભારતીય કાપડ કલાનું એક પ્રખ્યાત સ્વરૂપ છે



મનિલા,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફિલિપાઈન્સની મુલાકાત દરમિયાન ક્વાડ ભાગીદાર દેશોના નેતાઓને ઉત્કૃષ્ટ ભારતીય કલાકૃતિઓ અને પરંપરાગત હસ્તકલા ભેટમાં આપી હતી, જે ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને સદીઓ જૂની કલાત્મક પરંપરાઓનું પ્રદર્શન કરે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફિલિપાઈન્સની બે દિવસની યાત્રા પર હતા, જે દરમિયાન તેમણે ૨૩મી આસિયાન-ભારત સમિટ, ૨૧મી પૂર્વ એશિયા સમિટ અને ક્વાડ નેતાઓની બેઠકમાં ભાગ લીધો હતો. તેમણે મનીલામાં ઐતિહાસિક ગુરુદ્વારા ખાલસા દિવાનની પણ મુલાકાત લીધી હતી અને તેના પુનર્વિકાસના પ્રારંભ સમારોહમાં ભાગ લીધો હતો.

ભેટોમાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ભેટ આપવામાં આવેલી ગોલ્ડન પિચવાઈ પેઈન્ટિંગ પણ હતી, જે ભારતની પરંપરાગત કલા અને તેના કુશળ કારીગરોની કારીગરીને ઉજાગર કરે છે.

રાજસ્થાનના નાથદ્વારામાં ઉદ્ભવેલી, ગોલ્ડન પિચવાઈ પેઈન્ટિંગ પરંપરાગત ભારતીય કાપડ કલાનું એક પ્રખ્યાત સ્વરૂપ છે, જે તેની જટિલ વિગતો, જીવંત રંગો અને વિસ્તૃત રચનાઓ માટે જાણીતી છે. કલાકૃતિ ખનિજ રંગદ્રવ્યોનો ઉપયોગ કરીને બારીકાઈથી તૈયાર કરેલા કાપડ પર બનાવવામાં આવી છે, જે નાજુક સોનાની વિગતો દ્વારા પૂરક છે. તેની રચનાઓમાં કમળ, ગાય, વૃક્ષો અને સુશોભન સરહદો જેવા પરંપરાગત રૂપરેખાઓ છે, જે સદીઓ જૂની આ કલા સ્વરૂપનો અભ્યાસ કરતા કારીગરોની અસાધારણ કુશળતા, ધીરજ અને ચોકસાઈને પ્રતિબિંબિત કરે છે.

સોનાનો ઉપયોગ ચિત્રને એક વિશિષ્ટ તેજસ્વી પૂર્ણાહુતિ અને શાહી દેખાવ આપે છે. ભારતની પરંપરાગત કલાત્મક પ્રથાઓમાં મૂળ ધરાવતા, પિચવાઈ ચિત્રોએ પરંપરાગત કારીગર સમુદાયોને સતત માન્યતા અને સમર્થન પૂરું પાડતી વખતે પેઢીઓ સુધી દેશના સાંસ્કૃતિક વારસાને સાચવ્યો છે.

ડીઆરઆઈ દ્વારા દિલ્હીમાં ગેરકાયદેસર ડ્રગ્સ ઉત્પાદન કરતી લેબનો પર્દાફાશ

૧૪૮ કિગ્રા અલ્પ્રાઝોલમ મિડિયેટ અને ૧,૦૪૬ કિગ્રાથી વધુ કાચો માલ તથા રસાયણો સાથે એકની ધરપકડ

નવી દિલ્હી,

ભારતમાં માદક દ્રવ્યો અને સાયકોટ્રોપિક પદાર્થોના ગેરકાયદેસર ઉત્પાદન સામેના એક મોટા દરોડામાં, ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઇન્ટેલિજન્સ (DRI) એ ૧૫–૧૬ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન નવી દિલ્હીના ગાઝીપુર ખાતે અલ્પ્રાઝોલમ બનાવતી ગેરકાયદેસર પ્રયોગશાળાનો પર્દાફાશ કર્યો છે.

ગુપ્ત માહિતીના આધારે હાથ ધરવામાં આવેલા ઓપરેશનમાં, DRI ના અધિકારીઓએ એક એવી જગ્યા પર દરોડો પાડ્યો જે દેખીતી રીતે કમ્પ્યુટરની દુકાનની આડમાં ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવી રહી હતી. આ તપાસમાં પ્રક્રિયા માટે ઉપયોગમાં લેવાતા રિએક્શન એપરેટસ, વોટર ચિલર, વેક્યુમ એક્ઝોસ્ટ મશીન અને અન્ય સાધનોથી સજ્જ સંપૂર્ણપણે કાર્યરત ગેરકાયદેસર પ્રયોગશાળા મળી આવી હતી.

આ ઓપરેશનના પરિણામે ઘન અને પ્રવાહી સ્વરૂપમાં ૧૪૮ કિગ્રા અલ્પ્રાઝોલમ મિડિયેટ, ઉત્પાદન પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાતા અંદાજે ૧,૦૪૬ કિગ્રા કાચા માલ અને રસાયણો તથા ૧૮૮ લિટર વધારાના રસાયણો/પ્રવાહી જપ્ત કરવામાં આવ્યા છે. નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટેન્સિસ (NDPS) એક્ટ, ૧૯૮૫ ની જોગવાઈઓ હેઠળ પ્રયોગશાળાના સાધનો અને સંબંધિત સામગ્રી પણ જપ્ત કરવામાં આવી છે.

ગેરકાયદેસર પ્રયોગશાળા ચલાવનાર વ્યક્તિની NDPS એક્ટ, ૧૯૮૫ ની જોગવાઈઓ હેઠળ ધરપકડ કરવામાં આવી છે.

ટ્રમ્પની હત્યાના ઈરાન-સમર્થિત કાવતરા બદલ પાકિસ્તાની વ્યક્તિને ૨૭ વર્ષની સજા

વોશિંગ્ટન,

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસની એક પ્રેસ રિલીઝ અનુસાર, યુએસ ફેડરલ કોર્ટે પાકિસ્તાની નાગરિક આસિફ મર્ચન્ટને ૩૩૦ મહિના (૨૭ વર્ષ અને છ મહિના)ની જેલની સજા ફટકારી છે. તેના પર ઈરાનના 'ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ' (IRGC) વતી અમેરિકી સરકારી અધિકારીઓ - જેમાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો પણ સમાવેશ થાય છે - તેમની હત્યાનું કાવતરું ઘડવાનો પ્રયાસ કરવાનો આરોપ હતો.

૪૮ વર્ષીય આસિફ મર્ચન્ટને બ્રુકલિનની ફેડરલ કોર્ટમાં યુએસ ડિસ્ટ્રિક્ટ જજ એરિક આર. કોમિટીએ આ સજા સંભળાવી હતી. માર્ચ ૨૦૨૬માં એક જ્યુરીએ તેને આંતરરાષ્ટ્રીય સીમાઓ ઓળંગતા આતંકવાદી કૃત્યનો પ્રયાસ કરવા અને ભાડૂતી હત્યા (murder for hire) કરવાના ગુનામાં દોષિત ઠેરવ્યો હતો. ન્યાય વિભાગે તેને IRGCના એક તાલીમબદ્ધ ઓપરેટિવ (કાર્યકર) તરીકે વર્ણવ્યો છે, જેને તેમણે ઈરાની સરકારના વૈશ્વિક આતંકવાદી દળ તરીકે ઓળખાવ્યું છે.

એટર્ની જનરલ ટોડ બ્લેન્ચે કહ્યું, "રાષ્ટ્રપતિ ટ્રમ્પની હત્યાના પ્રયાસનું સંકલન કરવા માટે અમેરિકા આવેલા એક ઈરાની એજન્ટને તેના ગુનાહિત કૃત્ય બદલ યોગ્ય સજા આપવામાં આવી છે." તેમણે વધુમાં ઉમેર્યું, "ન્યાય વિભાગ આપણા નેતાઓ વિરુદ્ધના વિદેશી આતંકવાદી કાવતરાં સહન કરશે નહીં અને જ્યાં સુધી જવાબદારોને જવાબદાર ઠેરવવામાં ન આવે ત્યાં સુધી અટકશે નહીં.

મરઘાં રોગ નિયંત્રણને મજબૂત કરવા માટે ICAR-NIHSAD દ્વારા સ્વદેશી H5N1 રસી વિકસાવવામાં આવી

શિવરાજ સિંહ ચૌહાણ ભારતની પ્રથમ સ્વદેશી H5N1 (ક્લેડ 2.3.2.1a) ચિકન રસી રાષ્ટ્રને સમર્પિત કરશે



નવી દિલ્હી,

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ તથા ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણ ૨૦ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ ICAR-નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાઈ સિક્યુરિટી એનિમલ ડિસીઝ (ICAR-NIHSAD), ભોપાલ ખાતે મરઘાં માટે ભારતની પ્રથમ સ્વદેશી નિષ્ક્રિય H5N1 (ક્લેડ 2.3.2.1a) હાઈલી પેથોજેનિક એવિયન ઈન્ફ્લુએન્ઝા (HPAI) રસી રાષ્ટ્રને સમર્પિત કરશે. ICAR-NIHSAD, ભોપાલ દ્વારા સ્વદેશી રીતે વિકસાવવામાં આવેલી આ રસી ક્લેડ ૨.૩.૨.૧ક ના H5N1 HPAI વાયરસ સામે ભારતમાં તેના પ્રકારની પ્રથમ રસી છે.

પૃષ્ઠભૂમિ

હાઈલી પેથોજેનિક એવિયન ઈન્ફ્લુએન્ઝા (HPAI), જે સામાન્ય રીતે બર્ડ ફ્લૂ તરીકે ઓળખાય છે, તે મરઘાંને અસર કરતો એક ગંભીર રોગ છે. આ રોગના પ્રકોપથી ચેપગ્રસ્ત પક્ષીઓમાં લગભગ ૧૦૦ ટકા મૃત્યુદર જોવા મળી શકે છે, જેના પરિણામે પક્ષીઓનો મોટા પાયે નાશ કરવા અને વેપાર પરના પ્રતિબંધોને કારણે મરઘાં પાલક ખેડૂતોને મોટું આર્થિક નુકસાન થાય છે. તેની અસર માત્ર મરઘાં ઉછેર કેન્દ્રો પૂરતી મર્યાદિત નથી; તે વૈશ્વિક વેપાર, મરઘાં ઉત્પાદનોની કિંમતો અને ખેડૂતોની આજીવિકાને પણ અસર કરી શકે છે. ૨૦૦૬ માં ભારતમાં આ રોગની પ્રથમ ઓળખ થઈ ત્યારથી, દેશમાં H5N1 અને H5N8 પેટા પ્રકારોના ૫૦૦ થી વધુ સંયુક્ત પ્રકોપ નોંધાયા છે.

બર્ડ ફ્લૂનો મોટો પ્રકોપ ભારતની જીડીપી વૃદ્ધિને ૧.૫ ટકા સુધી ઘટાડી શકે છે, જ્યારે જો આ રોગ નિયંત્રણ વિના ફેલાય તો દેશની ૨૦ ટકાથી વધુ મરઘાં વસ્તી જોખમમાં મુકાઈ શકે છે. ૨૦૦૬ ના બર્ડ ફ્લૂના પ્રકોપને કારણે અંદાજિત રૂ. ૨,૨૦૦–૩,૦૦૦ કરોડનું પ્રત્યક્ષ અને પરોક્ષ નુકસાન થયું હતું. મણિપુરમાં થયેલા એક પ્રકોપને કારણે પણ રાજ્યની જીડીપીના ૦.૫ ટકા જેટલું નુકસાન થયું હતું.

સાયબેરિયામાં રશિયન લશ્કરી પરિવહન વિમાન ક્રેશ થતા ૧૯ લોકોના મોત

સાયબેરિયા,

પશ્ચિમ સાઇબિરીયામાં રશિયન લશ્કરી પરિવહન વિમાન ક્રેશ થયા બાદ તેમાં સવાર તમામ ૧૯ લોકોના મોત થયા હતા. અલ જઝીરાના અહેવાલ મુજબ, પ્રાથમિક તારણો એ તરફ ઈશારો કરે છે કે મોસ્કોથી આશરે ૩,૦૦૦ કિલોમીટર પૂર્વમાં કેમેરોવો શહેર નજીકના એક નિર્જન વિસ્તારમાં આ દુર્ઘટનાનું કારણ સાધનોની નિષ્ફળતા હતી. આ વિમાન, એન્ટોનોવ એન-૧૨ પરિવહન વિમાન, ચાર એન્જિનવાળું ટર્બોપ્રોપ વિમાન છે. તે સામાન્ય રીતે છ લોકોના ક્રૂ સાથે કામ કરે છે, પરંતુ જ્યારે ઘટના બની ત્યારે તેમાં ૧૯ લોકો સવાર હતા.

પ્રાદેશિક ગવર્નર ઈલ્યા સેરેઝુકે યાગુનોવો ગામ નજીક સ્થળની મુલાકાત લીધી હતી. ટેલિગ્રામ પર પોસ્ટ કરાયેલા એક વિડીયોમાં, યાગુનોવો ગામ નજીક ક્રેશ સ્થળ દર્શાવતા, સેરેઝુકે જણાવ્યું હતું કે વિમાન ક્રેશ થયું ત્યારે તે પ્રદેશમાંથી ઉડાન ભરી રહ્યું હતું.

સેરેઝુકના જણાવ્યા મુજબ, કટોકટી ક્રૂએ ટક્કરથી લાગેલી આગને બુઝાવી દીધી છે અને હાલમાં પુનઃપ્રાપ્તિ અને તપાસમાં મદદ કરી રહ્યા છે.

રશિયન સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ઘટનાની આસપાસના સંજોગો સ્થાપિત કરવા માટે રશિયન એરોસ્પેસ ફોર્સિસનું એક કમિશન ક્રેશ સ્થળ પર તૈનાત કરવામાં આવ્યું છે."રશિયન એરોસ્પેસ ફોર્સિસનું એક કમિશન ઘટનાના તમામ સંજોગો સ્થાપિત કરવા માટે સ્થળ પર કામ કરી રહ્યું છે," મંત્રાલયના નિવેદનમાં જણાવાયું છે.દરમિયાન, વાયુસેનાના નિષ્ણાતો ક્રેશના કારણની તપાસ કરી રહ્યા છે.

પાકિસ્તાનને અનેક નાના રાજ્યોમાં વિભાજીત કરાશે તો કરાચીની શેરીઓમાં લોહી વહેશે

પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના અધ્યક્ષ બિલાવલે પાકિસ્તાનના ભાગલા યોજના પર અલ્ટીમેટમ આપ્યું

ઈસ્લામાબાદ,

પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો ઝરદારીએ પાકિસ્તાનને અનેક નાના રાજ્યોમાં વિભાજીત કરવાની યોજનાનો સખત વિરોધ કર્યો છે. બિલાવલ ભુટ્ટોએ કહ્યું કે જો સિંધને બળજબરીથી વિભાજીત કરવામાં આવશે, તો કરાચીની શેરીઓમાં લોહી વહેશે. તેમણે શપથ લીધા કે તેમનો પક્ષ આવી કોઈપણ ગેરબંધારણીય કાર્યવાહી સામે મજબૂત રીતે ઊભો રહેશે. બિલાવલ પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસીન નકવીના તાજેતરના નિવેદનોનો જવાબ આપી રહ્યા હતા.

અસીમ મુનીરના નજીકના સહયોગી મોહસીન નકવીએ પાકિસ્તાનમાં નવા વહીવટી એકમો બનાવવાની માંગણી કરીને એક નવું રાજકીય તોફાન ઉભું કર્યું છે. નકવીએ જણાવ્યું છે કે પાકિસ્તાનની વર્તમાન શાસન વ્યવસ્થા "ભંગાણ" પામી છે અને તેને "ફરીથી સેટ" કરવાની જરૂર છે. એવા અહેવાલો છે કે પાકિસ્તાનને ૧૨ રાજ્યોમાં વિભાજીત કરવાની યોજના છે.

"કોઈને એ વાતનો વાંધો નથી કે વ્યવસ્થા પડી ભાંગી છે, પરંતુ તે શા માટે પડી ભાંગી તે અંગે કોઈ ચર્ચા કે ચર્ચા નથી," બિલાવલે કરાચી પ્રેસ ક્લબમાં એક સંબોધન દરમિયાન કહ્યું. "મારું માનવું છે કે વ્યવસ્થા પોતે જ તૂટી નથી, પરંતુ તેને તોડી પાડવામાં આવી છે." બિલાવલે ઉમેર્યું કે તેમની પાર્ટી, પીપીપી, નવા રાજ્યોની રચના સંબંધિત કોઈપણ ગેરબંધારણીય પગલાનો વિરોધ કરશે.

બિલાવલે કહ્યું કે તેમની પાર્ટીના સાંસદો પર દબાણ કરવામાં આવી રહ્યું છે, પરંતુ તેઓ હટશે નહીં. પીપીપી અધ્યક્ષે માંગ કરી હતી કે શાહબાઝ શરીફ સરકાર શાસન વ્યવસ્થાના પુનઃનિર્માણ અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરે. બિલાવલે કહ્યું કે સંસદની બહારથી સૂચનો આવી રહ્યા છે. આજ સુધી, ન તો વડા પ્રધાન, ન તો કોઈ મંત્રી, ન તો કોઈ પ્રાંતના કોઈ સભ્યએ પાકિસ્તાનના રાષ્ટ્રપતિ કે મારી સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે."કરાચીમાં લોહી વહેશે" બિલાવલે ચેતવણી આપી, "આપણે કરાચીની શેરીઓમાં કચરા વિશે વાત કરીએ છીએ, પરંતુ જો સિંધનું વિભાજન થાય છે, તો આપણે તેની શેરીઓમાં લોહી વહેતું જોશું." તેમણે યાદ અપાવ્યું કે સિંધ એસેમ્બલીએ પ્રાંતના વિભાજન સામે અનેક ઠરાવો પસાર કર્યા છે. આ મુદ્દા પર વધુ ચર્ચા સિંધના લોકોના મોઢા પર થપ્પડ મારવા જેવી છે.

આ જ કાર્યક્રમમાં, ઇમરાન ખાનની પાર્ટી, પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફ (પીટીઆઈ) અંગે એક મોટું નિવેદન આપવામાં આવ્યું. બિલાવલ ભુટ્ટોએ પીટીઆઈને રાજકીય બળ ગણાવ્યું અને કહ્યું કે દેશ તેના સમર્થન વિના ચાલી શકે નહીં. બિલાવલ ભુટ્ટોનું આ નિવેદન પાકિસ્તાનમાં નવી રાજકીય ઉથલપાથલનો સંકેત આપે છે. શાહબાઝ શરીફના નેતૃત્વ હેઠળની સંઘીય સરકારે ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં પીટીઆઈ સરકારને બરતરફ કરી દીધી છે.

ભારતમાં છેલ્લા ૧૭ વર્ષમાં ૧૭૬૫ હાથીઓના અકુદરતી મોત : ઓડિશામાં સૌથી વધુ ૩૭૧ મોત

વીજ શોક લાગવાથી ૧,૧૮૫, ટ્રેન અકસ્માતોને કારણે ૨૭૭ હાથીઓના મૃત્યુ થયા

નવીદિલ્હી,

માહિતી અધિકાર હેઠળ હાથીઓ અંગે ચિંતાજનક માહિતી બહાર આવી છે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, છેલ્લા ૧૭ વર્ષોમાં દેશમાં અકુદરતી કારણોસર ૧,૭૬૫ હાથીઓના મૃત્યુ થયા છે. વીજળીનો કરંટ મુખ્ય કારણ છે, ત્યારબાદ ટ્રેન અકસ્માતો, શિકાર અને ઝેરનો ક્રમ આવે છે.

૨૦૦૯ થી ૨૦૨૬ દરમિયાન ૧,૧૮૫ હાથીઓના મૃત્યુ સાથે વીજળીનો કરંટ સૌથી વધુ છે. વીજળીનો કરંટ એકલા હાથીના મૃત્યુ માટે જવાબદાર હતો, જે કુલ મૃત્યુના ૬૭% થી વધુ છે. આ સંખ્યા શિકાર દ્વારા માર્યા ગયેલા હાથીઓની સંખ્યા (૨૨૨) કરતા પાંચ ગણી વધારે છે. આ સમયગાળા દરમિયાન, ટ્રેન અકસ્માતોને કારણે ૨૭૭ હાથીઓના મૃત્યુ થયા હતા, જ્યારે ઝેરને કારણે ૮૧ લોકોના



મૃત્યુ થયા હતા.

ઓડિશામાં હાથીના મૃત્યુની સૌથી વધુ સંખ્યા (૩૭૧) થઈ છે, ત્યારબાદ આસામ (૩૫૬) અને કર્ણાટક (૨૨૩) છે. કારણોના આધારે, વીજળી પડવાથી સૌથી વધુ મૃત્યુ ઓડિશામાં (૨૩૮) થયા, ત્યારબાદ કર્ણાટક (૧૯૫) અને આસામ (૧૯૧). આસામમાં પણ ટ્રેન અકસ્માતોમાં સૌથી વધુ મૃત્યુ (૯૦) નોંધાયા, ત્યારબાદ પશ્ચિમ બંગાળ (૬૮) અને ઓડિશા (૪૫).

વીજ કરંટથી થતા મૃત્યુ અકસ્માત નથી. તે ઘોર બેદરકારી છે. જેમ કે હાથી કોરિડોરમાં ગેરકાયદેસર ઈલેક્ટ્રિક વાડ, લટકતા વાયર અને અનઈન્સ્યુલેટેડ પાવર લાઈન. આ બંધ થવું જોઈએ અને તેમની સામે કાર્યવાહી કરવી જોઈએ.આરટીઆઈ દાખલ કરનારા નોઈડા પર્યાવરણવિદ અમિત ગુપ્તાના જણાવ્યા અનુસાર, મંત્રાલયે તેના જવાબમાં આ અંગે કોઈ ટિપ્પણી કરી નથી, પરંતુ એક અધિકારીએ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને જણાવ્યું હતું કે વીજળી પડવાથી થતા મૃત્યુ આકસ્મિક અથવા ઈરાદાપૂર્વક હોઈ શકે છે.

તેમણે સમજાવ્યું કે હાથીઓ ઘણીવાર પાકને નુકસાન પહોંચાડે છે, તેથી ખેડૂતો જંગલી પ્રાણીઓ અને જંગલી ડુક્કરને દૂર રાખવા માટે ગેરકાયદેસર રીતે ઈલેક્ટ્રિક વાયર નાખે છે, જેના કારણે હાથીઓના મૃત્યુ થાય છે.

ઉમેદવારોનો નિર્ણય બેઠકોની સંખ્યાના આધારે નહીં, જીતની સંભાવનાના આધારે લેવામાં આવશે

અખિલેશ યાદવના સાંસદે ગઠબંધન ફોર્મ્યુલા જાહેર કરી

નવીદિલ્હી,

આગામી ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ પાર્ટી વચ્ચે બેઠકોની વહેંચણી અંગે ચર્ચાઓ તેજ થઈ ગઈ છે. દરમિયાન, સપા સાંસદ રાજીવ રાયે સ્પષ્ટતા કરી છે કે ગઠબંધન બેઠકોની સંખ્યા કરતાં જીતની તકોને પ્રાથમિકતા આપશે. કોંગ્રેસ બે આંકડાની બેઠકો જીતશે કે ત્રણ આંકડાની બેઠકો જીતશે તેવી અટકળો વચ્ચે, તેમણે જણાવ્યું હતું કે બંને પક્ષો શક્ય તેટલી વધુ બેઠકો જીતવાનું લક્ષ્ય રાખે છે. તેમણે સમજાવ્યું કે ચોક્કસ વિધાનસભા મતવિસ્તારમાં સૌથી મજબૂત સ્થિતિ ધરાવતી પાર્ટીને ઉમેદવારો ઉતારવાની તક આપવામાં આવશે.

રાજીવ રાયે કહ્યું હતું કે પાર્ટી પ્રમુખે બેઠકોની વહેંચણી માટે સ્પષ્ટ ફોર્મ્યુલા અપનાવી છે. કોંગ્રેસનું ટોચનું નેતૃત્વ પણ આ સાથે સંમત છે. તેમણે કહ્યું હતું કે, "બે આંકડાની ચોક્કસ સંખ્યાની ચર્ચા થાય કે ત્રણ આંકડાની, વાસ્તવિક મુદ્દો સંખ્યાનો નથી, પણ જીતનો છે."રાયે વધુમાં જણાવ્યું હતું કે ચૂંટણી જીતવી બંને પક્ષો માટે સૌથી મહત્વપૂર્ણ છે. ગઠબંધનમાં સામેલ કોઈપણ પક્ષે બેઠકોની સંખ્યાને પ્રતિષ્ઠાનો વિષય ન બનાવવી જોઈએ.

સપા સાંસદે પક્ષના કાર્યકરો અને સ્થાનિક પ્રતિનિધિત્વની ચિંતાઓને પણ સંબોધિત કરી. તેમણે કહ્યું કે ચૂંટણી જીતવી એ બંને પક્ષો માટે સન્માનની અંતિમ ગેરંટી હશે. રાજીવ રાયના મતે, જો ગઠબંધન ચૂંટણી જીતે છે, તો ઉત્તર પ્રદેશનું સન્માન સુરક્ષિત રહેશે. બંધારણ અને લોકશાહી જાળવી રાખવામાં આવશે, અને બંને પક્ષોની પ્રતિષ્ઠા જળવાઈ રહેશે. તેમણે કહ્યું,

રાયે અગાઉ જણાવ્યું હતું કે બેઠક વહેંચણી ફોર્મ્યુલાને અંતિમ સ્વરૂપ આપવા માટે સપા અને કોંગ્રેસ પોતાની સમિતિઓ બનાવશે. આ સમિતિઓ વચ્ચે ૨૩ થી ૨૫ નવેમ્બર દરમિયાન બેઠક યોજાવાની છે. આ બેઠકોમાં, બંને પક્ષોના નેતાઓ બેઠક વહેંચણી અને ચૂંટણી વ્યૂહરચના અંગે ચર્ચા કરશે.

ફિલિપાઈન્સની ભારત પાસેથી 'આકાશ' અને 'પિનાકા' રોકેટ ખરીદવાની તૈયારી

મનીલા,

ફિલિપાઈન્સના સંરક્ષણ પ્રધાન ગિલ્બર્ટો સી. ટીઓડોરો જુનિયરે આ મહિને કહ્યું હતું કે તેમનો દેશ ભારત સાથે માત્ર બ્રહ્મોસ મિસાઈલ માટે જ નહીં, પરંતુ હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ અને અન્ય ઘણા શસ્ત્રો માટે પણ કરાર કરવા માંગે છે. હવે, તેમની સંરક્ષણ ભાગીદારીને વિસ્તૃત કરવા માટે ઝડપી ગતિએ વાતચીત ચાલી રહી છે. ફિલિપાઈન્સ ભારત સાથે વધુ બ્રહ્મોસ મિસાઈલો, તેમજ આકાશ વાયુ સંરક્ષણ પ્રણાલી, પિનાકા મલ્ટી-બેરલ રોકેટ લોન્ચર, હેલિકોપ્ટર અને અવકાશ સહયોગ ખરીદવા માટે વાટાઘાટો કરી રહ્યું છે.ફિલિપાઈન્સ ભારત પાસેથી બ્રહ્મોસ સુપરસોનિક મિસાઈલોની ઓછામાં ઓછી છ વધુ બેટરી ખરીદવાનું વિચારી રહ્યું છે. ફર્સ્ટપોસ્ટના અહેવાલ મુજબ, આમાંના ઘણા પ્રસ્તાવો પર વાટાઘાટો આગળના તબક્કામાં પહોંચી ગઈ છે. સંરક્ષણ પ્રધાન ગિલ્બર્ટો સી. ટીઓડોરો જુનિયરે જણાવ્યું હતું કે ભારત એક સમાન વિચારધારા ધરાવતો દેશ છે અને બંને દેશો ચીન સામે સમાન વિચારો ધરાવે છે. ફિલિપાઈન્સને ભારતીય શસ્ત્રો ખરીદવામાં કેટલીક નાણાકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જોકે ભારત શસ્ત્રોના સોદા માટે ક્રેડિટ લાઈન ઓફર કરે છે, ફિલિપાઈન્સના સૂત્રોએ જણાવ્યું છે કે ફિલિપાઈન્સના બંધારણમાં અમુક પ્રતિબંધો આ સુવિધાનો ઉપયોગ કરવાનું મુશ્કેલ બનાવે છે. તેથી, અન્ય ચુકવણી પદ્ધતિઓ પર વિચારણા કરવામાં આવી રહી છે.

રિપોર્ટ મુજબ, ફિલિપાઈન્સે પાકિસ્તાન સામે બ્રહ્મોસ મિસાઈલોના પ્રદર્શનને ધ્યાનમાં રાખીને વધુ બ્રહ્મોસ મિસાઈલો માટે માહિતી માટે વિનંતી જારી કરી હતી.

ભારત કે અન્ય કોઈ દેશ શેખ હસીનાના પરત ફરવા અંગે બાંગ્લાદેશ પર શરતો લાદી શકે નહીં

બાંગ્લાદેશના વડા પ્રધાન તારિક રહેમાનના સલાહકારે પોતાનું વલણ વ્યક્ત કર્યું

ઢાકા,

બાંગ્લાદેશના વડા પ્રધાન તારિક રહેમાનના માહિતી સલાહકાર ઝાહીદ ઉર રહેમાને મંગળવારે કહ્યું હતું કે "ભારત કે અન્ય કોઈ દેશ શેખ હસીનાના પરત ફરવા અંગે બાંગ્લાદેશ પર શરતો લાદી શકે નહીં." ઝાહીદનું આ નિવેદન મીડિયા અહેવાલો વચ્ચે આવ્યું છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતે શેખ હસીનાના બાંગ્લાદેશ પરત ફરવા અંગે ઢાકા પર બે શરતો મૂકી છે. આ જ મુદ્દા પર બાંગ્લાદેશ સચિવાલયમાં એક પ્રેસ કોન્ફરન્સમાં બોલતા ઝાહીદે કહ્યું, "બાંગ્લાદેશ કોઈપણ ગેરવાજબી શરતો સ્વીકારશે નહીં."

ઝાહેદ ઉર રહેમાને બાંગ્લાદેશને એક સ્વતંત્ર અને સાર્વભૌમ રાષ્ટ્ર ગણાવતા કહ્યું કે બાંગ્લાદેશનું વલણ કાયદેસર રીતે મજબૂત છે અને તે તેના નિર્ણયો પર શરતો લાદવાના કોઈપણ પ્રયાસને નકારી કાઢશે. જોકે, તેમણે એમ પણ કહ્યું કે તેઓ માનતા નથી કે ભારતે શેખ હસીનાના બાંગ્લાદેશ પરત ફરવા માટે કોઈ શરતો મૂકી છે અને ભારત કદાચ આમ નહીં કરે.

ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે શેખ હસીનાનું પ્રત્યાર્પણ એક કાનૂની મામલો છે અને તે મુજબ તેનો ઉકેલ લાવવામાં આવશે. તેમણે બાંગ્લાદેશ સાથે સકારાત્મક, રચનાત્મક સંબંધો બનાવવાની પણ વાત કરી હતી. એ નોંધવું જોઈએ કે ઓગસ્ટ ૨૦૧૪ માં, જ્યારે એક કથિત વિદ્યાર્થી વિરોધ પ્રધાનમંત્રીના નિવાસસ્થાને પહોંચ્યો ત્યારે શેખ હસીનાને ઢાકાથી ભાગી જવું પડ્યું હતું. આ હિંસક બળવામાં સેંકડો લોકો માર્યા ગયા હતા, અને બાંગ્લાદેશના આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલએ શેખ હસીનાને સીધા જવાબદાર ઠેરવ્યા છે.

આઈસીટીએ શેખ હસીના પર તેમની ગેરહાજરીમાં કેસ ચલાવ્યો અને તેમને મૃત્યુદંડની સજા ફટકારી. શેખ હસીનાએ આઈસીટીના નિર્ણયને રાજકીય ગણાવીને નકારી કાઢ્યો છે. શેખ હસીનાએ ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરવાની જાહેરાત કરી હતી, અને તેમના પરત ફરતા પહેલા, બાંગ્લાદેશના ઘણા ભાગોમાં ફરી એકવાર હિંસા ફાટી નીકળી છે. તેમના આવામી લીગના કાર્યકરો હવે રસ્તાઓ પર ઉતરી આવ્યા છે અને ઘણી જગ્યાએ બીએનપી કાર્યકરો સાથે અથડાયા છે.

અડતાળાના ઉપસરપંચ જીતુ વાળાની ગુંડાગીરી

પાણીની રજૂઆત કરવા ગયેલા ગ્રામજનોને રિવોલ્વર બતાવી ધોકાથી માર્યા, પાંચ સામે નોંધાઈ ફરિયાદ

અમરેલી:

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના અડતાળા ગામમાં પાણીની સમસ્યાની રજૂઆત કરવા ગયેલા ગ્રામજનો સાથે મારામારી થયાની ઘટના સામે આવી છે. ગામના ઉપસરપંચ અને કોંગ્રેસના સ્થાનિક અગ્રણી જીતુ વાળાનો એક હાથમાં રિવોલ્વર અને બીજા હાથમાં ધોકો લઈને મારામારી કરતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. ઘટનાને પગલે મોટી સંખ્યામાં ગ્રામજનો લાઠી પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને ઉગ્ર રજૂઆત કરી હતી. પોલીસે આ મામલે જીતુ વાળા સહિત ૫ સામે ગુનો નોંધ્યો છે.



ગ્રામજનોના જણાવ્યા મુજબ, તેઓ પોતાના પ્લોટમાં પાણી ન આવતું હોવાની ફરિયાદ લઈને ગામના ઉપસરપંચ જીતુ વાળા પાસે રજૂઆત કરવા ગયા હતા. આ દરમિયાન બોલાચાલી થતાં મામલો ઉગ્ર બન્યો હોવાનો આક્ષેપ છે. ગ્રામજનોનો આરોપ છે કે જીતુ વાળા ગાળો આપ્યા બાદ નીચે આવી ધોકો અને રિવોલ્વર લઈને તેમની સાથે મારામારી કરવા લાગ્યા હતા.

લાઠી પોલસી સ્ટેશનમાં આ પાંચ લોકો સામે નોંધાઈ ફરિયાદ:જીતુ ભાયાભાઈ વાળા,દિલીપ ભાયાભાઈ વાળા,નીલેષ ભીખુભાઈ વાળા,રઘુ અનકભાઈ વાળા,મહેશ ભીખુભાઈ વાળા.

ગ્રામજન અંકિત સાવકીયાના જણાવ્યા મુજબ, પાણીની ફરિયાદ કરવા જતાં તેમને ગાળો આપવામાં આવી હતી. ગાળો ન આપવા કહેતાં જીતુ વાળા રિવોલ્વર અને દંડો લઈને આવ્યા હતા અને માર માર્યો હતો. તેમણે પાદરમાં આવવા પર જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ આક્ષેપ કર્યો છે. આ ઘટનાનો વીડિયો વાયરલ થતાં જાહેરમાં રિવોલ્વર બતાવવાના મુદ્દે ભારે ચર્ચા ઊભી થઈ છે.

અન્ય ગ્રામજન મહેન્દ્રભાઈ સાવકીયાએ આક્ષેપ કર્યો હતો કે ગામના પંચાયતના બોરનું પાણી વાડી તરફ લઈ જવામાં આવે છે. તેમણે જણાવ્યું કે પાણીની રજૂઆત કરવા ગયેલા યુવકો સાથે ડંડા અને રિવોલ્વર લઈને મારામારી કરવામાં આવી હતી. સાથે જ તેમણે તંત્ર સામે પણ સવાલો ઉઠાવી આ મામલે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

ઘટનાને પગલે મોટી સંખ્યામાં ગ્રામજનો લાઠી પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને ઉગ્ર રજૂઆત કરી હતી. આ મામલે ઈન્ચાર્જ એસપી જયવીર ગઢવીએ જણાવ્યું હતું કે અડતાળા ગામના વીડિયો વાયરલ થયા છે. પાણીના મુદ્દે ઘટના બની હોવાનું સામે આવ્યું છે.

લાઠી પોલીસ સ્ટેશનમાં જીતુ વાળા સહિત ૫ સામે BNS કલમ ૧૦૯(૧), ૧૮૯(૨), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૧૨૫(a) અને ૩(૫) તેમજ આર્મ્સ એક્ટની કલમ ૨૫(1-b)(a) અને G.P. Act. કલમ૧૩૫હેઠળ ગુનો નોંધાયો છે.

કોર્ટ મેરેજની અદાવતમાં ૫ શખ્સો કારમાં ધસી આવ્યા

ઘરમાં ઘૂસી યુવતીનું અપહરણ પણ યુવતી બદલાઈ ગઈ હોવાની જાણ થતા કારમાંથી નીચે ઉતારીને નાસી છૂટ્યા

અમરેલી:

બગસરાના નટવરનગર વિસ્તારમાં કોર્ટ મેરેજની અદાવત રાખીને યુવતીનું અપહરણ કરવાનો પ્રયાસ થયાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પાંચ શખ્સો કાર લઈને યુવતીના ઘરે ધસી આવ્યા હતા અને ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી યુવતીને બળજબરીપૂર્વક ઉઠાવી જવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, યુવતીની બૂમાબૂમ અને આસપાસના લોકો એકત્ર થતાં શખ્સો તેને કારમાંથી નીચે ઉતારી નાસી છૂટ્યા હતા.



આ અંગે પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ,એક યુવતીના ભાઈએ આશરે બે મહિના અગાઉ મીઠાપુર ગામના કરશનભાઈ ભોપાભાઈ લામકાની પુત્રી સાથે પરિવારની સંમતિ વિના કોર્ટ મેરેજ કર્યા હતા.

આ બાબતનો ખાર રાખીને પાંચ શખ્સોએ ગઈ કાલે સાંજે સાડા ચાર વાગ્યાના અરસામાં કાળા કલરની કારમાં લાલજી, ગોપાલ, અને અજાણ્યા ત્રણ મળી કુલ પાંચ શખ્સો મહિલાના ઘરની દિવાલ કૂદીને અંદર ધસી આવ્યા હતા.આ સમયે યુવતીએ રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દેતા દરવાજાને લાતો મારી ખોલવાનો પ્રયાસ કર્યો હતો અને પતાવી દેવાની ધમકી આપી હતી. બાદમાં દરવાજાનો નકુચો તોડી રૂમમાં ઘૂસી મારી નાખવાની ધમકી આપી યુવતીના બંને હાથ અને વાળ પકડી તેને બળજબરીપૂર્વક બહાર ખેંચી લાવી કારમાં ધકેલી દીધી હતી.જોકે, યુવતીએ બૂમાબૂમ કરતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા. આ દરમિયાન કારમાં સવાર ગોપાલ લામકા નામના શખ્સને અન્ય યુવતી હોવાનું ધ્યાનમાં આવતાં તેને કારમાંથી નીચે ધક્કો મારી ઉતારી દઈ પાંચેય લોકો ત્યાંથી ફરાર થઈ ગયા હતા.યુવતીની ફરિયાદના આધારે ગીરગઢડાના લાલજી ગમારા, જાફરાબાદના મીઠાપુરના ગોપાલ કાબાભાઈ લામકા સહિત ત્રણ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો નોંધ્યો છે.

આકાશમાંથી પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવ પર પુષ્પવર્ષા

ગીર સોમનાથ:

બાર જ્યોર્તિલિંગમાં પ્રથમ જ્યોર્તિલિંગ તરીકે પૂજાતા સોમનાથ મહાદેવના પવિત્ર સાનિધ્યમાં આજે સવારના સમયે એક અનોખો અને આકર્ષક નજારો જોવા મળ્યો હતો. ભારતીય સેનાના સાહસિક હવાઈ અભિયાન 'વિંગ્સ ઓફ વેલોર એન્ડ યુનિટી એક્સપેડિશન' અંતર્ગત વિવિધ એરક્રાફ્ટ દ્વારા સોમનાથ મંદિર ઉપરથી ફ્લાયપાસ્ટ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન આકાશ માંથી પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવ પર પુષ્પવર્ષા કરી ભાવવંદના અર્પણ કરવામાં આવી હતી. આ પુષ્પવર્ષા સવારના સમયે મંદિર પરિસરમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી.પ્રભાસપાટણમાં આવેલા



સોમનાથ મહાદેવનું મંદિર માત્ર ધાર્મિક આસ્થાનું કેન્દ્ર જ નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિ, અડગ શ્રદ્ધા અને રાષ્ટ્રીય ગૌરવનું પણ પ્રતીક છે. આવા પવિત્ર અને ઐતિહાસિક સ્થળ પર ભારતીય સેનાના હવાઈ અભિયાન દ્વારા કરવામાં આવેલી પુષ્પવર્ષાએ સમગ્ર વાતાવરણને વિશેષ બનાવ્યું હતું. ભારતીય સેનાની 'માઉન્ટેન ઈગલ્સ' ટીમ દ્વારા તા. ૧૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ મધ્યપ્રદેશના મહુ ખાતેથી આશરે ૩,૨૦૦ કિલોમીટરની સફર ખેડવાના ઉદ્દેશ સાથે આ સાહસિક અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. 'વિંગ્સ ઓફ વેલોર એન્ડ યુનિટી એક્સપેડિશન' નામના આ અભિયાનમાં ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશનાં અનેક સાંસ્કૃતિક, ઐતિહાસિક અને રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતાં સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે.અભિયાનના નિર્ધારિત રૂટ મુજબ ટીમ અમરેલીથી દીવ, ત્યારબાદ ઐતિહાસિક સોમનાથ મંદિર અને કેશોદ થઈ જામનગર પહોંચશે.

'કોળી સમાજનો મુખ્યમંત્રી હોવો જોઈએ' મુદ્દામાં બાવળિયાની એન્ટ્રી

પબુભા, પરસોત્તમ અને હીરા સોલંકીના નિવેદન બાદ કહ્યું- 'મુખ્યમંત્રી-મંત્રીનો નિર્ણય સમાજનો નહીં હાઈકમાન્ડનો હોય'

અમરેલી:

દ્વારકાના ભાજપના ધારાસભ્ય પબુભા માણેકે કોળી સમાજનો મુખ્યમંત્રી હોવાની વાત કરતા જ ગુજરાતના રાજકારણમાં વગર ચૂંટણીએ ગરમાવો આવી ગયો છે. કોળી સમાજના દિગ્ગજ નેતા પરસોત્તમ સોલંકીએ પબુબાના નિવેદનને સમર્થન આપ્યું તો નાના ભાઈ હીરા સોલંકીએ કહ્યું-ભાઈએ જે કહ્યું તે બરાબર છે. સમાજને હજી મોટું મળવું જોઈએ. તેની વચ્ચે હવે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાની એન્ટ્રી થઈ છે. રાજકોટમાં તળપદા કોળઈ સમાજના સ્નેહમિલન કાર્યક્રમમાં કુંવરજી બાવળિયાએ કહ્યું કે, મુખ્યમંત્રી અને મંત્રીનો નિર્ણય કોઈ સમાજનો નહીં પણ હાઈકમાન્ડનો હોય છે.

ગુજરાત રાજ્યમાં કોળી સમાજના મુખ્યમંત્રી હોવા જોઈએ તેવા ભાજપના સિનિયર ધારાસભ્ય પબુભા માણેકના નિવેદન બાદ રાજકીય વિવાદ સામે આવ્યો છે ત્યારે રાજ્યના કેબિનેટ મંત્રી અને કોળી સમાજના આગેવાન કુંવરજી બાવળીયા રાજકોટમાં તળપદા કોળી સમાજના સ્નેહમિલન કાર્યક્રમમાં પહોંચ્યા હતા.



જ્યારે વર્ષ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં કોળી સમાજને સ્થાન બાબતે પૂછવામા આવતા તેમણે જણાવ્યું હતું કે, અમારો સમાજ મોટો છે પરંતુ સૌ સમાજના લોકોને સાથે રાખીને હાઈ કમાન્ડમાંથી નિર્ણયો થતા હોય છે. કોઈ એક વ્યક્તિ કે સમાજ તેનો નિર્ણય કરી શકે નહીં.આજે અમે માત્ર સ્નેહમિલનના ભાગરૂપે મળ્યા છીએ.

રાજુલાના ધારાસભ્ય હિરા સોલંકીએ જણાવ્યું કે, રાજ્યપાલ અહીં આવ્યા છે જેથી હું બે દિવસથી એમની સાથે છું, એટલે મને નથી ખબર કોણે શું વાત કરી છે. પણ હું સ્પષ્ટતા કરી દઉં કે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આ દેશનું ઉચ્ચ સ્થાન પણ એકવાર કોળી સમાજને મળ્યું છે. મહામહિમ રાષ્ટ્રપતિ પણ રામનાથ કોવિંદજીને બનાવ્યા હતા. મુખ્યમંત્રી કોને બનાવવા એ પાર્ટીનું મોવડીમંડળ નક્કી કરતું હોય છે. સમય-સમયાંતરે દરેક સમાજને ધ્યાન ઉપર રાખી અને જેને જે વ્યવસ્થા પર બેસાડવાના થતા હોય ત્યારે પાર્ટી બેસાડે છે, એમાં કોઈ શંકાનું સ્થાન નથી.

મુખ્યમંત્રી કોળી સમાજના હોવા જોઈએના પરસોત્તમ સોલંકીના નિવેદન મામલે જણાવ્યું કે, ભાઈએ જે કાંઈ વાત કરી છે તે બરાબર છે, બધાના વિચારો અલગ-અલગ હોય છે. ભાઈએ વાત કરી તેમ હજુ મોટું સ્થાન મળવું જોઈએ. આ દરેક સમાજની લાગણી હોય અને થવું જોઈએ પણ મુખ્યમંત્રીની જે વાત છે એ તો મોવડીમંડળ નક્કી કરે અને એના પ્રમાણે જ ચાલતું હોય છે.

કપાસમાં ૪૦૦ તો ધાણા-જીરું અને મરચાના જથ્થાબંધ ભાવમાં ૧૨૦૦ થી ૧૫૦૦ નો વધારો

ખાદ્ય ચીજોના ભાવ આસમાને ,અનિયમિત વરસાદને કારણે કૃષિ ઉત્પાદનમાં આંશિક ઘટાડો પરંતુ છૂટક બજારમાં ભાવ અનેકગણા વધ્યા

અમરેલી:

રાજ્યમાં અનિયમિત અને અસમતોલ ચોમાસાને પગલે દક્ષિણ ગુજરાતમાં વધુ વરસાદ અને સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાતમાં ઓછો વરસાદ પડતા કેટલાક કૃષિ ઉત્પાદનમાં આંશિક ઘટાડો નોંધાયો છે. જોકે, ઉત્પાદનમાં જેટલો ઘટાડો થયો છે તેના કરતાં છૂટક બજારમાં ખાદ્યચીજોના ભાવ અનેકગણા વધારી દેવાયા છે. માર્કેટ યાર્ડમાં વેપારીઓ દ્વારા થતી જથ્થાબંધ ખરીદીના ગત વર્ષના ૧૮ નવેમ્બર ૨૦૨૫ અને આજના ૧૮ નવેમ્બર ૨૦૨૬ના ભાવની સરખામણી કરવામાં આવે તો એક જ વર્ષમાં મગફળી અને કપાસમાં પ્રતિ મણ રૂ. ૪૦૦નો તથા ધાણા, જીરુ અને સૂકા મરચાના ભાવમાં રૂ.



૧૨૦૦થી ૧૫૦૦ જેટલો તોતિંગ વધારો થયો છે.નકશા જુઓ

મગફળીનો ટેકાનો ભાવ પ્રતિ મણ રૂ. ૧૫૦૩ છે, જેની સામે બજારમાં ખેડૂતોને રૂ. ૧૬૦૦થી ૧૮૦૦ સુધીના ભાવ મળી રહ્યા છે. એક વર્ષમાં મગફળીના બજારભાવમાં રૂ. ૪૦૦ વધ્યા છે, પરંતુ તેલલોબી પ્રતિ સરકારના આંખ મિચામણાના પગલે મગફળીમાંથી બનતા સિંગતેલના ભાવમાં રૂ. ૬૦૦નો વધારો ઝીંકી દેવાયો છે. નવાઈની વાત એ છે કે મગફળીનું સરેરાશ ઉત્પાદન જળવાયું છે અને ગત વર્ષે વિક્રમી ઉત્પાદન થયું હોવા છતાં ભાવ સતત વધી રહ્યા છે.

અનાજની સાથે કઠોળ પણ મોંઘાદાટ બન્યા છે. પ્રતિ ૨૦ કિલોએ મગના ભાવમાં રૂ. ૨૪૫, ચણામાં રૂ. ૪૩૫ અને અડદમાં રૂ. ૫૨૦નો વધારો થયો છે. શિયાળામાં જેની ચીકી વ્યાપકપણે ખવાય છે તે તલના ભાવ પ્રતિ મણ રૂ. ૧૩૦૦ જેટલા વધ્યા છે. આ ઉપરાંત બટાટા સિવાયના અન્ય શાકભાજીમાં પણ અસહ્ય ભાવવધારો થયો છે, જેમાં લીંબુના ભાવ ગત વર્ષે પ્રતિ મણ રૂ. ૨૮૦થી ૬૪૦ હતા તે આ વર્ષે વધીને રૂ. ૮૨૫થી ૧૫૯૦ એટલે કે અંદાજે રૂ. ૯૦૦ જેટલા વધી ગયા છે

માર્કેટ યાર્ડના ઉપરોક્ત ભાવ વેપારીઓની જથ્થાબંધ ખરીદીના છે. સામાન્ય લોકો જ્યારે કરિયાણાની દુકાનેથી ખરીદી કરે છે ત્યારે આ જણસી પર પેકિંગ, સૉર્ટિંગ ખર્ચ ઉપરાંત નફો અને કમિશન વગેરે ઉમેરાતા તે બમણાથી પણ વધુ ઊંચા ભાવે લોકોને મળે છે. એકંદરે સરકારી નીતિઓને કારણે રસોડામાં વપરાતી તમામ વસ્તુઓ જેવી કે દૂધ, દહીં, ખાંડ, ગોળ, તેલ, શાક, કઠોળ, અનાજ અને રાંધણગેસ સહિત તમામમાં બેફામ ભાવવધારો થયો છે. જેના કારણે સામાન્ય પરિવાર માટે સુખસુવિધાની વસ્તુઓ તો દૂર રહી, પરંતુ બે ટંક પેટ ભરવા માટે ભોજન પણ મોંઘું કરી દેવાયું છે.

રજૂઆતો ધ્યાને લેવાતી ન હોય ખેડૂતોનો તંત્ર સામે અનોખો વિરોધ

રેલવે તંત્ર નાળાનું કામ કરતું નથી ખેતરોમાં પાણી ભરાતા હોય ખેડૂતોએ સત્યનારાયણની કથા કરી

રાજુલા:

રાજુલા તાલુકાના કડીયાળી ગામ નજીક રેલવેના નાળાનો પ્રશ્ન લાંબા સમયથી ખેડૂતોને સતાવી રહ્યો છે. અહીં તંત્ર દ્વારા નાળાનું કામ પૂર્ણ કરાતું નથી અને તેના કારણે વાડી- ખેતરોમાં પાણી ભરાતા હોય ખેતી કામ અને ત્યા અવરજવર મુશ્કેલ બની હોય આ વિસ્તારના ખેડૂતોએ તંત્રના કાન ઢઢોળવા માટે આજે અનોખો વિરોધ કર્યો હતો અને રેલવેના ટ્રેક પાસે જ જાહેરમાં સત્યનારાયણની કથા યોજી તંત્રની સતબુધ્ધી આવે તેવી પ્રાર્થના કરી છે.રાજુલાથી ત્રણ કિલોમીટર દૂર કડીયાળી નાળા માર્ગે આવેલા રેલવે ફાટક નં. ૧૦ પાસે રેલવેના પાટાને અડીને આવેલા નાળા અને રસ્તાની જગ્યાએ ખેડૂત આગેવાન ઘનશ્યામભાઈ મશરૂની



આગેવાની હેઠળ ખેડૂતો દ્વારા સત્યનારાયણ ભગવાનની કથા અને મહાપૂજાનું આયોજન કરાયું હતું. વિદ્વાન શાસ્ત્રી દ્વારા વિધિવત્ કથાનું વાંચન કરવામાં આવ્યું હતું અને ધાર્મિક વિધિ સાથે મહાપૂજા સંપન્ન થઈ હતી.

આ પ્રસંગે આસપાસના ગામોના ખેડૂતો ટ્રેક્ટરો, ગાડાં અને બળદ સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોએ આ મહાપૂજાના માધ્યમથી રેલવે તંત્ર અને સરકાર સુધી પોતાની સમસ્યાઓનો અવાજ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો.ખાસ કરીને રેલવે ફાટક નં. ૧૦ પાસે મોટા નાળાનું કામ ઝડપથી પૂર્ણ થાય તેવી માંગણી કરવામાં આવી હતી. ચોમાસા દરમિયાન ખેતરોમાં પાણી ભરાઈ ન રહે, રસ્તો બંધ ન થાય, ખેડૂતોને અવરજવરમાં મુશ્કેલી ન પડે અને કૂવાઓમાં પાણી ટકી રહે તે માટે નાળાનું કામ સમયસર પૂર્ણ થવું અત્યંત જરૂરી હોવાનું ખેડૂતોએ જણાવ્યું હતું.આ પૂજાવિધિ સુરેશભાઈ દ્વારા કરાવવામાં આવી હતી. પૂજાનો લાભ બાલુભાઈ બલદાણીયા, બોઘાભાઈ સોલંકી, ભગવાનભાઈ બલદાણીયા, વાલાભાઈ સોલંકી, જીવાભાઈ સોલંકી, જીવાભાઈ કવાડ, હકુભાઈ કવાડ, બાબુભાઈ કાતરીયા, ગુણાભાઈ જિંજાળા સહિત અનેક ખેડૂતોએ લીધો હતો.કડીયાળીમાં જે રીતે રેલવેનું નાળુ ખેડૂતોને પરેશાન કરી રહ્યું છે

૧૦૧૦નો રાંધણગેસનો સિલિન્ડર ડિલિવરી બોય ૧૭૫૦માં વેચતો હતો!

શહેરમાં ગેસ સિલિન્ડરના કાળા બજાર અંગે તપાસનો આદેશ આપતા પુરવઠા અધિકારી

અમરેલી:

અમરેલીમાં બીલખીયા ગેસ એજન્સીનો ડીલેવરી બોય ગ્રામિણ વિસ્તારમાં રાંધણ ગેસમાં સીલીન્ડર કાળા બજારમાં વેચતો હોવાની વિગતો બહાર આવ્યા બાદ આજે જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા આ અંગે તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો.

રાંધણગેસના સીલીન્ડરની કાળા બજારી અંગે દિવ્ય ભાસ્કરના સ્ટીંગ ઓપરેશનમાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. જ્યા લોકોને આપવાના સીલીન્ડર ઉંચા ભાવે બારોબાર વેચી નાખવામાં આવતા હતા.

એક વીડીયો રેકોડ'ગમાં અહીની બિલખીયા ગેસ એજન્સીનો ડીલેવરી બોય ગ્રાહક ન હોય તેવા લોકોને કાળા બજારીમાં રૂપિયા ૧૭૫૦માં સીલીન્ડર આપવાની વાત કરતા નજરે પડતો હતો. એટલું જ નહી આ શખ્સે તેમાંથી ૫૦૦ રૂપિયા પોતાની ઓફિસમાં જમા કરાવવા પડે છે તેની પણ કબુલાત આપી હતી.

દરમિયાન આ અંગે અખબારી અહેવાલો બાદ તંત્ર પણ હરકતમાં આવ્યું હતું. આ અંગે હવે તંત્ર દ્વારા તપાસ થશે શરૂ કરવામાં આવી છે.

બાબરામાં બે વીજ ટ્રાન્સફોર્મરમાંથી કોપર કોઈલો અને ઓઈલની ચોરી

અમરેલી:

બાબરામાં ભાવનગર-રાજકોટ હાઈવે પર અજાણ્યા તસ્કરોએ વીજ વિભાગને નિશાન બનાવી બે વીજ ટ્રાન્સફોર્મરમાંથી કોપરની કોઈલો અને ઓઈલની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. અજાણ્યા શખ્સો દ્વારા એક જ રાત દરમિયાન બે અલગ-અલગ સ્થળે ચોરીને અંજામ આપવામાં આવતા વીજ વિભાગમાં દોડધામ મચી છે.

ગત તા. ૭ નવેમ્બરના રોજ રાત્રિના ૧:૪૫થી ૩ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યા શખ્સે ભાવનગર-રાજકોટ હાઈવે પર વેલનાથ ઢાબા સામે આવેલા વીજ પોલ પરના તેમજ વધાવીયા હનુમાનજી મંદિર સામે આવેલા વીજ પોલ પર લગાવેલા કુલ બે ટ્રાન્સફોર્મરને નિશાન બનાવ્યા હતા.બંને ટ્રાન્સફોર્મરની અંદર રહેલી કોપરની કોઈલો તેમજ ટ્રાન્સફોર્મરનું ઓઈલ કાઢીને ચોરી કરી અજાણ્યા શખ્સ ફરાર થઈ ગયો હતા. આ ચોરીમાં અંદાજે રૂપિયા ૧૬ હજારની કિંમતનો મુદ્દામાલ ચોરાયો હોવાનું જાણવા મળ્યું છે.પીજીવીસીએલની કચેરીમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા જીગરકુમાર વિનુભાઈ પટેલે ફરિયાદ નોંધાવી હતી.

ભાવનગરથી વેરાવળની ટ્રેનમાં પણ વધારાનો કોચ લાગ્યો

ચલાલાથી જૂનાગઢ અને ભાવનગરથી પોરબંદરની ટ્રેનમાં વધારાના કોચ જોડાયા

અમરેલી:

જૂનાગઢ ખાતે ગીરનારની લીલી પરિક્રમાનો આરંભ થવા જઈ રહ્યો છે ત્યારે ભાવનગર મંડળ દ્વારા કુલ ૮ ટ્રેનમાં વધારાના કોચ જોડવાની જાહેરાત કરાઈ છે. જેમાં અમરેલી જિલ્લામાંથી પસાર થતી ત્રણ ટ્રેનોમાં પણ વધારાના કોચ જોડવામાં આવ્યા છે.

ભાવનગર મંડળના વાણીજ્ય પ્રબંધક અતુલકુમાર ત્રીપાઠીએ જણાવ્યું હતું કે વધારાના આ કોચ તારીખ ૧૮ થી ૨૬ નવેમ્બર સુધી લગાવવામાં આવશે. ગીરનારની પરિક્રમાં દરમિયાન મુસાફરોની સંખ્યા વધતી હોય અસ્થાયી રૂપે આ વધારાના કોચ લાગશે.

ચલાલા જૂનાગઢ વચ્ચે મીટરગેજમાં દોડતી ટ્રેનમાં વધારાનો એક કોચ ઉમેરવામાં આવ્યો છે. આ ઉપરાંત ભાવનગરથી વેરાવળ અને ભાવનગરથી પોરબંદર વચ્ચે દોડતી ટ્રેનમાં પણ વધારાનો એક એક કોચ લગાવવામાં આવ્યો છે. રેલવે દ્વારા જૂનાગઢને જોડતી અન્ય ૫ ટ્રેનમાં પણ આવા જનરલ કોચ જોડવામાં આવ્યા છે.

આમ, જૂનાગઢની લીલી પરિક્રમામાં લાખોની જનમેદની ઉમટતી હોય લોકોને કોઈ જાતની અગવડ ન પડે તે માટે રેલવે તંત્ર અને એસટીના સંયુક્ત રીતે વધુ વ્યવસ્થા કરાઈ છે.